# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

ફવાદ અને માહિરાની પાકિસ્તાની સિરીઝ પર ભારતમાં પ્રતિબંધની માગ



પેજ-09

બેન સ્ટોક્સની ધમાકેદાર એન્ટ્રીથી ડરાજીમાં ખળભળાટ




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 16.00 |
| સુરત | 33.00 | 19.00 |


પેજ 5





NVIDIA માં વાપસી સાથે જેન્સન હુઆંગને મોટો ફાયદો

26 NOVEMBER-2026 THURSDAY

બ્રિટિશ કંપનીઓ પર ભાંગફોડના જોખમથી ભારે ખળભળાટ




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 83938.28 | ▲ | 1502.29 |
| નિફ્ટી | 25819.25 | ▲ | 469.60 |
| સોનું | 119664.00 | ▼ | 2665.0 |
| ચાંદી | 140250.00 | ▼ | 5188.0 |


વર્ષ-16 । અંક-012 । વિક્રમ સંવત-2082 । કારતક વદ - 02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### પ્રણવ મુખર્જીની સલાહથી BJPમાં જોડાયો, તેમણે કહ્યું હતું- TMC ફઈ-ભત્રીજાની પાર્ટી, કાયમ કર્મચારી જ રહેશો : CM શુભેન્દુ

# આગળ વધવું હોય તો મોદીનો હાથ પકડી લો!



(એજન્સી) કોલકાતા | તા 25

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી એ મંગળવારે (તા. ૨૪ નવેમ્બર ૨૦૨૬) કોલકાતામાં આયોજિત એક સમિટ દરમિયાન મોટો રાજકીય દાવો કરતા જણાવ્યું હતું કે, પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. પ્રણવ મુખર્જી એ તેમને તૃણમૂલ કોંગ્રેસ (TMC) છોડીને ભારતીય જનતા પાર્ટી (BJP)માં જોડાવાની સલાહ આપી હતી. શુભેન્દુના આ નિવેદન બાદ પશ્ચિમ બંગાળના રાજકારણમાં નવી ચર્ચા શરૂ થઈ છે.

**'TMC ફઈ-ભત્રીજાની પાર્ટી, આગળ વધવું હોય તો મોદીજી સાથે જાઓ'**

શુભેન્દુ અધિકારી પ્રણવ મુખર્જી BJP TMC નિવેદન ૨૦૨૬ સંદર્ભે શુભેન્દુ અધિકારીએ જણાવ્યું કે, પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિ બન્યા બાદ જ્યારે તેઓ રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમને મળવા ગયા હતા, ત્યારે બંને વચ્ચે આ મુદ્દે વાતચીત થઈ હતી.

કથિત સલાહ: શુભેન્દુના દાવા મુજબ, પ્રણવ મુખર્જીએ કહ્યું હતું કે વિચારો કે તમે શું કરવા માંગો છો; TMC ફઈ-ભત્રીજાની પાર્ટી છે, જો કર્મચારી બનીને રહેવા માંગતા હોવ તો અહીં જ રહો, પરંતુ જો પોતાના દમ પર આગળ વધવા માંગતા હોવ તો મોદીજી સાથે જાઓ.

વાલી સમાન સંબંધ: શુભેન્દુએ પ્રણવ મુખર્જીને પોતાના 'ઓરિજિનલ એડવાઈઝર' અને વાલી સમાન ગણાવ્યા હતા. તેમણે એમ પણ દાવો કર્યો કે મુખર્જીએ પાર્ટીને 'કાકી-ભત્રીજાની જોડી' દ્વારા ચલાવવામાં આવતી પાર્ટી ગણાવી હતી (જે મમતા બેનર્જી અને અભિષેક બેનર્જીના સંદર્ભમાં હતું).

તારીખ જણાવવાનો ઈનકાર: વાતચીત ક્યારે થઈ હતી તે અંગે પૂછવામાં આવતા શુભેન્દુએ તારીખ જણાવવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું કે પ્રણવ મુખર્જી હવે આ દુનિયામાં નથી (ઓગસ્ટ ૨૦૨૦માં તેમનું નિધન થયું હતું) તથા તેમના નિવેદનથી વિવાદ થઈ શકે તેમ હોવાથી વધુ કંઈ કહેવા માંગતા નથી.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ દાવો કર્યો કે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ તેમને TMC છોડીને ભાજપમાં જોડાવાની સલાહ આપી હતી.

**પ્રણવ મુખર્જી સલાહ TMC ભાજપ જોડાણ નંદીગ્રામ ના ઘટનાક્રમ પર નજર કરીએ તો:** TMCમાં ભૂમિકા: શુભેન્દુ અધિકારી અગાઉ મમતા બેનર્જીના નજીકના નેતા હતા અને ૨૦૦૯ તથા ૨૦૧૪માં તમલુકથી લોકસભા ચૂંટણી જીત્યા હતા. ૨૦૧૬માં નંદીગ્રામથી ધારાસભ્ય બની તેઓ પરિવહન અને પર્યાવરણ મંત્રાલય સંભાળતા હતા.પક્ષપલટો અને સત્તા: પાર્ટીમાં અભિષેક બેનર્જીનું કદ વધતા મતભેદ સર્જાયા હતા. નવેમ્બર ૨૦૨૦માં મંત્રીપદેથી રાજીનામું આપ્યા બાદ ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં તેઓ ભાજપમાં જોડાયા હતા. ૨૦૨૧માં નંદીગ્રામથી મમતા બેનર્જીને આશરે ૧,૯૫૬ મતોથી હરાવ્યા હતા અને ત્યારબાદ શુભેન્દુના નેતૃત્વમાં ભાજપે ૨૦૨૬ની બંગાળ વિધાનસભા ચૂંટણી જીતી હતી, જેના પગલે તેઓ મુખ્યમંત્રી બન્યા હતા.

# બાંગ્લાદેશ બોર્ડરથી 20 કિમી દૂર આસામમાં એરપોર્ટ બનશે

■ વાર્ષિક 10 લાખ મુસાફરોની ક્ષમતા, 2014 કરોડ રૂપિયા મંજૂર; કેબિનેટ બેઠકમાં 5 મોટા નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા 25



PM મોદીની અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. બેઠકમાં પાંચ મોટા નિર્ણયો લેવામાં આવ્યા. આસામના સિલચરમાં નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનાવવામાં આવશે. તેના માટે સરકારે 2014 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ એરપોર્ટ બાંગ્લાદેશની સરહદથી લગભગ 20 કિમી દૂર છે. પહેલો નિર્ણય: ભારતમાં જ બનશે બુલડોઝર, ક્રેન અને સુરંગ ખોદનારી મશીનો કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે દેશમાં રસ્તા, પુલ અને સુરંગો બનાવવાનું કામ વધતાં બુલડોઝર, ક્રેન અને મોટી મશીનોની માગ વધી રહી છે. હાલમાં ભારતમાં તેની અડધાથી વધુ જરૂરિયાત વિદેશમાંથી પૂરી થાય છે. સરકાર હવે 11 હજાર કરોડ રૂપિયા ખર્ચીને આગામી 8 વર્ષમાં આ મશીનો અને તેમના પાર્ટ્સનું દેશમાં જ ઉત્પાદન કરવા પ્રોત્સાહન આપશે. આ માટે JCB જેવી કંપનીઓ સાથે નાના પાર્ટ્સ બનાવતી કંપનીઓને પણ આર્થિક સહાય મળશે. મશીનોની તપાસ માટે એક અલગ કેન્દ્ર બનાવવામાં આવશે, જેના માટે ARAIને 375 કરોડ રૂપિયા આપવામાં આવશે. વૈષ્ણવના જણાવ્યા મુજબ, સુરંગ ખોદવા જેવી મોટી મશીન બનાવવામાં 500-600 કંપનીઓના પાર્ટ્સનો ઉપયોગ થઈ શકે છે.

### બારડોલીમાં માનવતા શર્મસાર : 13 વર્ષીય કિશોરના હાથમાં પાઇપ આવતા જીવ બચ્યો

# મહારાષ્ટ્રના પરિવારના 6 સભ્યોને નહેરમાં ફેંકી દેવાયા; માતા-પિતા સહિત 3નાં મોત, 2 બાળકો લાપતા

(એજન્સી) મુંબઈ | તા.25



સુરતના બારડોલી તાલુકામાંથી એક કાળજું કંપાવતી ઘટના પ્રકાશમાં આવી છે. બારડોલીના ઉવા ગામ નજીક કારમાં આવેલા 4 શખ્સોએ મહારાષ્ટ્રથી આવેલા શ્રમજીવી પરિવારની કારને આંતરીને તમામ સભ્યોને ઉકાઈ ડાબા કાંઠાની નહેરમાં ફેંકી દીધો હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં સોંપો પડી ગયો છે. પ્રાથમિક માહિતી મુજબ, મહુવા તાલુકાના ડુંગરી નજીક ઉકાઈ-કાકરાપાર ડાબા કાંઠાની નહેરમાંથી એક બાળક અને તેના માતા-પિતા એમ કુલ 3 મૃતદેહો મળી આવ્યા છે. જ્યારે 13 વર્ષીય કિશોરના હાથમાં પાઇપ આવી જતાં, તેણે પોતાનો જીવ બચાવ્યો હતો. હજુ પણ તંત્ર દ્વારા પરિવારના અન્ય 2 બાળકોની શોધખોળની કામગીરી ચાલી રહી છે.આ ઘટનાની માહિતી મળતા જ સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગ સહિતની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી, લાપતા બાળકોની શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ ઘટનાને પગલે 4 શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે અને આરોપીઓને ઝડપી પાડવા પોલીસની 8 ટીમો દ્વારા તપાસ ચાલી રહી છે. મહારાષ્ટ્રના આ શ્રમજીવી પરિવારને અજાણ્યા શખ્સો દ્વારા શા માટે નહેરમાં ફેંકવામાં આવ્યો, તેનું કારણ હજુ પણ અકબંધ છે.

■ બહારના લોકો કરતાં અંદરના લોકોનો વધુ ખતરો, અમે નફરત કરનારા પડોશીઓ માટે પણ મદદગાર

# ભાગવત બોલ્યા- યુવાનોને જૂઠથી નફરત, તેઓ સત્યની સાથે

(એજન્સી) છત્રપતિ સંભાજી નગર | તા.25



RSSના પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે આજના યુવાનોને જૂઠાણું પસંદ નથી. તેઓ સત્ય બોલનારાઓ સાથે ઊભા રહેવા તૈયાર રહે છે.તેમણે કહ્યું કે યુવાનો દેશને મહાન બનાવવા માંગે છે. યુવા પેઢી ગુલામીની માનસિકતામાંથી બહાર નીકળી ગઈ છે. વર્તમાન સમયમાં ભારતે બાહ્ય દુશ્મનો કરતાં આંતરિક જોખમોથી વધુ સાવચેત રહેવાની જરૂર છે.ભાગવત બુધવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં પાંચમા પદ્મા ફેસ્ટિવલના ઉદ્ઘાટન સમારોહમાં બોલી રહ્યા હતા. કાર્યક્રમમાં પૂર્વ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) જનરલ અનિલ ચૌહાણ પણ હાજર હતા.ભાગવતે કહ્યું કે ભારતની વિચારસરણી સૌથી અલગ છે. ભારત સૌની મદદ કરવા માગે છે, અહીં સુધી કે એવા પાડોશી દેશોની પણ, જે તેને નફરત કરે છે.તેમણે કહ્યું કે જો ભારત આગળ વધશે તો શક્તિશાળી દેશોની દુકાનો બંધ થઈ જશે, કારણ કે ભારત સૌની મદદ કરવા માગે છે. ભારત માને છે કે શક્તિનો ઉપયોગ નબળા લોકોની રક્ષા કરવા અને શાંતિ જાળવવા માટે થવો જોઈએ.

## રાહુલની સંપત્તિની CBI-ED તપાસનો આદેશ રદ:સુપ્રીમ કોર્ટે કહ્યું- રાહુલને સાંભળ્યા બાદ અલ્હાબાદ હાઈકોર્ટ નિર્ણય કરે

(એજન્સી) મુંબઈ | તા.25

સુપ્રીમ કોર્ટે બુધવારે રાહુલ ગાંધીની તપાસનો આદેશ રદ કરી દીધો. આ આદેશ અલ્હાબાદ હાઈકોર્ટે CBI અને EDને આપ્યો હતો.CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે કેસ ફરી હાઈકોર્ટમાં મોકલી દીધો. હાઈકોર્ટ હવે રાહુલ ગાંધીને પક્ષકાર બનાવશે અને તેમનો પક્ષ સાંભળ્યા બાદ નવો આદેશ આપશે.

મે મહિનામાં હાઈકોર્ટે BJP કાર્યકર એસ. વિગ્નેશ શિશિરની ફરિયાદ પર CBI અને EDને આરોપોની તપાસના નિર્દેશ આપ્યા હતા. શિશિરે રાહુલ ગાંધી અને તેમના પરિવારના અન્ય સભ્યો વિરુદ્ધ તપાસની માગ કરી હતી.

રાહુલ ગાંધીએ આ આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. તેમણે કહ્યું હતું કે અરજદારને આ મામલે કોઈ અધિકાર નથી અને તેણે પોતાની ઓળખ કે લાયકાત પણ જણાવી નથી.

### દિલ્હીનાં મધ્ય જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગનો ચુકાદો

# બિમારીની યાદીમાં કોવિડ ન હોય તો પણ વીમાની રકમ ચુકવવી પડશે

નવી દિલ્હી : વીમા પોલિસીમાં કોવિડ-૧૯નું નામ પ્રમુખ બિમારીઓની યાદીમાં ન હોવાને કારણે વીમા કંપની વીમાનો દાવો ફગાવી શકે નહીં. દિલ્હીનાં મધ્ય જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગે આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યુરન્સ કંપનીને મૃતકનાં પિતાને ૨૯.૬૯ લાખ રૂપિયા ૬ ટકા વાર્ષિક વ્યાજ સાથે ચુકવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત ૫૦,૦૦૦ રૂપિયા કેસનાં ખર્ચ પેટે ચુકવવા પણ જણાવ્યું છે.ગ્રાહક આયોગનાં અધ્યક્ષ દિવ્યા જ્યોતિ જયપુરિયાર અને સભ્ય ડો. રશ્મિ બંસલની બેન્ચે જણાવ્યું હતું કે કોઇ બિમારીનું નામ યાદીમાં સામેલ ન હોવાથી ગંભીર બિમારીને કારણે થયેલા મોતનાં દાવાને યાંત્રિક રીતે ફગાવી ન શકાય.બિમારીની ગંભીરતાની સાથે તેની પ્રાણઘાતક અસરને પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે. બેન્ચે કંપનીને આદેશની પ્રમાણિત નકલ મળ્યાનાં ૪૫ દિવસની અંદર ચુકવણી કરવાનો નિર્દેશ આપ્યો છે. આવું ન કરવા પર વીમાની રકમ પર ૨૫ ઓગસ્ટ, ૨૦૨૧થી વાસ્તવિક ચુકવણી સુધી ૯ ટકા વાર્ષિક વ્યાજ ચુકવવું પડશે.

કેસની વિગત અનુસાર રોહિણી સેક્ટર-૨૮ નિવાસી મહેન્દ્ર સિંહ ઠાકરાનનાં પુત્ર વિકાસ કુમારનું ૪૧ વર્ષની ઉંમરમાં કોવિડને કારણે મોત થયું હતું. હોસ્પિટલ તરફથી જારી કરાયેલા ડેથ રિપોર્ટમાં કોવિડ સંક્રમણ, બંને ફેફસામાં નિમોનિયા, ગંભીર શ્વાસ સંબંધી મુશ્કેલી, શોક ઓફ સેપ્સિસને મોતનું કારણ બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ પિતાએ વીમાની રકમ માટે દાવો કર્યો હતો.

### MBBS કરનારા : ભારતના નિયમોનું પાલન કરવું ફરજિયાત હતું

# વિદેશમાં ભારતીય વિદ્યાર્થીઓએ જે તે દેશમાંથી પ્રેક્ટિસ લાયસન્સની મંજૂરી લેવામાંથી મુક્તિ, સરકારનો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા 25



NMC દ્વારા વિદેશમાં MBBS કરતા ભારતીય વિદ્યાર્થીઓ માટે મહત્વનો ડ્રાફ્ટ સુધારો જાહેર થયો છે. હવે વિદેશથી મેડિકલ ડિગ્રી મેળવનારા વિદ્યાર્થીઓને ભારતમાં પ્રેક્ટિસ લાયસન્સ માટે જે તે દેશના નાગરિકોની જેમ લાયસન્સ મેળવવું ફરજિયાત નહીં રહે. તેના બદલે, સક્ષમ મેડિકલ સત્તામંડળમાં રજિસ્ટ્રેશન પૂરતું ગણાશે. આ સુધારાથી રશિયા, ચીન જેવા દેશોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મોટી રાહત મળશે. આ ડ્રાફ્ટ પર 30 દિવસમાં સૂચનો મંગાવાયા છે. વિદેશમાં MBBSનો અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ માટે નેશનલ મેડિકલ કમિશન (NMC) દ્વારા મહત્વનો ડ્રાફ્ટ સુધારો જાહેર કરવામાં આવ્યો છે. આ સુધારા મુજબ વિદેશથી મેડિકલ ડિગ્રી મેળવનારા ભારતીય વિદ્યાર્થીઓને ભારતમાં મેડિકલ પ્રેક્ટિસનું લાયસન્સ મેળવવા માટે જે તે દેશના નાગરિકોની જેમ પ્રેક્ટિસ લાયસન્સ મેળવવાની મંજૂરી હોવી ફરજિયાત નહીં રહે. તેના બદલે, જે તે દેશના સક્ષમ મેડિકલ સત્તામંડળમાં રજિસ્ટ્રેશન હોવું જરૂરી રહેશે.ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ MBBS માટે રશિયા, ચીન, જ્યોર્જિયા, ફિલિપાઈન્સ અને જર્મની જેવા દેશોમાં જાય છે. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારતમાં પ્રેક્ટિસ કરવા માટે ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામ (FMGE), ઈન્ટર્નશિપ સહિતના નિયમોનું પાલન કરવું પડે છે.

# તિરુપતિ બાલાજીનો અનોખો ભક્ત: મંદિરમાં 121 કિલો સોનું દાન કર્યું, પણ પોતાનું નામ સુદ્ધાં ન જણાવ્યું!



(એજન્સી) તિરુમલા | તા.25

આંધ્ર પ્રદેશના તિરુમલામાં આવેલા ભગવાન વેંકટેશ્વર સ્વામી પ્રત્યે ભક્તોની ખૂબ જ ઊંડી આસ્થા છે. શ્રદ્ધાળુઓ પોતાની આવક અને સંપત્તિનો અમુક ભાગ ભગવાનને દાન કરીને મન્નત પૂરી થવા બદલ આભાર માને છે. આ દરમિયાન એક અજાણ્યા ભક્તે ભગવાન બાલાજીને આપેલું દાન આખા દેશમાં ચર્ચાનો વિષય બન્યું છે. ચેન્નઈના એક NRI બિઝનેસમેને ભગવાન વેંકટેશ્વર સ્વામીને 121 કિલો સોનાનાં ઘરેણાં દાનમાં આપ્યાં છે, જેની કિંમત અંદાજિત 140 થી 150 કરોડ માનવામાં આવે છે.તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ (TTD)ના ઇતિહાસમાં કોઈ એક ભક્ત તરફથી આટલા મોટા પ્રમાણમાં સોનાનાં ઘરેણાં દાનમાં આપવાનો આ પહેલો બનાવ છે. જોકે, અહીં આશ્ચર્યજનક વાત એ છે કે બિઝનેસમેને પોતાની ઓળખ સાર્વજનિક ન કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે.

### શેખ હસીનાની વાપસીની અટકળો વચ્ચે ગરમાયો માહોલ

# '16 ડિસેમ્બર સુધી બાંગ્લાદેશ પર કબજો કરી લઈશું...', હિન્દુઓની હત્યાથી ભડક્યા બંગાળ ભાજપના મંત્રી

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.25



પશ્ચિમ બંગાળના મંત્રી અર્જુન સિંહે 16 ડિસેમ્બર સુધીમાં ભારત બાંગ્લાદેશ પર કબજો કરશે તેવો ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓની હત્યાનો બદલો લેવાશે. શેખ હસીનાની સંભવિત વાપસીના તણાવ વચ્ચે આ નિવેદન આવ્યું છે. બાંગ્લાદેશ સરકારે કહ્યું કે હસીનાને માત્ર કેદી તરીકે જ પરત લવાશે. બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની સંભવિત વાપસીને લઈને સર્જાયેલા તણાવ વચ્ચે પશ્ચિમ બંગાળના મંત્રી અર્જુન સિંહે એક મોટું નિવેદન આપ્યું છે. અર્જુન સિંહે દાવો કર્યો છે કે ભારત 16 ડિસેમ્બર સુધીમાં બાંગ્લાદેશ પર કબજો કરી લેશે અને પાડોશી દેશમાં હિન્દુઓની થયેલી હત્યાઓનો બદલો લેવામાં આવશે. મંગળવારે પત્રકારો સાથે વાતચીત કરતાં પશ્ચિમ બંગાળના મંત્રી અર્જુન સિંહે જણાવ્યું હતું કે, 'અમે 16 ડિસેમ્બર સુધીમાં બાંગ્લાદેશ પર કબજો કરી લઈશું. હવે બઉ થઈ ગયું, બાંગ્લાદેશને લઈને હવે વધુ કોઈ બહાનું નહીં ચાલે. બાંગ્લાદેશમાં જે રીતે હિન્દુઓની હત્યા કરવામાં આવી છે, અમે તેનો બદલો જરૂર લઈશું, તેમાં કોઈ શંકા નથી.'અર્જુન સિંહનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે, જ્યારે શેખ હસીના 16 ડિસેમ્બરે બાંગ્લાદેશ પરત ફરવાના હોવાના અહેવાલો વહેતા થયા છે. અવામી લીગ દ્વારા શેખ હસીનાને પરત લઈ જવા માટે બાંગ્લાદેશ સરકાર પાસે વિમાનની માંગણી કરવામાં આવી છે. જોકે, આ મામલે બાંગ્લાદેશ સરકારે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. શેખ હસીનાના સ્વદેશ પરત ફરવાના અહેવાલો પર પ્રતિક્રિયા આપતા બાંગ્લાદેશના વિદેશ રાજ્ય મંત્રી હુમાયુ કબીરે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, 'શેખ હસીનાને માત્ર એક કેદીના રૂપમાં, હાથમાં હાથકડી પહેરાવીને અને કડક સુરક્ષા દેખરેખ હેઠળ જ પરત આવવા દેવામાં આવશે.'

### શેખ હસીનાની વાપસીથી બાંગ્લાદેશમાં તણાવ વધવાની શક્યતા

# બાંગ્લાદેશમાં બે દિવસ માટે લૉકડાઉન જાહેર, શેખ હસીનાની વાપસી પહેલા 8 શરતો મૂકાઈ

(એજન્સી) પશ્ચિમ બંગાળ | તા.25

બાંગ્લાદેશમાં પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના પરત ફરવાના એલાન બાદ રાજકીય માહોલ ગરમાયો છે અને દેશના વિવિધ ભાગોમાં હિંસા તથા તણાવની સ્થિતિ સર્જાઈ છે. આ પરિસ્થિતિ વચ્ચે અવામી લીગે 27 અને 28 નવેમ્બરના રોજ સમગ્ર બાંગ્લાદેશમાં લૉકડાઉનની જાહેરાત કરી છે. સાથે જ પાર્ટીએ પોતાની અનેક માંગણીઓ પણ સરકાર સમક્ષ મૂકી છે, જેમાં પાર્ટી પર લાગેલો પ્રતિબંધ હટાવવા અને રાજકીય કેદીઓને મુક્ત કરવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.શેખ હસીના 16 ડિસેમ્બરે 1971ના મુક્તિ સંગ્રામની વિજય વર્ષગાંઠ નિમિત્તે બાંગ્લાદેશ પરત ફરવાના છે, જેને લઈને આગામી દિવસોમાં તણાવ વધુ વકરે તેવી શક્યતા છે. તેમની વાપસીની માંગ સાથે અવામી લીગ સક્રિય બની છે અને મંગળવારે દેશમાં મશાલ સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ ઉપરાંત, બુધવારથી વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બની શકે તેવી શક્યતાઓ છે.શેખ હસીનાના પરત ફરવાના એલાન અને વધતા રાજકીય તણાવ વચ્ચે બાંગ્લાદેશ જમાત-એ-ઇસ્લામીના પ્રમુખ શફીકુર્રહમાન પોતાનો ઑસ્ટ્રેલિયા-મલેશિયાનો પ્રવાસ ટૂંકાવીને દેશ પરત ફરી રહ્યા છે. આજે તેઓ પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાની વાપસી અને દેશની વર્તમાન તણાવભરી સ્થિતિ અંગે વડાપ્રધાન તારિક રહેમાન સાથે મુલાકાત કરવાના છે.તમામ રાજકીય કેદીઓને મુક્ત કરવામાં આવે અને તેમની સામે ચાલતા મુકદ્દમા સમાપ્ત કરવામાં આવે.દેશમાં વધી રહેલી મોંઘવારી પર નિયંત્રણ લાવવામાં આવે અને વીજળી, ગેસ, પાણી, ઈંધણ, ખાતર તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ ઘટાડવામાં આવે.બંધ પડેલા ઉદ્યોગો ફરી શરૂ કરવામાં આવે અને બેરોજગાર કામદારોને રોજગારી આપવામાં આવે.નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે; હત્યા, દુષ્કર્મ, ખંડણી, લૂંટફાટ અને ગેરકાયદે કબજા અટકાવવામાં આવે તેમજ મહિલાઓ, બાળકો અને લઘુમતીઓનું રક્ષણ થાય.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 28 November, 2026 | 6:30 PM | Vadodara |

Venue : Keys Lite by Lemon Tree Hotels, Ahead of Samruddhi Trade Center, Darshanam Aagman 40 m, Dabhoi - Waghodia Ring Rd, Nr. Bharat Petrolpump Road, Soma Talav Char Rasta, Vadodara, Gujarat-390025

Name : Meet Nayakpura | Mobile : 8655987894

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# રમેશભાઈ ધડુક સાથે વર્ષોથી પારિવારિક સંબંધો છે, આમંત્રણને માન આપી તેઓ ઘરે આવ્યા ત્યારે પરિવાર સાથે ફોટા લેવાયા

## રમેશભાઈ ધડુક સાથેના વાયરલ ફોટા કોઈ રાજકીય બેઠકના નહીં, પરંતુ ઘરે ચા-પાણી પીવા આવ્યા ત્યારે પરિવાર સાથે લીધેલા છે : પ્રવીણ રામ

(એજન્સી) અમદાવાદ । તા. 25

આમ આદમી પાર્ટીના પ્રદેશ ફન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે વાયરલ ફોટા મામલે ખુલાસો કરતા જણાવ્યુ હતુ કે તાજેતરમાં રમેશભાઈ ધડુક સાથેના ફોટાઓ સોશિયલ મીડિયા અને અલગ-અલગ ન્યૂઝ ચેનલોમાં વાયરલ થયા છે. આ બેઠક કોઈ રાજકીય બેઠક નહોતી. રમેશભાઈ ધડુક ગામની બાજુમાં આવેલા ધાવા ગામ ખાતે એક સપ્તાહમાં હાજરી આપવા માટે આવ્યા હતા અને તે દરમિયાન મુલાકાત તથા ચર્ચા થઈ હતી; તેમની સાથે આજકાલથી નહીં પરંતુ વર્ષોથી પારિવારિક સંબંધો છે અને કાઠિયાવાડનો નિયમ તથા પરંપરા છે કે ઘરે ચા-પાણી પીવા અને જમવા માટે આમંત્રણ આપવામાં આવે છે.

'આપ' નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતુ કે આ કાઠિયાવાડની પરંપરાને અનુસરીને રમેશભાઈ ધડુકને ઘરે ચા-પાણી પીવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમના આમંત્રણને માન આપીને તેઓ ઘરે ચા-પાણી પીવા આવ્યા હતા, ત્યારે પરિવાર સાથે લીધેલા ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે.

આ કોઈ રાજકીય બેઠક નહોતી પરંતુ ઘરે ચા-પાણી પીવા આવ્યા ત્યારે પરિવાર સાથે લીધેલા ફોટા વાયરલ થયા છે તેની તમામ લોકોએ ખાસ નોંધ લેવી અને કોઈ ખોટી અફવાઓમાં ન આવવું.



**સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલોમાં વાયરલ ફોટા અંગે ખુલાસો કરતા 'આપ' નેતા પ્રવીણ રામે કહ્યું, "કોઈએ ખોટી અફવાઓમાં ન આવવું" : ધાવા ગામ ખાતે સપ્તાહમાં હાજરી આપવા આવેલા રમેશભાઈ ધડુકને કાઠિયાવાડની પરંપરા અને નિયમ મુજબ ઘરે ચા-પાણી માટે આમંત્રણ અપાયું હતું : પ્રવીણ રામ**

# કરોડો રૂપિયા મંજૂર થયા બાદ પાંચ-છ વર્ષ થયા છતાં કોન્ટ્રાક્ટર અને તંત્રની બેદરકારીથી આજદિવસ સુધી બ્રિજ બન્યો નથી : ગોપાલ ઈટાલીયા

(એજન્સી) અમદાવાદ | તા. 25

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે જૂનાગઢ જિલ્લાના ગાંઠીલા ગામે આવેલું કડવા પાટીદાર સમાજની કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર એક પ્રસિદ્ધ યાત્રાધામ છે, જ્યાં દર વર્ષે હજારો-લાખો શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે. આ મંદિરે આવવા માટેનો સૌથી મહત્વનો અને મુખ્ય રસ્તો વંથલી-ધણફૂલિયા રોડ છે, પરંતુ આ રસ્તામાં આવતી ઓઝત નદી ઉપર બ્રિજ ન હોવાના કારણે વર્ષોથી સ્થાનિકો અને શ્રદ્ધાળુઓને અત્યંત તકલીફ પડી રહી છે. ઓઝત નદી ઉપર રૂપિયા ૧૨ કરોડના ખર્ચે મેજર બ્રિજ બનાવવાનું કામ વર્ષ ૨૦૨૧-૨૨માં મંજૂર થયું હતું અને તેનો કોન્ટ્રાક્ટ પણ અપાઈ ગયો હતો. વર્ષ ૨૦૨૪ના વર્ક ઓર્ડર પ્રમાણે બે વર્ષમાં કામ પૂરું કરવાનું હતું, પરંતુ કોન્ટ્રાક્ટરે ૨૦૨૪માં બ્રિજના માત્ર બે-ત્રણ પિલ્લર ઊભા કર્યા બાદ કામ છોડી દીધું છે અને સરકારે ત્યાં કરોડો રૂપિયા મંજૂર કર્યા બાદ પાંચ-છ વર્ષ થયા પછી પણ કોન્ટ્રાક્ટર અને સરકારી તંત્રના કારણે આજદિવસ સુધી બ્રિજ બન્યો નથી તે ખૂબ દુ:ખનો વિષય છે. 'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે સૌથી મોટી દુ:ખની વાત એ છે કે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતે કડવા પાટીદાર સમાજના વ્યક્તિ છે અને ગાંઠીલા મંદિરે દર્શન કરવા આવે છે, તેમ છતાં પાંચ વર્ષથી કોન્ટ્રાક્ટર આ કામ ટલ્લે ચડાવી રહ્યો છે. આ બ્રિજનું કામ જલ્દી ચાલુ થાય તે માટે તેમણે પોતે જિલ્લા કક્ષાના અને રાજ્ય કક્ષાના અધિકારીઓને તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબને રૂબરૂમાં રજૂઆત કરી છે અને તારીખ ૨૩/૧૧/૨૦૨૬ના રોજ મુખ્યમંત્રી કાર્યાલયમાં પત્ર પાઠવીને પણ આ મેજર બ્રિજના કામમાં થયેલા વિલંબ અંગે રજૂઆત કરી તાત્કાલિક બ્રિજ બનાવવા ભલામણ કરી છે. હવે આવનારા થોડાક દિવસોમાં જો આ કામ ચાલુ નહીં થાય, તો આશ્ચર્યજનક કાર્યક્રમો કરીને 'એક કોન્ટ્રાક્ટર સામે આખી સરકાર લાચાર બની ગઈ છે' તે વાતનો ભાંડો ફોડવામાં આવશે, તેમ ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્રમાં PGVCL દ્વારા યુનિટ દીઠ ૧૫ પૈસાનો વધારો કરી સામાન્ય પરિવાર પર આર્થિક બોજ નાખ્યો: તેજસ ગાજીપરા

(એજન્સી) અમદાવાદ | તા. 25



આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તેજસ ગાજીપરાએ જણાવ્યું હતું કે ગઈકાલે સૌરાષ્ટ્રમાં PGVCL દ્વારા એક યુનિટ દીઠ ૧૫ પૈસાનો વધારો કરી સામાન્ય પરિવાર પર આર્થિક બોજ નાખવામાં આવ્યો છે. એક તરફ ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું હોય અને સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જેવી સ્થિતિ હોય ત્યારે ભાજપ સરકાર દ્વારા આર્થિક બોજો નાખી PGVCLના પાંચ પ્રકારના ચાર્જિસમાં ૩.૯૯ ટકાનો વધારો કરી વેરિયસમાં ચાર્જ વસૂલવાનું કામ કાલથી લાગુ કરાયું છે, જેને તેઓ સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા ખેડૂતોને ૨૪ કલાક વીજળી ફ્રી આપવામાં આવે છે અને શહેરી કે ગ્રામ્ય વિસ્તારના પરિવારોને દર મહિને ૩૦૦ યુનિટ વીજળી ફ્રી મળે છે. જ્યારે ગુજરાત વીજળી ઉત્પાદન કરતું હબ કહેવાય છે અને અન્ય રાજ્યોને વીજળી વેચવામાં આવે છે, ત્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાતના ૭૬ લાખ પરિવારોને આર્થિક બોજમાં ધકેલવાનું PGVCL દ્વારા કાલે કરાયેલું કામ સખત શબ્દોમાં વખોડી કાઢવા લાયક છે.

**ગૃહિણીઓનું બજેટ ખોરવાય અને સૌરાષ્ટ્રમાં દુષ્કાળ જેવી સ્થિતિ વચ્ચે PGVCLના પાંચ ચાર્જિસમાં ૩.૯૯% વધારો વખોડી કાઢવા લાયક: પંજાબમાં AAP સરકાર ખેડૂતોને ૨૪ કલાક અને શહેરી-ગ્રામ્ય પરિવારોને મહિને ૩૦૦ યુનિટ વીજળી ફ્રી આપે છે : વીજળી ઉત્પાદન હબ ગણાતા ગુજરાતમાંથી અન્ય રાજ્યોને વીજળી વેચાય છે, છતાં સૌરાષ્ટ્ર-ગુજરાતના ૭૬ લાખ પરિવારો પર બોજ: તેજસ ગાજીપરા**

## ગાંધીનગર મનપાના ૨૦૨૧ના ઇલેક્શનમાં ભાજપના ૪૪એ ૪૪ ઉમેદવારોએ ખોટી રીતના હિસાબ આપ્યા છતાં આજદિન સુધી કોઈ કાર્યવાહી નહીં : લાલભાઈ વણજારા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગાંધીનગર શહેર પ્રમુખ લાલભાઈ વણજારાએ જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકાના ૨૦૨૧ના ઈલેક્શનમાં ભાજપના ૪૪એ ૪૪ ઉમેદવારોએ ખોટી રીતના હિસાબ આપ્યા હોવા છતાં તેના પર આજદિન સુધી કોઈ પણ કાર્યવાહી કરવામાં આવી નથી. સાથે સાથે ગાંધીનગર મહાનગરપાલિકાના ઈલેક્શનને ગયે ૪૩ દિવસ થઈ ગયા તે છતાં પણ આજદિન સુધી હિસાબો રજૂ કરવામાં આવ્યા નથી.'આપ' નેતા લાલભાઈ વણજારાએ વધુમાં જણાવ્યું હતું કે આ લોકો ઉપર કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ, તેમજ સવાલ ઉઠાવ્યો હતો કે ઈલેક્શન કમિશન આ લોકો સામે કેમ કોઈ કાયદાકીય પગલાં લેતું નથી કે નથી આજ સુધી કોઈને નોટિસ પણ મળી નથી. તેમણે તંત્ર અને અધિકારીઓને નમ્ર વિનંતી કરી હતી કે આ લોકોની વિરુદ્ધમાં જેમ બને એમ જલ્દી પગલાં લઈ અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

## સરગવાળામાં ખેડૂતો પર લાઠીચાર્જ અને મહિલાઓ સાથે મારપીટ મામલે જવાબદારો સામે કાર્યવાહીની માંગ

અમદાવાદ | આમ આદમી પાર્ટી દ્વારા આજે સમગ્ર ગુજરાતના તમામ તાલુકાઓ અને વિધાનસભામાં મામલતદારના માધ્યમથી મુખ્યમંત્રીએ આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. આ આવેદનપત્રમાં આમ આદમી પાર્ટીએ જણાવ્યું હતું કે, સરગવાળા ગામમાં ખેડૂતોની સંમતિ લીધા વગર અને તેમની સાથે યોગ્ય ચર્ચા કર્યા વિના તેમની જમીનોમાં ગેસ પાઇપલાઇન નાંખવામાં આવી રહી છે. ખેડૂતોને તેમની જમીનના નુકસાન પ્રમાણે યોગ્ય વળતર પણ આપવામાં આવતું નથી અથવા ખૂબ ઓછું વળતર આપવામાં આવી રહ્યું છે. આ અન્યાય સામે ખેડૂતો દ્વારા વિરોધ કરવામાં આવતા સાત લોકોની ધરપકડ કરવામાં આવી, મહિલાઓ સાથે મારપીટ કરવામાં આવી અને ખેડૂતો પર લાઠીચાર્જ કરવામાં આવ્યો.આથી આપ સમક્ષ અમારી નમ્ર માંગ છે કે ખેડૂતોની સંમતિ અને યોગ્ય ચર્ચા તાત્કાલિક ધોરણે કરવામાં આવે. ખેડૂતોને તેમની જમીનના નુકસાન પ્રમાણે યોગ્ય વળતર આપવામાં આવે. મહિલાઓ સાથે થયેલી મારપીટ અને ખેડૂતો પર થયેલા લાઠીચાર્જની તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે.

## જાફરાબાદના યુવાનની ઓનલાઇન છેતરપિંડી માં ૭૦,૦૦૦ હાજર રૂપિયા ગુમાવ્યા : જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાઈ ફરિયાદ



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદમાં ઓનલાઈન છેતરપિંડીનો એક બનાવ સામે આવ્યો છે. અજાણ્યા શખ્સે પોતે અમુલ બોલતો હોવાનું જણાવી એક વ્યક્તિને વિશ્વાસમાં લઈને રૂપિયા 70,000ની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. દવાખાનાના કામ માટે પૈસાની જરૂર હોવાનું કહી આરોપીએ ફરિયાદી પાસેથી અલગ-અલગ રીતે નાણાં પડાવ્યા હતા. ત્યારબાદ પૈસા પરત આપ્યા વગર મોબાઈલ ફોન બંધ કરી આરોપી ગાયબ થઈ ગયો હતો.ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરાવ્યા મળતી માહિતી મુજબ, જાફરાબાદના કૈલાસભાઈ બાંભણિયાનો સંપર્ક એક અજાણ્યા શખ્સે કર્યો હતો. આ શખ્સે પોતાની ઓળખ અમુલ તરીકે આપી હતી. ત્યારબાદ દવાખાનાના કામ માટે પૈસાની જરૂર હોવાનું જણાવી કૈલાસભાઈનો વિશ્વાસ જીત્યો હતો. વિશ્વાસમાં લીધા બાદ આરોપીએ પૈસા જમા થઈ ગયા હોવાના ખોટા મેસેજ મોકલી ફરિયાદીને ભોળવ્યા હતા. આરોપીએ ત્યારબાદ ફરિયાદીને એક સ્કેનર મોકલ્યું હતું અને તેના માધ્યમથી નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. આ રીતે ફરિયાદી પાસેથી કુલ રૂપિયા 70,000 ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. જોકે, નાણાં મેળવ્યા બાદ આરોપીએ પૈસા પરત આપ્યા નહોતા. વારંવાર સંપર્ક કરવાનો પ્રયાસ કરવા છતાં આરોપીનો મોબાઈલ ફોન બંધ આવતાં છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું હતું. જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ આ સમગ્ર મામલે કૈલાસભાઈ બાંભણિયાએ જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં જાફરાબાદ મરીન પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી. ગોહિલ દ્વારા આ મામલે તપાસ ચલાવવામાં આવી રહી છે. ઓનલાઈન નાણાકીય વ્યવહારો દરમિયાન અજાણ્યા વ્યક્તિઓ દ્વારા મોકલવામાં આવતા સ્કેનર અને મેસેજ અંગે સાવચેત રહેવા પોલીસ દ્વારા સુચના .

## પિયજ ગ્રામ પંચાયતમાં જમીનની નકલ આપવા ₹300ની લાંચ લેતો VCE ઝડપાયો, ₹100થી 1000 સુધીની લાંચ લેતો હતો

(એજન્સી) ગાંધીનગર | તા. 25



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પિયજ ગામની ગ્રામ પંચાયત કચેરીમાં જમીનની નોંધોના કાગળોની નકલ આપવાના બદલામાં રૂ. 300ની લાંચ લેતા વિલેજ કોમ્પ્યુટર આંત્રપ્રિન્યોર (VCE)ને ગાંધીનગર ACBની ટીમે સફળ ડીકોય ઓપરેશન હાથ ધરીને રંગેહાથ ઝડપી પાડ્યો છે. સરકારી ફી ઉપરાંત ગેરકાયદેસર નાણાં ઉઘરાવવામાં આવતા હોવાની બાતમીના આધારે ACBએ આ છટકું ગોઠવી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર ACBને બાતમી મળી હતી કે પિયજ ગ્રામ પંચાયત કચેરીમાં જમીનના દસ્તાવેજોની નકલ કઢાવવા આવતા અરજદારો પાસેથી કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા સરકારી ફી ઉપરાંત રૂ. 100થી રૂ. 1,000 સુધીની લાંચ માંગવામાં આવે છે. બાતમીની ખરાઈ કર્યા બાદ ACB પોલીસ સ્ટેશનના પીઆઈ કે. બી. યાજ્ઞિક સહિતની ટીમે એક જાગૃત નાગરિકને ડમી અરજદાર બનાવી છટકું ગોઠવ્યું હતું, જેમાં પ્રતાપપુરાના વતની અને પિયજ ગામનો ચાર્જ સંભાળતા 29 વર્ષીય VCE ભાવેશકુમાર સુનિલભાઈ પટેલે નકલ આપવા પેટે રૂ. 300ની લાંચ માગી હતી. ડમી અરજદારે લાંચની રકમ આપતાની સાથે જ આરોપી ભાવેશ પટેલે તે સ્વીકારી લીધી હતી, જેથી આસપાસ ગોઠવાયેલી ACBની ટીમે તુરંત જ ત્રાટકીને તેને રંગેહાથ ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી લાંચ પેટે સ્વીકારેલા રૂ. 300 રોકડા રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા કલોલ પંથકના ભ્રષ્ટ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# આમ આદમી પાર્ટીએ મોંઘવારી મુદ્દે તમામ તાલુકાઓ અને વિધાનસભામાં મામલતદારને સોંપ્યું આવેદનપત્ર...

(એજન્સી) અમદાવાદ | તા. 25



ગુજરાતમાં સતત વધી રહેલી મોંઘવારી અને જીવનજરૂરી ચીજવસ્તુઓના બેફામ વધતા ભાવને કારણે સામાન્ય જનતાનું ઘરનું બજેટ ખોરવાઈ ગયું છે. પેટ્રોલ-ડીઝલ, ગેસ સિલિન્ડર, ખાદ્યતેલ, શાકભાજી સહિત રોજિંદા જીવનમાં ઉપયોગી વસ્તુઓના ભાવમાં સતત થઈ રહેલા વધારાથી સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના તમામ તાલુકાઓ અને વિધાનસભાઓમાં મામલતદારને આવેદનપત્ર સોંપીને સરકાર સમક્ષ જનતાની સમસ્યાઓ રજૂ કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, એક તરફ આવક મર્યાદિત છે અને બીજી તરફ મોંઘવારીનો સતત વધતો બોજ પરિવારોની આર્થિક સ્થિતિ પર અસર કરી રહ્યો છે. બાળકોનું શિક્ષણ, વડીલોની દવાઓ અને અન્ય પાયાની જરૂરિયાતો પૂરી કરવી પણ લોકો માટે પડકારરૂપ બની ગઈ છે. આ ઉપરાંત બજારમાં નકલી અને ભેળસેળયુક્ત વસ્તુઓનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું હોવાની સમસ્યા પણ ગંભીર બની રહી છે, જેના કારણે સામાન્ય ગ્રાહકોને આર્થિક નુકસાનની સાથે તેમના સ્વાસ્થ્ય અંગે પણ ચિંતા ઊભી થઈ રહી છે.

આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા મામલતદારને આવેદનપત્ર સોંપીને સરકાર સમક્ષ માંગ કરવામાં આવી હતી કે ગેસ, પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર નિયંત્રણ લાવવા તાત્કાલિક યોગ્ય પગલાં લેવામાં આવે, નકલી અને ભેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ બજારો, દુકાનો અને ગોડાઉનોમાં નિયમિત તપાસ હાથ ધરવામાં આવે. મોંઘવારીથી ત્રસ્ત સામાન્ય જનતાને રાહત મળે અને ભેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ પર અંકુશ આવે તે માટે સરકાર તાત્કાલિક અસરકારક પગલાં ભરે તેવી આમ આદમી પાર્ટી ગુજરાત દ્વારા માંગ કરવામાં આવી છે.

## અમદાવાદ સિવિલમાં એક અઠવાડિયામાં બીજું અંગદાન

અમદાવાદ | રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ અને અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુચારુ સંકલન થકી અંગદાનની સેવાકીય યાત્રામાં વધુ એક પ્રેરણાદાયી પ્રકરણ ઉમેરાયું છે. સિવિલ હોસ્પિટલમાં એક અઠવાડિયાના ટૂંકા ગાળામાં બીજું અને ગુપ્તદાન સ્વરૂપે કુલ ૨૬૩મું સફળ અંગદાન સંપન્ન થયું છે. માર્ગ અકસ્માતમાં બ્રેઈનડેડ જાહેર કરાયેલા અમદાવાદના ૬૫ વર્ષીય પુરુષનાં પત્નીએ જીવનસાથીને ગુમાવવાના અસહ્ય દુ:ખ વચ્ચે પણ માનવતાને સર્વોપરી રાખીને અંગદાનની સંમતિ આપી હતી. તેમના આ ઉમદા નિર્ણયથી ૧ લીવર અને ૨ કિડનીનું દાન મળ્યું છે, જેના થકી ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવનની અમૂલ્ય ભેટ મળશે.

# હવે કોર્ટમાં કેસ પહોંચે એ પહેલા જ 24 સભ્યોની મધ્યસ્થી સમિતિ બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવશે

(એજન્સી) અમદાવાદ | તા. 25

કોર્ટમાં પેન્ડિંગ કેસોનું ભારણ ઘટે અને વિવાદો કોર્ટમાં પહોંચે તે પહેલાં જ ઉકેલાઈ જાય તેવા ઉમદા હેતુથી ભારત સરકારે ગુજરાતમાં 24 સભ્યોની એક વિશેષ સમિતિની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના આદેશથી ભારતમાં પહેલીવાર વર્ષ 2023માં ઘડાયેલા 'મિડિયેશન એક્ટ'ની જોગવાઈ હેઠળ આ સમિતિની નિમણૂક કરીને સમગ્ર વ્યવસ્થાને અમલમાં લાવવામાં આવી રહી છે. આ સમિતિના સભ્યો દ્વારા કેસ કોર્ટમાં જાય તે પહેલાં જ બંને પક્ષકારોને સાથે બેસાડીને સુખદ સમાધાન કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

ગુજરાતમાં મધ્યસ્થીની આ મહત્ત્વની કામગીરી કરવા માટે નિયુક્ત કરવામાં આવેલા 24 સભ્યોમાં સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ અને બિઝનેસ-ઉદ્યોગ ક્ષેત્રે વર્ચસ્વ ધરાવનારા લોકોની પસંદગી કરવામાં આવી છે. આ તમામ 24 સભ્યોને કાયદાકીય અને મધ્યસ્થીની પ્રક્રિયા સમજવા માટે 40 દિવસની વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. આગામી સમયમાં મધ્યસ્થીની આ સિસ્ટમ સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવશે અને મિડિયેટરે આ તમામ કેસોમાં સંપૂર્ણ ગુપ્તતા જાળવવી પડશે. વેપાર-ઉદ્યોગને લગતા કે પછી અન્ય પ્રકારના વિવાદોમાં સમિતિના સભ્યો બંને પક્ષોને સમાધાન સુધી લઈ જશે. સમાધાન થયા બાદ બંને પક્ષો પાસે એફિડેવિટ પર લખાણ કરાવી સહી-સિક્કા સાથે તે કોર્ટમાં મોકલી આપવામાં આવશે, જેના આધારે કોર્ટ તેના પર અંતિમ ઓર્ડર કરી દેશે. આ ઉપરાંત, નાના નગરો અને ગ્રામીણ સ્તરની કોર્ટમાં પહોંચેલા અને કેસોના ભારણને કારણે લાંબા સમયથી હિયરિંગ પર ન આવતા કેસોની ફાઈલો પણ આ 24 સભ્યોની સમિતિને મોકલવામાં આવશે. સમિતિને આવા કેસોમાં 1 મહિનાનો સમય આપીને સમાધાન કરાવી નિરાકરણ લાવવા જણાવવામાં આવશે. ભારત સરકારે ઘડેલો મિડિયેશન એક્ટ મધ્યસ્થીની કામગીરીને વધુ મજબૂત બનાવશે. અગાઉ જર્મની, જાપાન, ઈટાલી, નેધરલેન્ડ, કેનેડા, ન્યૂઝીલેન્ડ, બ્રાઝિલ અને સ્લોવેનિયા જેવા દેશોમાં મિડિયેશનની આ પ્રથા સફળતાપૂર્વક અમલમાં આવી ચૂકી છે, તેવી જ વ્યવસ્થા હવે ભારતમાં શરૂ થઈ રહી છે.

# ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન વચ્ચે પોલીસની અટકાયતી કાર્યવાહી...

(એજન્સી) ગાંધીનગર | તા. 25

રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે આજે શિક્ષણ વિભાગની ભરતી પ્રક્રિયા સામે ઉમેદવારોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. ઉચ્ચતર માધ્યમિક શિક્ષક યોગ્યતા કસોટી (TAT-HS) ના પરિણામમાં ગંભીર અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે મોટી સંખ્યામાં ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે એકત્રિત થયા હતા. પરિણામના મૂલ્યાંકનમાં ખામી રહી હોવાનો અને મહેનત છતાં અત્યંત ઓછા ગુણ આપવામાં આવ્યા હોવાનો આરોપ લગાવી ઉમેદવારોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરતા પોલીસે અટકાયતી કાર્યવાહી હાથ ધરી હતી.

આજે સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં ઉમેદવારો ઉમટી પડ્યા હતા અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ઉમેદવારોની મુખ્ય માંગ છે કે સમગ્ર પરિણામનું નિષ્પક્ષ અને પારદર્શક રીતે પુનઃમૂલ્યાંકન કરવામાં આવે. પોતાની વ્યથા અને માંગણીઓ સરકાર સુધી પહોંચાડવાના આશયથી આ ઉમેદવારો સ્થાનિક ધારાસભ્યને રૂબરૂ રજૂઆત કરવા માટે પણ પહોંચ્યા હતા. જોકે પરિસ્થિતિ વધુ વણસે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન જોખમાય તે માટે સ્થળ પર પહેલેથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

દરમિયાન વિરોધ પ્રદર્શન કરી રહેલા ઉમેદવારોને વિખેરવા માટે પોલીસે કડક વલણ અપનાવ્યું હતું અને કેટલાક આંદોલનકારી ઉમેદવારોની અટકાયત કરી તેમને પોલીસ વાહનોમાં બેસાડીને સ્થળ પરથી લઈ જવામાં આવ્યા હતા. પોલીસની આ અચાનક કાર્યવાહીને પગલે ઉમેદવારોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

લોકશાહી ઢબે રજૂઆત કરવા આવેલા ભાવિ શિક્ષકો સાથે આ પ્રકારના વર્તન સામે ઉમેદવારોએ નારાજગી વ્યક્ત કરી હતી.આ મામલે આંદોલનમાં જોડાયેલા TAT-HSના ઉમેદવાર શીતલ વાઘેલાએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, અમે દિવસ-રાત એક કરીને પરીક્ષાની તૈયારી કરી હતી પરંતુ પરિણામ આવ્યું ત્યારે અમને અપેક્ષા કરતાં ઘણા ઓછા માર્ક્સ આપવામાં આવ્યા છે. મૂલ્યાંકન પ્રક્રિયામાં ચોક્કસપણે કોઈ મોટી ભૂલ થઈ છે જેનો ભોગ અમારા જેવા મહેનતુ ઉમેદવારો બની રહ્યા છે. ગઈકાલે જાહેર રજા હોવાથી આજે અમે રાજ્ય પરીક્ષા બોર્ડ રજૂઆત મટે જવાના હતા.

અમે શાંતિપૂર્ણ રીતે અમારો હક માંગવા આવ્યા છીએ પરંતુ અમારી વાત સાંભળવાને બદલે અમારી અટકાયત કરવામાં આવી રહી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### ત્રણના મોત અને બે બાળકો લાપતા, ચાર અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો

# બારડોલી પાસે પરિવારને નહેરમાં ફેંકી દેતા ખળભળાટ

(એજન્સી) સુરત । તા. 25

સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં ઉવા ગામ નજીક કારમાં આવેલા ચાર અજાણ્યા શખ્સોએ મહારાષ્ટ્રથી આવેલા શ્રમજીવી પરિવારની કાર આંતરીને પરિવારના સભ્યોને ઉકાઈ ડાબા કાંઠાની નહેરમાં ફેંકી દેવાની હચમચાવતી ઘટના સામે આવી છે, જેમાં માતા-પિતા અને એક બાળક સહિત કુલ ત્રણ વ્યક્તિના મૃતદેહ મળી આવ્યા છે, તેર વર્ષના કિશોરનો પાઈપ પકડી લેતા ચમત્કારિક બચાવ થયો છે અને અન્ય બે બાળકોની શોધખોળ માટે બચાવ કામગીરી ચાલી રહી છે.

સુરત જિલ્લાના બારડોલી તાલુકામાંથી સામે આવેલી આ ઘટનાએ સમગ્ર પંથકમાં ભારે શોક અને અરેરાટી ફેલાવી દીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર બારડોલીના ઉવા ગામ પાસે કારમાં સવાર થઈને આવેલા ચાર શખ્સોએ મહારાષ્ટ્રના શ્રમજીવી પરિવારની કારને રોકીને પરિવારના સભ્યોને નહેરમાં ફેંકી દીધા હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

મહુવા તાલુકાના ડુંગરી નજીક આવેલી ઉકાઈ-કાકરાપાર ડાબા કાંઠાની નહેરમાંથી એક બાળક તેમજ તેના માતા-પિતા એમ કુલ ત્રણ મૃતદેહ મળી આવ્યા છે. આ દુર્ઘટનામાં પરિવારના ત્રણ સભ્યોએ જીવ ગુમાવતા સમગ્ર વિસ્તારમાં સોંપો પડી ગયો છે અને ઘટનાસ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.



આ ભયાનક ઘટના વચ્ચે પરિવારના તેર વર્ષીય કિશોરનો ચમત્કારિક બચાવ થયો હોવાની માહિતી સામે આવી છે. નહેરમાં પડ્યા બાદ કિશોરના હાથમાં પાઈપ આવી જતાં તેણે મક્કમતાથી પાઈપ પકડી રાખ્યો હતો અને પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યો હતો.

બીજી તરફ, પરિવારના અન્ય બે બાળકો હજુ પણ લાપતા હોવાથી તંત્ર દ્વારા તેમની શોધખોળ માટે સઘન બચાવ કામગીરી ચલાવવામાં આવી રહી છે. મળી આવેલા મૃતદેહોને જરૂરી તબીબી તપાસ અને શબપરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ તેમજ અગ્નિશમન દળ સહિતની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને બચાવ તેમજ તપાસની કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે ચાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે અને આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની આઠ ટીમો દ્વારા સઘન તપાસ ચાલી રહી છે.

મહારાષ્ટ્રના આ શ્રમજીવી પરિવારને અજાણ્યા શખ્સો દ્વારા કયા કારણસર નહેરમાં ફેંકવામાં આવ્યો હતો, તેનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. પોલીસ દ્વારા વિવિધ દિશામાં તપાસ કરીને હકીકત બહાર લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સુરત જિલ્લો તેમજ સમગ્ર ગુજરાત માટે આ ઘટના કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર સલામતીની દૃષ્ટિએ અત્યંત ગંભીર અને ચિંતાજનક બાબત છે. અન્ય રાજ્યમાંથી રોજગાર માટે આવતા શ્રમજીવી પરિવારોની સુરક્ષા અને આવા ગંભીર ગુનાઓનો ઝડપી ભેદ ઉકેલવો એ તંત્ર માટે મોટો પડકાર છે.

લાપતા બે બાળકો સલામત મળી આવે અને આરોપીઓ ઝડપથી કાયદાના સકંજામાં આવે તેવી આશા સૌ કોઈ રાખી રહ્યા છે. આગામી દિવસોમાં પોલીસ તપાસમાં કઈ નવી વિગતો સામે આવે છે, તેના પર સૌની નજર રહેશે.

## ચોટીલા પાસે બિયરના જથ્થા સાથે ટ્રક ઝડપાયો, રાજકોટ રેન્જની ટીમે કરી કાર્યવાહી



સુરેન્દ્રનગર | ચોટીલાની આણંદપુર ચોકડી નજીક રાજસ્થાન પાસિંગના ટ્રકમાંથી રૂપિયા ત્રેતાળીસ પોઈન્ટ પચાસ લાખના ચોત્રીસ હજાર આઠસો બિયરના ટીનનો જથ્થો રાજકોટ રેન્જની ટીમે ઝડપી પાડ્યો છે, જેમાં પોલીસે ટ્રકચાલકની ધરપકડ કરીને ટ્રક અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા અઠાવન લાખ પંચાવન હજાર ત્રણસોનો મુદ્દામાલ કબજે કર્યો છે અને આ જથ્થો લુધિયાણાથી મોરબી તરફ લઈ જવાતો હોવાનું ખુલ્યું છે. બાતમીના આધારે રાજકોટ રેન્જની ટીમે ગોઠવેલી વોચ દરમિયાન ગત રાત્રિના આશરે બે ચાલીસ વાગ્યે પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.સી. મિયાત્રા અને ટીમે આણંદપુર ચોકડી પાસે શંકાસ્પદ ટ્રક અટકાવી તપાસ કરી હતી. તપાસમાં તાલપત્રી નીચે છુપાવેલો ત્રણ અલગ-અલગ બ્રાન્ડના બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. કુલ એક હજાર ચારસો પચાસ બોક્સમાંથી રૂપિયા ત્રેતાળીસ પોઈન્ટ પચાસ લાખની કિંમતના ચોત્રીસ હજાર આઠસો ટીન જપ્ત કરાયા હતા. બિયર ઉપરાંત ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂપિયા અઠાવન લાખ પંચાવન હજાર ત્રણસોનો મુદ્દામાલ કબજે લેવાયો છે.

## સુરતમાં તોડકાંડ વિવાદમાં ભાજપ નેતાને નોટિસ, મનીષ નાયક પાસે લેખિત ખુલાસો માંગ્યો

(એજન્સી) સુરત । તા. 25

સુરતમાં ઓગણીસ લાખ રૂપિયાના કથિત તોડકાંડની વાતચીત વાયરલ થયા બાદ શરૂઆતમાં પ્રસાર માધ્યમોને નોટિસ આપવાની ધમકી આપનારા શહેર ભાજપ તંત્રએ હવે પોતાના જ પક્ષના નેતા મનીષ નાયકને કારણદર્શક નોટિસ પાઠવી છે, કારણ કે વોર્ડ નંબર સત્તાવીસના કિસાન મોરચાના શહેર કાર્યકારી સભ્ય દ્વારા કરાયેલી સામાજિક માધ્યમની પોસ્ટ, પ્રસાર માધ્યમો સાથેની વાતચીત અને વોર્ડના વર્તનથી પક્ષને ક્ષોભજનક સ્થિતિમાં મૂકવામાં આવ્યાનો આક્ષેપ કરીને સાત દિવસમાં લેખિત ખુલાસો માંગવામાં આવ્યો છે અને સમયમર્યાદામાં જવાબ ન મળે તો શિસ્તભંગના પગલાં લેવાની સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. સુરતમાં ઓગણીસ લાખ રૂપિયાના કથિત તોડકાંડને લગતી વાતચીત સામાજિક માધ્યમો પર વાયરલ થતા રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. આ પ્રકરણમાં વાતચીત વાયરલ કરનાર પક્ષના જ હોદ્દેદાર મનીષ નાયક સામે શહેર ભાજપ દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. તેઓ વોર્ડ નંબર સત્તાવીસના કિસાન મોરચાના શહેર કાર્યકારી સભ્ય તરીકે કાર્યરત છે. પક્ષ દ્વારા આપવામાં આવેલી કારણદર્શક નોટિસમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે સામાજિક માધ્યમ પરની પોસ્ટ, પ્રસાર માધ્યમો સાથેની વાતચીત તેમજ વોર્ડમાં તેમના વર્તનને કારણે પક્ષની છબી ખરડાઈ છે અને પક્ષને ક્ષોભજનક સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. આ બાબતે તેમનો પક્ષ રજૂ કરવા માટે સાત દિવસની અંદર લેખિત ખુલાસો રજૂ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.



## ગોસિંદ્રા ગામમાં ગાંજાના છોડ મળતા ભારે ખળભળાટ, સાત લાખ અંસી હજારનો મુદ્દામાલ

(એજન્સી) વડોદરા । તા. 25

વડોદરા જિલ્લા નજીક આવેલા ગોસિંદ્રા ગામની નવીનગરી વિસ્તારમાં રહેતા જયંતિલાલ અંબાલાલ વસાવાના ઘરના પાછળના વાડામાં ઉગાડેલા ગાંજાના છ લીલા છોડ પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને જપ્ત કર્યા છે, જેમાં બે દશાંશ તેવીસ કિલોગ્રામ વજનના આ છોડની કિંમત સાત લાખ એંસી હજાર પાંચસો રૂપિયા આંકવામાં આવી છે અને પોલીસે આરોપીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. વડોદરા નજીક ગોસિંદ્રા ગામની નવીનગરી ખાતે એક શખ્સે પોતાના ઘરના પાછળના ભાગમાં આવેલા વાડામાં ગાંજાના છોડ ઉગાડ્યા હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ગોસિંદ્રા ગામની નવીનગરીમાં રહેતા જયંતિલાલ અંબાલાલ વસાવાએ પોતાના ઘરના પાછળના વાડામાં વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના લીલા છોડનું વાવેતર કર્યું છે.

આ બાતમીના આધારે પોલીસ ટુકડીએ દરોડો પાડીને તપાસ હાથ ધરી હતી, જેમાં સંબંધિત શખસ સ્થળ પર હાજર મળી આવ્યો હતો. તેને સાથે રાખીને ઘરના પાછળના ભાગમાં આવેલા વાડામાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન જમીનમાં મીઠી લીમડી, સીતાફળ અને તુવેરના છોડની વચ્ચે ગાંજાના છોડ ઉગાડેલા જોવા મળ્યા હતા. તેમાં પાંચ છોડ એક જ જગ્યાએથી અને થોડે દૂરથી વધુ એક છોડ મળીને કુલ છ લીલા છોડ મળી આવ્યા હતા. પોલીસે તમામ છોડ જમીનમાંથી બહાર કાઢીને વજનકાંટા પર વજન કરતાં કુલ ચોખ્ખું વજન બે દશાંશ તેવીસ કિલોગ્રામ નોંધાયું હતું. આ છોડ આશરે ત્રણથી દસ ફૂટ જેટલી લંબાઈના હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. પોલીસે ગાંજાના એક કિલોના સાડા ત્રણ લાખ રૂપિયા લેખે કુલ બે દશાંશ તેવીસ કિલોગ્રામ ગાંજાના છોડની કિંમત સાત લાખ એંસી હજાર પાંચસો રૂપિયા આંકી છે. ઘરના પાછળના વાડામાં અન્ય વનસ્પતિની આડમાં ગાંજાનું વાવેતર કર્યાનો મામલો બહાર આવતાં પોલીસ તંત્રમાં ચકચાર મચી ગઈ છે.

## નર્મદા જિલ્લામાં વિશેષ સર્વે શરૂ થતા ખળભળાટ, છ તાલુકા અને છાસઠ ક્લસ્ટર આવરી લેવાશે

(એજન્સી) રાજપીપલા । તા. 25

નર્મદા જિલ્લામાં શિક્ષણના અધિકારથી કોઈ બાળક વંચિત ન રહી જાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા સોળ નવેમ્બરથી સોળ ડિસેમ્બર સુધી એક મહિના માટે વિશેષ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેમાં છ થી અઢાર વર્ષની વયજૂથના બાળકો પર ધ્યાન કેન્દ્રિત કરીને જિલ્લાના છ તાલુકા, છાસઠ ક્લસ્ટર અને તમામ ગામો તેમજ શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં ઘરેઘરે જઈને શાળાએ ન ગયેલા અને અભ્યાસ છોડી દેનારા બાળકોની ઓળખ કરવામાં આવશે.

નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપલાથી શરૂ થયેલા આ અભિયાન હેઠળ શિક્ષણ વિભાગની ટીમો ઘરેઘરે પહોંચીને વાસ્તવિક ચિત્ર મેળવશે. ઝૂંપડપટ્ટીઓ, ઔદ્યોગિક વસાહતો, બાંધકામ સ્થળો અને વાડી વિસ્તારોમાં વસતા પરિવારોના બાળકો નિયમિત શાળાએ જાય છે કે નહીં તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. સોળ નવેમ્બરથી શરૂ થયેલી આ કામગીરી સોળ ડિસેમ્બર સુધી સતત એક મહિના સુધી ચાલશે.

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત હાથ ધરાયેલી આ ઝુંબેશમાં છ થી અઢાર વર્ષના બાળકોની શૈક્ષણિક સ્થિતિ પર વિશેષ લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ કામગીરીનો મુખ્ય હેતુ ક્યારેય શાળામાં પ્રવેશ ન મેળવનારા, ભણતર અધવચ્ચે છોડી દેનારા તેમજ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા દિવ્યાંગ બાળકોને શોધી કાઢીને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવાનો છે.

દિવાળી વેકેશન દરમિયાન સ્થળાંતરિત મજૂર પરિવારોનો એક વર્ગ પોતાના વતન તરફ પરત ફરતો હોવાથી બાળકોની સાચી શૈક્ષણિક સ્થિતિ જાણવા માટે આ સમયગાળો અત્યંત મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે. સ્થળાંતરના કારણે ઘણા કિસ્સાઓમાં બાળકોનું શિક્ષણ ખોરવાતું હોય છે, જેવી બાબતો પણ આ સર્વે દરમિયાન સામે આવી શકે છે.

સર્વેની કામગીરીના સુચારુ સંચાલન માટે જે-તે વિસ્તારની પ્રાથમિક શાળાને મુખ્ય કેન્દ્ર બનાવવામાં આવશે. શાળાના આચાર્યના નેતૃત્વમાં શિક્ષકો, ક્લસ્ટર રિસોર્સ કોઓર્ડિનેટર, બ્લોક રિસોર્સ કોઓર્ડિનેટર અને વિશિષ્ટ શિક્ષકોની ટીમો ક્ષેત્રમાં ઉતરશે.

## નરસિંહજીના વરઘોડામાં ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું, ચાર દરવાજામાં ભક્તિમય માહોલ



વડોદરા | દેવદિવાળીના પાવન પ્રસંગે વડોદરાની ઐતિહાસિક નરસિંહજીની પોળમાંથી ભગવાન નરસિંહજીનો બસો નેવ્યાસીમો ભવ્ય વરઘોડો સાંજે પાંચ વાગ્યે સાજન-મહાજન સાથે નીકળ્યો હતો, જેમાં હજારો શ્રદ્ધાળુઓ જોડાતાં સમગ્ર ચાર દરવાજા વિસ્તાર ભક્તિમય બન્યો અને શ્વેત વસ્ત્રોમાં સજ્જ ભક્તોએ પાલખી ઊંચકીને જય નરહરિલાલના નાદ ગુંજવ્યા હતા. મંદિર ખાતે વહેલી સવારથી જ ભગવાનને ચાંદલો કરવા માટે ભાઈઓ-બહેનોની લાંબી કતારો લાગી હતી. પહેલા નાના નરસિંહજી અને ત્યારબાદ મુખ્ય મંદિરમાં ચાંદલા વિધિમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સાંજે શ્વેત વસ્ત્રો અને ટોપીમાં સજ્જ ભક્તોએ સુશોભિત પાલખી ખભે ઊંચકી ત્યારે ગગનભેદી નાદ ગુંજી ઊઠ્યા હતા. મકાનોની અગાસી અને ગેલેરીમાંથી ભક્તોએ વરઘોડા પર પુષ્પવર્ષા કરી હતી. વરઘોડો રાત્રે વિઠ્ઠલનાથજી મંદિરે પહોંચ્યો હતો, જ્યાં ભગવાનને ભોગ ધરાવી પુનઃ પ્રસ્થાન કર્યું હતું. મોડી રાત્રે તુલસીવાડી ખાતે ભગવાનને પોંખવામાં આવ્યા હતા અને વૈદિક મંત્રોચ્ચાર સાથે તુલસી વિવાહની વિધિ શરૂ થઈ હતી.

### છ એકમોને સુધારા નોટિસ ફટકારી

## નર્મદા જિલ્લામાં ઓપરેશન હેલ્થ ઝુંબેશથી ખળભળાટ



(એજન્સી) રાજપીપલા । તા. 25

નર્મદા જિલ્લામાં નાગરિકો અને પ્રવાસીઓના સ્વાસ્થ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને રાજ્યવ્યાપી આરોગ્ય ઝુંબેશ અંતર્ગત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા બુધવારે રાજપીપળાથી એકતાનગર સુધીના માર્ગ પર આવેલી ઓગણીસ હોટેલ, રેસ્ટોરન્ટ અને રિસોર્ટમાં સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી, જેમાં નિયમોના ઉલ્લંઘન બદલ એક હોટેલને તાત્કાલિક અસરથી સ્વયં બંધ કરાવવામાં આવી છે, છ એકમોને સુધારાત્મક નોટિસ પાઠવવામાં આવી છે અને બાવન કિલોગ્રામ અખાદ્ય ખાદ્ય સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં નાગરિકોના આરોગ્ય, સુરક્ષા અને સુખાકારીને ધ્યાનમાં રાખીને મંત્રીની સૂચનાથી શરૂ કરાયેલી રાજ્યવ્યાપી ઝુંબેશ અંતર્ગત નર્મદા જિલ્લામાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે વિશેષ તપાસ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટીમોએ રાજપીપળાથી એકતાનગર તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલી ઓગણીસ હોટેલ, રેસ્ટોરન્ટ અને રિસોર્ટની ઝીણવટભરી તપાસ કરી હતી.

તપાસ દરમિયાન ખાદ્ય સુરક્ષાના ધારાધોરણો અને સ્વચ્છતાના નિયમોનું પાલન ન થતું હોવાનું તંત્રના ધ્યાને આવ્યું હતું. નિયમોનો ભંગ કરનાર કુલ છ હોટેલ




અને રેસ્ટોરન્ટને જરૂરી સુધારાત્મક પગલાં ભરવા અંગે સત્તાવાર નોટિસ ફટકારવામાં આવી છે. આ કાર્યવાહી દ્વારા ખાદ્ય વ્યવસાય સાથે જોડાયેલા સંચાલકોને નિયમોનું કડક પાલન કરવાનો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.

ચકાસણી દરમિયાન એક હોટેલ પાસે ફરજિયાત ખાદ્ય પરવાનો ન હોવાનું તેમજ રસોડામાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ પરિસ્થિતિ જળવાતી ન હોવાનું ગંભીરતાપૂર્વક સામે આવ્યું હતું. ખાદ્ય સુરક્ષાના નિયમોનું ગંભીર ઉલ્લંઘન જણાતા તંત્ર દ્વારા સંબંધિત હોટેલને તાત્કાલિક અસરથી સ્વયં બંધ કરવાની કાર્યવાહી કરાવવામાં આવી હતી. આ ઉપરાંત તપાસ અભિયાન દરમિયાન વિવિધ સ્થળોએથી મળી આવેલી કુલ બાવન કિલોગ્રામ અખાદ્ય ચીજવસ્તુઓનો યોગ્ય નિકાલ થાય તે સુનિશ્ચિત કરીને સંબંધિત સ્થળોએ જ સ્વેચ્છાએ નાશ કરવામાં આવ્યો હતો. બગડેલી અથવા ખાવાલાયક ન રહેલી સામગ્રી બજારમાં કે ગ્રાહકો સુધી ન પહોંચે તે માટે તંત્ર દ્વારા તકેદારીના પગલાં ભરવામાં આવ્યા હતા.

### કુપોષણ અને સિકલસેલ પર ચર્ચા, સાંસદ મનસુખભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા

## નર્મદા જિલ્લામાં સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ ખળભળાટ

(એજન્સી) રાજપીપલા । તા. 25



નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપલા સ્થિત ડોક્ટર બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે બુધવારે જિલ્લા કક્ષાની સ્વાસ્થ્ય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાએ તંદુરસ્ત નાગરિકો દેશના સર્વાંગી વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે તેવો મત વ્યક્ત કરીને આરોગ્ય સેવાઓને વધુ અસરકારક અને ગુણવત્તાસભર બનાવવા પર ભાર મૂક્યો હતો તેમજ કુપોષણ અને સિકલસેલ એનિમિયા સહિતના મુદ્દાઓ પર છ જૂથમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.

આ પ્રસંગે ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ નાગરિકોને સ્વાસ્થ્યલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે સમર્પિત ભાવનાથી કાર્ય કરી રહ્યો છે, જે ગૌરવની વાત છે. દેશનો દરેક નાગરિક તંદુરસ્ત હોવો જરૂરી છે, કારણ કે તંદુરસ્ત નાગરિક જ વિવિધ ક્ષેત્રોમાં દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશને વર્ષ બબ્બે હજાર સુડતાળીસ સુધીમાં વિકસિત રાષ્ટ્રોની હરોળમાં લઈ જવાના સંકલ્પ સાથે વિવિધ ક્ષેત્રોમાં અનેકવિધ પ્રયાસો કરી રહ્યા છે. આ દિશામાં કૃષિ, રોજગાર, પશુપાલન અને ઔદ્યોગિક ક્ષેત્રની સાથે આરોગ્ય ક્ષેત્રે પણ અનેક લોકકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આરોગ્ય સેવાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચે તે માટે સૌએ સાથે મળીને કાર્ય કરવું જરૂરી છે.

આ કાર્યક્રમમાં નર્મદા જિલ્લાના આરોગ્ય સમિતિના ચેરમેન ડોક્ટર દયારામ વસાવાએ જણાવ્યું હતું કે નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા નાગરિકોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે, જે અભિનંદનને પાત્ર છે. આ સ્વાસ્થ્ય પરિષદનો મુખ્ય ઉદ્દેશ આરોગ્ય ક્ષેત્રના વિવિધ પડકારો અને સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરીને નાગરિકોને વધુ અસરકારક અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે.

જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી જનકકુમાર માઢકે સ્વાસ્થ્ય પરિષદની રૂપરેખા રજૂ કરવાની સાથે રજૂઆત પત્રકના માધ્યમથી નર્મદા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરી અને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પરિષદ દરમિયાન આરોગ્ય વિભાગના વિવિધ નિષ્ણાતો દ્વારા આરોગ્યલક્ષી વિષયો પર ઉપસ્થિતોને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

### એક કલાકમાં આગ પર કાબૂ મેળવાયો

## વડોદરામાં સિલિન્ડર બ્લાસ્ટ થતા ભારે ખળભળાટ

(એજન્સી) વડોદરા । તા. 25

વડોદરા શહેરના ડભોઈ રોડ પર સોમા તળાવ નજીક આવેલા એક કોમ્પ્લેક્સના ફ્લેટમાં દેવ દિવાળીની રાત્રે ફટાકડાના કારણે લાગેલી ભીષણ આગ દરમિયાન ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થતા ઘરની તમામ ઘરવખરી બળીને ખાક થઈ ગઈ છે અને ધડાકા સાથે દિવાલ ધરાશાઈ થઈ છે, જોકે સદનસીબે પરિવાર બહાર ગયેલો હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી અને ફાયર બ્રિગેડની ટીમોએ એક કલાકમાં આગ પર કાબુ મેળવી લીધો છે.

દેવ દિવાળી નિમિત્તે વડોદરામાં ઠેર-ઠેર દારૂખાનું ફોડવામાં આવી રહ્યું હતું, ત્યારે ડભોઈ રોડ વિસ્તારમાં સોમા તળાવ પાસે આવેલા સિલ્વર સ્ટોલ એપાર્ટમેન્ટમાં બીજા માળે આવેલા વસંતભાઈ પટેલના ફ્લેટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. પ્રાથમિક વિગતો મુજબ ફટાકડાને કારણે આ આગ લાગી હોવાનું સામે આવ્યું છે.

જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ



કરી લીધું હતું અને ફ્લેટની અંદર રહેલી તમામ ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ઘરમાં રાખેલા ટીવી, ફ્રીઝ, વાતાનુકૂલિત યંત્ર તેમજ ફર્નિચર સહિતની ચીજવસ્તુઓ આગમાં સંપૂર્ણપણે ભસ્મીભૂત થઈ ગઈ હતી. સારા નસીબે ઘટના સમયે પરિવારના સભ્યો બહાર ગયા હોવાથી ફ્લેટમાં કોઈ હાજર નહોતું, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી.

આગની જ્વાળાઓ ઘરમાં રહેલા ગેસ સિલિન્ડર સુધી પહોંચતા પ્રચંડ ધડાકા સાથે સિલિન્ડર ફાટ્યો હતો.

### જમીનના ભાગનો વિવાદ કારણભૂત

## ભાડથર ગામે પિતરાઈ ભાઈ દ્વારા યુવાનની હત્યા થઈ

(એજન્સી) ખંભાળિયા । તા. 25

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે જમીનના ભાગ બાબતે છેલ્લાં સાતેક વર્ષથી ચાલતા વિવાદમાં ચાલીસ વર્ષીય યુવાન ભોલાભાઈ કારાભાઈ અવસુરાને લોખંડના ધારિયાના આડેધડ ઘા ઝીંકી તેના જ પિતરાઈ ભાઈ નાથાભાઈ લખમણભાઈ અવસુરા દ્વારા કરપીણ હત્યા નીપજાવાયાનો બનાવ સામે આવ્યો છે, જેમાં ગંભીર રીતે ઘવાયેલા ભોલાભાઈનું હોસ્પિટલમાં મોત નીપજ્યું છે અને બનાવ બાદ નાસી ગયેલા આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે ખાટલા ડુંગર વાડી વિસ્તારમાં ભોલાભાઈ કારાભાઈ અવસુરા પોતાની માતા લાખીબેન કારાભાઈ અવસુરા સાથે રહેતા હતા. માહિતી મુજબ યુવાનની પત્ની પોતાના પુત્ર સાથે છેલ્લાં આશરે સત્તર વર્ષથી ભટ્ટગામ ખાતે રીસામણે રહે છે. આશરે સાતેક વર્ષથી ભોલાભાઈ અને તેમના પિતરાઈ ભાઈ નાથાભાઈ લખમણભાઈ અવસુરા વચ્ચે પારિવારિક જમીનના ભાગ બાબતે વિવાદ ચાલતો આવતો હતો. આ જ વિવાદમાં આજથી આશરે એક વર્ષ પૂર્વે પણ આરોપી નાથાભાઈએ ભોલાભાઈને માર માર્યો હોવાનું જાણવા મળે છે.

ગઈકાલે સાંજે માતા-પુત્ર ઘરે હાજર હતા, ત્યારે ભોલાભાઈ પોતાના ઘર પાસે પાણીની મોટર ચાલુ કરવા માટે ગયા હતા. તે સમયે આરોપી નાથા લખમણ અવસુરા લોખંડના ધારિયા સાથે ત્યાં ધસી આવ્યો હતો અને ભોલાભાઈને ગાળો આપીને ધમકી ઉચ્ચારી હતી કે આજે તો તને મારી જ નાખવો છે. વચ્ચે પડેલા માતા લાખીબેનને ગણકાર્યા વિના ઉશ્કેરાયેલા આરોપીએ ભોલાભાઈના માથા તેમજ પગના ભાગે લોખંડના ધારિયાના બેફામ ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે તેઓ લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડ્યા હતા. ધારિયાના ઘા વાગતા પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જે દરમિયાન આરોપી નાથા લખમણ અવસુરા ત્યાંથી નાસી છૂટ્યો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા.

**કર્ક : ડ. ઢ.**

પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા બાળકને તમારી અપેક્ષાઓ પ્રમાણે કામ કરવા માટે પ્રેરણા આપજો.

**સિંહ : મ. ટ.**

તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો.

**કન્યા : પ. ઠ. ણ.**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદ જરૂર છે. કોઈ પિકનિક સ્પોટની મુલાકાત લઈ તમે તમારું પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**તુલા : ર. ત.**

ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ.

**વૃશ્ચિક : ન. ય.**

લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. પ્રિયપાત્ર સાથે ઝઘડો કરાવે એવા મુદ્દાઓ ટાળવા તમારી માટે શ્રેષ્ઠ રહેશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**મકર : ખ. જ.**

વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે.

**મીન : દ.ચ. ઝ. થ.**

કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમયપત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો.

## સુરક્ષા

### સરહદી વિસ્તારોની સુરક્ષા માટે પોલીસનો એક્શન પ્લાન, 10 સિનિયર IPS અધિકારીઓ મેદાનમાં ઉતરશે



ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા ગુજરાતના ગામોમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા પોલીસ દ્વારા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આ માટે 10 સિનિયર આઈપીએસ અધિકારીઓ મેદાનમાં ઉતરશે. 26 અને 27 નવેમ્બરના રોજ અધિકારીઓ કચ્છ, વાવ-થરાદ અને પાટણનાં 20 સરહદી ગામોની મુલાકાત લેશે.આ મુલાકાત દરમિયાન સરહદી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાની સ્થિતિનું ગ્રાઉન્ડ લેવલ પર નિરીક્ષણ કરવામાં આવશે. પોલીસની તૈયારી, પેટ્રોલિંગ વ્યવસ્થા અને સરહદી સુરક્ષાને લગતા વિવિધ પાસાઓની સમીક્ષા કરવામાં આવશે.આ કાર્યક્રમની વિશેષતા એ છે કે સિનિયર આઈપીએસ અધિકારીઓ સરહદી ગામોમાં સ્થાનિક લોકોના ઘરે રાત્રિ રોકાણ પણ કરશે. આ દરમિયાન ગામલોકો અને પોલીસ કર્મચારીઓ સાથે સીધો સંવાદ કરીને સ્થાનિક સ્તરે સુરક્ષાને લગતી સ્થિતિ અને સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કરવામાં આવશે.મુલાકાત દરમિયાન રાત્રિના સમયે પણ સમીક્ષા બેઠકો યોજવામાં આવશે. તેમાં સરહદી વિસ્તારોની સુરક્ષા વ્યવસ્થા, પોલીસની તૈયારી અને પેટ્રોલિંગ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ રીતે પોલીસ અધિકારીઓ સરહદી ગામોની સુરક્ષાની સ્થિતિનું સ્થળ પર જઈને મૂલ્યાંકન કરશે.

**વડીલ નું નિધન થતા કુટુંબીજનો એ મૃતદેહ મેડિકલ કોલેજ ને દાન કર્યો**

# પાણેથા ના દેસાઈ પરિવાર દ્વારા દેહદાન નો સંકલ્પ પૂર્ણ કરાયો

(એજન્સી) રાજપીપલા | તા.16



ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકા ના પાણેથા ગામના દેસાઈ પરિવારે કુટુંબ ના વડીલ નું નિધન થતા તેમના દેહદાન ના સંકલ્પ ને પૂર્ણ કરી વડીલ ના મૃતદેહ ને મેડિકલ કોલેજ ને દાન કરી સંકલ્પ પૂર્ણ કર્યો હતો.સંકલ્પ ફાઉન્ડેશન ભરૂચજે છેલ્લા ઘણા વર્ષોથી ભરૂચ શહેર જિલ્લામાં ચક્ષુદાન, દેહદાન , રક્તદાન તથા સાધન સહાય જેવા અનેક સામાજિક સેવા કાર્ય સક્રિય રીતે કરી રહી છે. તે અંતર્ગત તારીખ 23/11/26 ના સોમવાર ના રોજ ઝગડીયા તાલુકા ના પાણેથા ખાતે રહેતા 82 વર્ષીય દેસાઈ મહેન્દ્રભાઈ ફુલાભાઈ નું દુઃખદ નિધન થતાં મહેન્દ્રભાઈની દેહદાન કરવાની અંતિમ ઈચ્છા ની લાગણી ને માન આપતા. તેમના પુત્રી હેમાબેન દેસાઈ , જમાઈ કલ્પેશભાઈ દેસાઈ , પુત્રી રાજશ્રીબેન પટેલ , જમાઈ જનકભાઈ પટેલ , પુત્રી દર્શનાબેન પટેલ , જમાઈ જયેશભાઈ પટેલતથા સમગ્ર પરિવાર દ્વારા સ્વ. મહેન્દ્રભાઈનું દેહદાન કરવાનો નિર્ણય કર્યો અને સંકલ્પ ફાઉન્ડેશન ભરૂચ ના સ્થાપક સંજય તલાટી નો સંપર્ક કર્યો હતો.સંકલ્પ ફાઉન્ડેશન ભરૂચ દ્વારા મૃતક ના દેહને પરિવારજનો ની હાજરીમાં યોગ્ય સન્માન આપી મેડિકલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓના અભ્યાસ અર્થે દેહ ને ઝાયડસ મેડીકલ કોલેજ, દાહોદ ખાતે મોકલવામાં આવ્યો. દેહદાન ના આ સેવાકાર્ય માં ઝાયડસ મેડીકલ કોલેજ , દાહોદ ના હેતલ રાવ - જનરલ મેનેજર દ્વારા દેહદાન સ્વીકારી સામાજિક સેવાકાર્ય માં મદદરૂપ બન્યા હતા સંકલ્પ ફાઉન્ડેશન ભરૂચ ધ્વારા અત્યાર સુધીમાં 1259 ચક્ષુદાન , 25 દેહદાન સેવાભાવી પરિવારોના સહકાર થકી મેળવી શક્યા છે ... પરિવાર થકી થયેલા દેહદાન થી સમાજ ને ઉત્તમ ડોક્ટર બનાવવામાં મદદરૂપ બનશે .

## નોંધણવદરમાં પાટેશ્વર હનુમાનજીના સિંહાસન અને મુર્તિનુ પુનઃ સ્થાપન થશે

| નોંધણવદર | ( મુકેશભાઇ દવે દ્વારા)



પાલીતાણા તાલુકાના નોધણવદર ગામનું પ્રાચીન ગ્રામ દેવતા મંદિર પાટેશ્વર હનુમાનજી મહારાજ હવે નવા સિંહાસન અને મૂર્તિથી સાજ સજી રહ્યા છે. હનુમાનજી મહારાજની મૂર્તિ સાળંગપુરના હનુમાનજીની જેવી સ્થાપન કરવા માટે સુરતના ભડીયાદરા પરિવારે કમર કરશે છે.આ પરિવારના સભ્ય દાતાશ્રી: શ્રી બાબુભાઈ મનજીભાઈ ભડિયાદરા તથા તેમના સુપુત્ર શ્રી વિજયભાઈ બાબુભાઈ ભડિયાદરા, શ્રી દશરથભાઈ બાબુભાઈ ભડિયાદરાએ રૂપિયા 8 લાખનું દાન આપીને મંદિરને પુનઃનિર્માણ ગર્ભગૃહનો પુનઃનિર્માણ કરવાનું છે બીડુ ઝડપ્યું છે. આ પરિવારના સભ્યોએ સમગ્ર ગામવતી આ સેવા પોતાની જાતે સ્વીકારીને ઉપાડી છે.હનુમાનજી મંદિરમાં લોકોની શ્રદ્ધા અને આસ્થા વધું દૃઢ બનશે.આ સાથે મંદિરમાં હનુમાનજીની મૂર્તિ ભડીયાદરા મકોડભાઈ પોપટભાઈ તરફથી ધજા સ્થંભ કથીરીયા સુધીરભાઈ સવજીભાઈ અને મુખ્ય મંદિરનું પ્રવેશદ્વાર ધામેલીયા ધનશ્યામભાઈ ખોડાભાઈ તરફથી પ્રાપ્ત થયેલ છે

## જામનગર નજીક દરેડ GIDCની ફેક્ટરીમાં કામ કરતી સગીરાને ઠેકેદાર ભગાડી ગયાની ફરિયાદ

જામનગર : દરેડ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એક ફેક્ટરીમાં મજૂરીકામ કરતી 16 વર્ષીય સગીરા ગુમ થઈ જતાં તેના પિતાએ ફેક્ટરીના ઠેકેદાર સામે અપહરણની ફરિયાદ નોંધાવી છે. સગીરાના પિતાની ફરિયાદના આધારે પોલીસે નાઘેડી ગામના પ્રવિણ જોધાણી સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 137(2) અને 87 મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.ફરિયાદની વિગત મુજબ મૂળ ઉત્તરપ્રદેશના પીલીભીત જિલ્લાના રહેવાસી અને હાલ દરેડ ગામમાં મસ્જિદ રોડ પર પરિવાર સાથે રહેતા 48 વર્ષીય આધેડ ખાનગી કંપની સહિતના સ્થળોએ છૂટક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમની 16 વર્ષ અને ત્રણ માસની પુત્રી દરેડ જીઆઈડીસીમાં રાંદલમાતાજીના મંદિર પાસે આવેલા રેડવુડ બાથ નામના કારખાનામાં મજૂરીકામ કરતી હતી. ગત તા.17 ઓક્ટોબરના રોજ સવારે આઠ વાગ્યે સગીરા ટિફિન લઈને કારખાને કામે ગઈ હતી. તે દિવસે કારખાનામાં બાળમજૂરોને કામે રાખવા અંગે તપાસ થવાની હોવાનું જણાવી તે પોતાની સાથે આધારકાર્ડ પણ લઈ ગઈ હતી. બપોરે પિતાએ કારખાનાના ઠેકેદાર પ્રવિણનો સંપર્ક કરી પુત્રી સાથે વાત કરાવવાનું કહેતાં તેણે થોડીવારમાં વાત કરાવવાની ખાતરી આપી હતી, પરંતુ ત્યારબાદ સંપર્ક થઈ શક્યો નહોતો.રાત્રે પરિવારજનો ઘરે પરત ફર્યા ત્યારે સગીરા ઘરે આવી ન હતી. જેથી પિતાએ કારખાને જઈ તપાસ કરતાં તે બંધ જોવા મળ્યું હતું. ત્યારબાદ આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરવા છતાં પુત્રી મળી આવી નહોતી.

## ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા વેપારી ઝડપાયો : પાંચ શખ્સોના નામ ખુલ્યા, ૩.6,750નો મુદ્દામાલ કબજે

જામનગર : જામનગરમાં ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટાબાજીનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના રણજીતસાગર રોડ પર વસંતવાટિકા સોસાયટી પાસે જાહેર શેડમાં બેસીને દુબઈમાં રમાતી ઈન્ટરનેશનલ લીગ ટી-20ની એમ.આઈ.અમીરાત અને ગલ્ફ જાયન્ટ્સ વચ્ચેની મેચ પર રનફેર તથા હારજીતના સોદા કરી ક્રિકેટનો સટ્ટો રમતા એક વેપારીને પોલીસે ઝડપી લીધો છે. જ્યારે તેની પાસેથી સટ્ટાના વ્યવહારમાં વપરાતો મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ ૩.6,750નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ પ્રકરણમાં સટ્ટાના સોદા કરાવનારા અન્ય પાંચ શખ્સોનાં નામ પણ ખુલ્યાં છે.જામનગર સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોડની ટીમ ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન વસંતવાટિકા સોસાયટી શેરી નંબર 55ના ખૂણા પાસે એક શખ્સ મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચનો સ્કોર જોઈ અન્ય વ્યક્તિઓ સાથે રનફેર અને હારજીતના સોદા કરી સટ્ટો રમતો હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે પંચોને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો.દરોડા દરમિયાન પોલીસે વિશેષભાઈ અશોકભાઈ નાખવા (ઉંમર વર્ષ 41, રહે. કિશાન ચોક, નંદા બંધશેવાળી ગલી, જામનગર)ને ઝડપી લીધો હતો. તેની પૂછપરછમાં તે પોતાના મોબાઈલમાં 'ક્રિકેટ ગુરુ' નામની એપ્લિકેશન મારફતે એમ.આઈ. અમીરાત અને ગલ્ફ જાયન્ટ્સ વચ્ચેની મેચનો લાઈવ સ્કોર જોઈ જુદા જુદા મોબાઈલ નંબરો પર ફોન કરીને રનફેર તથા હારજીતના સોદા કરતો હોવાનું ખુલ્યું હતું.

**પેનલ પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા**

## જેલમાં બંધ જમીન કૌભાંડના આરોપી પથુભા ગોહિલનું મૃત્યુ; હાર્ટની બીમારીના કારણે હાર્ટ એટેક આવતા દમ તોડ્યો



(એજન્સી) ભાવનગર | તા.25

ભાવનગર જેલમાં 2024થી વિવિધ જમીન કૌભાંડ અને ગુજસીટોક સહિતની ગંભીર કલમો હેઠળ બંધ રહેલા આરોપી પથુભા ગોહિલનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે. હાર્ટની બીમારીના કારણે સવારે હાર્ટ એટેક આવતા તેમનું મૃત્યુ થયું હોવાનું પ્રાથમિક તારણ છે. ભાવનગર જેલમાં વિવિધ જમીન કૌભાંડના ગુનામાં સજા ભોગવી રહેલા કાચા કામના કેદી પથુભા ગોહિલનું જેલમાં મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તારણ મુજબ, હાર્ટની બીમારીના કારણે આજે સવારે હાર્ટ એટેક આવતા તેમનું મૃત્યુ થયું છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પથુભા ગોહિલ 2024થી અલગ-અલગ જમીન કૌભાંડમાં સંડોવાયેલા હોવાના કારણે જેલમાં બંધ હતા. તેમની સામે ગુજસીટોક (GUJCTOC) સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયેલો હતો અને તેઓ છેલ્લા 2 વર્ષ કરતાં વધુ સમયથી ભાવનગર જેલમાં હતા. અગાઉથી જ હાર્ટની બીમારી હોવાથી આજે સવારે અચાનક હાર્ટ એટેક આવતા જેલમાં જ તેમનું મોત નીપજ્યું હતું.

પથુભા ગોહિલના મૃત્યુ બાદ નિયમ મુજબ મૃતદેહને પેનલ પોસ્ટમોર્ટમ (પેનલ પી.એમ.) માટે ભાવનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં પરિવારજનો સિવિલ હોસ્પિટલ ખાતે એકઠા થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ આ જ જમીન કૌભાંડ મામલે જેલમાં સાથે રહેલા સતુભા સરવૈયા નામના વ્યક્તિનું પણ જેલમાં જ મોત નીપજ્યું હતું, ત્યારે હવે પથુભા ગોહિલના મોતથી ભારે ચર્ચા જાગી છે.

## જામનગરમાં 19,367 ખુલ્લા પ્લોટધારકો સામે વેરા વસૂલાત માટે કડક પગલાં : જાહેર નોટિસથી પ્લોટધારકોમાં ફફડાટ

(એજન્સી) જામનગર | તા.25



જામનગર મહાનગરપાલિકા દ્વારા મિલકતવેરાની વસૂલાત માટે હવે ખુલ્લા પ્લોટધારકો સામે પણ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરમાં 19,367 ખુલ્લા પ્લોટધારકોએ મિલકતવેરો ભરપાઈ કર્યો ન હોવાથી તેમની મિલકતો ઉપર વેરાનો બોજો ઊભો કરવા તેમજ સાંકેતિક કબજો લેવા મહાનગરપાલિકા દ્વારા જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ કાર્યવાહીથી બાકી વેરો ધરાવતા પ્લોટધારકોમાં ફફડાટ ફેલાયો છે. જીપીએમસી એક્ટ તથા તેને લાગુ પડતા નિયમો અનુસાર જામનગર મહાનગરપાલિકાની હદમાં આવેલી દરેક મિલકત, જેમાં ખુલ્લા પ્લોટનો પણ સમાવેશ થાય છે, તેના માલિકે મિલકતવેરો, આનુષંગિક વેરા અને સર્વિસ ચાર્જ ભરવાનો રહે છે. જોકે શહેરના અનેક ખુલ્લા પ્લોટધારકો દ્વારા લાંબા સમયથી વેરાની ચુકવણી કરવામાં આવી નથી.મહાનગરપાલિકા દ્વારા અગાઉ બાકી વેરાની વસૂલાત માટે વોરંટ તથા અનુસૂચિની બજવણી કરવામાં આવી હતી, તેમ છતાં વેરો ભરપાઈ ન થતાં હવે મિલકતવેરા શાખાએ આકરાં પગલાં લેવાનું શરૂ કર્યું છે.

શહેરના કુલ 19,367 ખુલ્લા પ્લોટધારકોની મિલકતો ઉપર વેરાનો બોજો ઊભો કરવા તથા સાંકેતિક કબજો લેવા માટે જાહેર નોટિસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. સાંકેતિક કબજાની કાર્યવાહી બાદ પણ બાકી વેરાની વસૂલાત નહીં થાય તો મિલકતો ટાંચમાં લેવા અને જરૂર પડ્યે જાહેર હરાજી સુધીનાં પગલાં લેવામાં આવશે. મહાનગરપાલિકાની આ કડક કાર્યવાહીથી બાકી વેરો ધરાવતા પ્લોટધારકોમાં હવે વેરો ભરવા માટે દોડધામ શરૂ થઈ છે.

## જામજોધપુરના સતાપર ગામે વડના ઝાડ નીચે તીનપત્તીનો જુગાર રમતા ત્રણ શખ્સ ઝડપાયા, બે નાસી છૂટ્યા

જામજોધપુર : જામજોધપુર તાલુકાના સતાપર ગામના પાદરમાં સસ્તેશ્વર મહાદેવ મંદિર પાસે વડના ઝાડ નીચે જાહેરમાં તીનપત્તી રોનપોલીસ નામનો જુગાર રમતા ત્રણ શખ્સોને જામજોધપુર પોલીસે ઝડપી લીધા હતા, જ્યારે પોલીસને જોઈને અન્ય બે શખ્સો નાસી છૂટ્યા હતા.જામજોધપુર પોલીસ સ્ટેશનના પોલીસકર્મી વિસ્તારમાં દારૂબંધી અને જુગાર સંબંધિત પેટ્રોલિંગમાં હતા ત્યારે સતાપર ગામે જાહેરમાં જુગાર રમાતો હોવાની ખાનગી બાતમી મળી હતી. જેના આધારે પંચોને સાથે રાખીને બપોરે 2:15 વાગ્યે દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી સતાપર ગામના વજાભાઈ ભીમાભાઈ પરમાર, દયેશ કલાભાઈ પરમાર અને દીપકભાઈ બાવનજીભાઈ પોલેતરને ઝડપી લીધા હતા. જ્યારે ભરતભાઈ છગનભાઈ પરમાર અને હરસુખભાઈ કરમણભાઈ ડાભી નાસી છૂટ્યા હતા.

## કનસુમરા GIDCની કેમિકલ પેઢીની ઓફિસમાં ત્રાટકેલા તસ્કરો ૩.1.90 લાખની રોકડ ચોરી ગયા

(એજન્સી) જામનગર | તા.25

જામનગર તાલુકાના કનસુમરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કેમિકલની એક ટ્રેડિંગ પેઢીને તસ્કરોએ નિશાન બનાવી ઓફિસની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી ટેબલના ખાનામાં રાખેલી રૂ.1.90 લાખની રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. પેઢીમાં લગાવેલા સીસીટીવી કેમેરાનાં ફૂટેજ તપાસતાં ચાર અજાણ્યા શખ્સોની ચોરીની કરતૂત સામે આવી છે.બનાવની વિગત મુજબ જામનગરના હીરજી મિસ્ત્રી રોડ પર પ્રણામી સ્કૂલ સામે એકતા એપાર્ટમેન્ટમાં રહેતા ભાવેશભાઈ રમેશભાઈ મુલચંદાણી કનસુમરા જીઆઈડીસીના સર્વે નંબર 181, પ્લોટ નંબર 9/5માં માતા સપનાબેન અને પિતા રમેશભાઈ સાથે ભાગીદારીમાં 'ગીરસન સફીન કેમિકલ્સ' નામની ટ્રેડિંગ પેઢી ચલાવે છે. તેમની પેઢીમાંથી કારખાનાઓમાં ઉપયોગમાં લેવાતા ઈલેક્ટ્રોપ્લેટિંગ કેમિકલનું વેચાણ કરવામાં આવે છે. ગત તા.16 નવેમ્બરના રોજ સવારે પોણા દસેક વાગ્યે પેઢીના મેનેજર પવનભાઈ કુબાવતે ભાવેશભાઈને ફોન કરીને જાણ કરી હતી કે, પેઢી ખોલવા જતાં ઓફિસની બારીની ગ્રીલ તૂટેલી હતી અને ટેબલના ખાના પણ ખુલ્લા તથા તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. તપાસ કરતા ટેબલના ખાનામાં રાખેલી રોકડ રકમ પણ ગાયબ હોવાનું સામે આવ્યું હતું.ભાવેશભાઈ અમદાવાદથી પરત આવ્યા બાદ પેઢીમાં તપાસ કરી હતી. તેમણે ગત તા.4 નવેમ્બરના રોજ પેઢીની દરેડ શાખાના એક્સિસ બેંક ખાતામાંથી રૂ.2.27 લાખ ઉપાડ્યા હતા, જેમાંથી રૂ.37 હજારનો ખર્ચ કર્યા બાદ બાકીના રૂ.1.90 લાખ રૂ.500ના દરની ચલણી નોટોમાં ઓફિસના ટેબલના ખાનામાં રાખ્યા હતા. પેઢીના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસતાં વહેલી સવારે આશરે 4:15 વાગ્યે ચાર અજાણ્યા શખ્સો પેઢીએ આવ્યા હોવાનું જણાયું હતું. જેમાં બે શખ્સો મુખ્ય દરવાજો ટપી અંદર પ્રવેશ્યા હતા.

**નદી, પર્વત, રણ અને સંસ્કૃતિના સંગમ સમાન બનાસકાંઠાની યશગાથા: દેવ દિવાળીના પાવન અવસરે 'બનાસ ગીત'નું અર્પણ કરાયું**

## બાલારામ ઉજાણી ગૃહ ખાતે વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં 'બનાસ ગીત'નો ભવ્ય લોકાર્પણ સમારોહ યોજાયો

(એજન્સી) પાલનપુર | તા.25

બનાસકાંઠાના નાગરિકોને ગૌરવ થાય તેવા આ અનોખા 'બનાસ ગીત'નો અર્પણ સમારોહ આજે સાંજે દેવ દિવાળીના પાવન અવસરે બાલારામ ઉજાણી ગૃહ ખાતે રાજ્ય સરકારના વન અને પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. બનાસકાંઠાની અસ્મિતા, સાંસ્કૃતિક વારસો, નદી, પર્વતો, જંગલો, સભ્યતા, લોકોની આગવી બોલી, જૈવ વિવિધતા, અનોખી ખેતી પદ્ધતિ, સુપ્રસિદ્ધ મંદિરો અને વેપાર સહિતની અનેક બાબતોને ગૌરવ અપાવતા આ ગીતના લોકાર્પણ પ્રસંગે જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, કલાકારો, વરિષ્ઠ નેતાગણ અને મીડિયા કર્મીઓની બહોળી ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. આ જિલ્લા ગીતનો લોકાર્પણ કાર્યક્રમ અત્યંત નોખી રીતે યોજવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લાની બે અગ્રણી સાંસ્કૃતિક સંસ્થાઓ 'વૃંદાવન પરિવાર, પાલનપુર' અને 'બનાસ મિત્રમંડળ, ડીસા' દ્વારા આયોજિત આ સમારોહમાં બનાસકાંઠાની સંસ્કૃતિની ભવ્ય ઝાંખી રજૂ કરવામાં આવી હતી, જેમાં વીસ કલાકારોના કાફલા દ્વારા નૃત્ય પ્રસ્તુતિ સાથે સમગ્ર 'બનાસ ગીત'ને લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ ગીત બનાવવાના વિચાર અંગે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા ગુજરાતના એવા જૂજ જિલ્લાઓ પૈકીનો એક છે, જેની પાસે વિપુલ પ્રમાણમાં કુદરતી, સામાજિક અને સાંસ્કૃતિક વૈવિધ્ય છે. અહીં સાચા અર્થમાં 'ભાત-ભાત કે લોગ' વસે છે. અહીં નદીઓ, પર્વતો, જંગલો, રણ, વિશાળ ખેતી, વિશ્વપ્રસિદ્ધ ધાર્મિક સ્થળો અને એશિયાની સૌથી મોટી ડેરી આવેલી છે. જિલ્લાનો અનહદ વિકાસ થયો હોવા છતાં ક્યારેય બનાસકાંઠાની વાત મોટા ફલક પર મુદ્દાસર રજૂ થઈ નહોતી. ગીત એક એવું સશક્ત માધ્યમ છે જેના થકી 'બ્રાન્ડ બનાસકાંઠા'ની વાત દુનિયા સમક્ષ મૂકી શકાય. આજે જે રીતે લોકોએ આ ગીતને વધાવ્યું છે, તેનાથી સમગ્ર ટીમનો ઉત્સાહ વધ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, મને ખાતરી છે કે આ ગીત જોઈને રાજ્યના અન્ય જિલ્લાઓને પણ પોતાના જિલ્લાની વાત ગર્વભેર રજૂ કરવાની પ્રેરણા મળશે.આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણી નાગરિકોએ એકસૂરે જણાવ્યું હતું કે, સામાન્યપણે રાજનેતાઓ આ પ્રકારના સાંસ્કૃતિક પ્રદાનમાં બહુ ઓછો રસ દાખવતા હોય છે, પરંતુ બનાસકાંઠા આ બાબતમાં સદ્ભાગી છે. આ ગીતથી બનાસકાંઠાના ગૌરવમાં વધારો થશે અને સમગ્ર ગુજરાત સહિત દેશ-વિદેશના લોકોને જિલ્લાનો સાચો પરિચય મળશે.થોડા મહિના પહેલાં પોતાના વતન બનાસકાંઠા માટે કંઈક અનોખું કાર્ય કરવાના વિચાર સાથે મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીએ મૂળ પાલનપુરના વતની અને હાલ મુંબઈ સ્થિત યુવા ફિલ્મ દિગ્દર્શિકા આદ્યા ત્રિવેદી સાથે પરામર્શ કરી 'બનાસ ગીત' બનાવવાનું નક્કી કર્યું હતું. બનાસકાંઠાની દીકરી આદ્યા ત્રિવેદીએ સતત સાત દિવસ સુધી જિલ્લાના વિવિધ સ્થળોએ શૂટિંગ કરીને આ ગીતનું સુંદર દિગ્દર્શન કર્યું છે. આ ગીતના ગીતકાર પરબતકુમાર નાયી છે, જ્યારે સંગીત મુંબઈ સ્થિત રાહુલ પટેલે આપ્યું છે. ગીતને કંઠ આપનાર ગાયિકા શિરીન મીર પણ બનાસકાંઠાની જ દીકરી છે.

## ધ્રોલના પીયાવા ચોકડી પાસે મોટરસાઇકલની અડફેટે 12 વર્ષના બાળકને ગંભીર ઈજા

(એજન્સી) ધ્રોલ | તા.25

ધ્રોલ તાલુકાના પીયાવા ચોકડી પાસે રસ્તા પરથી ચાલીને જઈ રહેલા 12 વર્ષના બાળકને પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી આવતી મોટરસાઈકલના ચાલકે હડફેટે લેતાં બાળકને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતમાં બાળકના ડાબા પગના ગોઠણ પાસે બે જગ્યાએ ફ્રેક્ચર થતાં ઓપરેશન કરી સળિયા નાખવાની ફરજ પડી હતી.આ બનાવ અંગે ધ્રોલ તાલુકાના હરિપર પીયાવા ચોકડી પાસે રહેતા અને મજૂરી કામ કરતા ભરતભાઈ હકુભાઈ ભુંડીયાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગત તા.11 નવેમ્બરના રોજ સવારે આશરે 11 વાગ્યે તેમનો 12

### 1 જ દિવસમાં 30,000 કરોડની કમાણી...

# NVIDIA માં વાપસી સાથે જેન્સન હુઆંગને મોટો ફાયદો



(એજન્સી) નવી દિલ્હી | તા.25

દુનિયાના અગ્રણી અબજોપતિઓમાં સામેલ Nvidiaના સહ-સ્થાપક જેન્સન હુઆંગની કંપનીમાં વાપસી થતાં તેમની સંપત્તિમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. Nvidiaના શેરમાં તેજી આવતાં હુઆંગની નેટવર્થમાં એક જ દિવસમાં 33.7 અબજ ડોલરનો વધારો નોંધાયો હતો. ફોર્બ્સના રિયલ ટાઈમ બિલિયનેર્સ ઈન્ડેક્સ મુજબ, 24 નવેમ્બરે તેમની સંપત્તિ વધીને 143.8 અબજ ડોલર થઈ હતી.જેન્સન હુઆંગની સંપત્તિમાં આ ઉછાળો Nvidiaના શેરમાં આવેલી રેલીને કારણે થયો હતો. કંપનીના બોર્ડે અગાઉના નિર્ણયમાં ફેરફાર કરીને હુઆંગને ફરી પ્રમુખ, CEO અને બોર્ડ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા હતા. આ નિર્ણય બાદ શેરમાં લગભગ 30%ની તેજી જોવા મળી હતી. જોકે, ત્યારબાદના ટ્રેડિંગ સેશનમાં શેરમાં થોડો ઘટાડો પણ નોંધાયો હતો.

હુઆંગે આશરે બે અઠવાડિયા અગાઉ CEO પદ છોડ્યું હતું. તેમના વિવાદ અને વિદેશી ઈન્ટેલિજન્સ તપાસ સંબંધિત અહેવાલો બાદ કંપનીના બોર્ડે તપાસ હાથ ધરી હતી. 23 નવેમ્બરે Nvidiaએ સત્તાવાર રીતે જાહેરાત કરી કે હુઆંગને ફરી CEO, પ્રમુખ અને બોર્ડ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જેન્સન હુઆંગે 1993માં Nvidiaની સહ-સ્થાપના કરી હતી. તેમણે કંપનીને ગ્રાફિક્સ ચિપ બનાવતી કંપનીમાંથી AI અને એડવાન્સ્ડ કમ્પ્યુટિંગ માટેના પ્રોસેસર ક્ષેત્રની વૈશ્વિક અગ્રણી કંપની બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. Nvidiaના શેરના પ્રદર્શન સાથે તેમની સંપત્તિમાં પણ મોટો ફેરફાર થતો રહે છે.

## જેન્સન હુઆંગની Nvidiaમાં વાપસી થતાં જ ડોનાલ્ડ ટ્રમ્પને 1 જ દિવસમાં 139 કરોડ રૂપિયાનો જંગી ફાયદો!

(એજન્સી) નવી દિલ્હી | તા.25

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને Nvidiaના શેરમાં આવેલા જોરદાર ઉછાળાથી મોટો નાણાકીય ફાયદો થયો હોવાનો અહેવાલ છે. Nvidiaના CEO જેન્સેન હુઆંગની કંપનીમાં અચાનક વાપસી બાદ શેરના ભાવમાં 31.5 ટકાનો ઉછાળો આવ્યો હતો. આ તેજીને કારણે ટ્રમ્પના Nvidia શેરહોલ્ડિંગની કિંમતમાં અંદાજે 15 મિલિયન ડોલર એટલે કે લગભગ 139.5 કરોડ રૂપિયાનો વધારો થયો હોવાના અહેવાલો સામે આવ્યા હતા. જેન્સેન હુઆંગે 1993માં Nvidiaની સ્થાપના કરી હતી. જોકે, ત્રણ મહિલાઓ સાથે સંબંધ હોવાના આક્ષેપો, જેમાં એક મહિલા ચીની જાસૂસ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી, તે સહિતના વિવાદો બાદ કંપનીના બોર્ડે તેમને પદ પરથી હટાવ્યા હતા. જોકે, અમેરિકી પ્રમુખ ટ્રમ્પના હસ્તક્ષેપ બાદ બોર્ડે હુઆંગને ફરી CEO તરીકે નિયુક્ત કર્યા હતા. ટ્રમ્પે CNBC સાથેની વાતચીતમાં કહ્યું હતું કે તેમણે Nvidiaના બોર્ડ સાથે વાત કરી હતી અને હુઆંગની વાપસી માટે સમજાવ્યું હતું. ટ્રમ્પે કહ્યું, 'મેં તેમની સાથે વાત કરી હતી. મેં તેમને સમજાવ્યા અને આ ડીલ કરી.'Nvidiaના શેરમાં સોમવારે 31.5 ટકાનો જોરદાર ઉછાળો આવ્યો હતો. આ તેજીને કારણે કંપનીના માર્કેટ વેલ્યુમાં લગભગ 950 અબજ ડોલરનો વધારો થયો હતો. હુઆંગ કંપનીના સાન્ટા ક્લારા હેડક્વાર્ટર પર પરત ફર્યા ત્યારે કર્મચારીઓએ તેમનું જોરદાર સ્વાગત કર્યું હતું અને 'જેન્સેન, જેન્સેન'ના નારા લગાવ્યા હતા. ટ્રમ્પના નાણાકીય ખુલાસા અનુસાર, 30 સપ્ટેમ્બર સુધી તેમની પાસે Nvidiaના 3.70 લાખ જેટલા શેર હોઈ શકે છે. છેલ્લા બે વર્ષ દરમિયાન ટ્રમ્પે Nvidiaના 2.3 કરોડથી 8.6 કરોડ ડોલર વચ્ચેના શેર ખરીદ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે. પ્રમુખપદ સંભાળ્યા બાદ તેમણે કેટલાક શેર વેચીને 35 લાખથી 1.02 કરોડ ડોલર વચ્ચેનો નફો પણ મેળવ્યો હોવાનું જણાવાયું છે.હુઆંગની વાપસીના સમાચારથી એશિયા-પેસિફિકના શેરબજારોમાં પણ તેજી જોવા મળી હતી. તાઈવાનના TW50 ઈન્ડેક્સમાં 9.5 ટકા, દક્ષિણ કોરિયાના કોસ્પીમાં 6.5 ટકા અને જાપાનના નિક્કીમાં લગભગ 4 ટકાનો ઉછાળો નોંધાયો હતો. SK Hynix અને Samsung Electronics જેવા ચિપ ઉત્પાદકોના શેરમાં પણ તેજી જોવા મળી હતી.

## મોનોમાર્ક એન્જિનિયરિંગ (ઇન્ડિયા) લિમિટેડનો આઇપીઓ 02 ડિસેમ્બર, 2026ના રોજ ખુલશે

મુંબઈ | મોનોમાર્ક એન્જિનિયરિંગ (ઇન્ડિયા) લિમિટેડ, ઈન્ડસ્ટ્રિયલ ઓ&એમ, પ્રોજેક્ટ અમલીકરણ અને મેટલ ફેબ્રિકેશન સર્વિસિસ પૂરી પાડતી કંપની છે. આ કંપનીએ બુધવાર, 2 ડિસેમ્બર, 2026ના રોજ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ ખોલવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનું લક્ષ્ય 175.50 કરોડ (અપર પ્રાઇસ બેન્ડ પર) એકત્ર કરવાનું છે, જેના શેર એનએસઈ અને બીએસઈ પ્લેટફોર્મ પર લિસ્ટેડ કરવામાં આવશે.આ આઈપીઓમાંથી પ્રાપ્ત થતી ચોખ્ખી રકમનો ઉપયોગ વધારાની કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂરી કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે. એન્કર બિડિંગ મંગળવાર, 1 ડિસેમ્બર, 2026ના રોજ છે; ઇશ્યુ બુધવાર, 2 ડિસેમ્બર, 2026ના રોજ ખુલશે અને શુક્રવાર, 4 ડિસેમ્બર, 2026ના રોજ બંધ થશે.આ ઇશ્યુ માટેના બુક રનિંગ લીડ મેનેજર હોલાની કન્સલ્ટન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ છે અને રજિસ્ટ્રાર બિગશેર સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ છે.મોનોમાર્ક એન્જિનિયરિંગ (ઇન્ડિયા) લિમિટેડના પ્રમોટર, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી નરેન્દ્ર ચોરડિયાએ જણાવ્યું, "છેલ્લા બે દાયકામાં, મોનોમાર્ક એન્જિનિયરિંગ એક એન્જિનિયરિંગ સર્વિસ કંપનીમાંથી એક ઇન્ટિગ્રેટેડ ઇન્ડસ્ટ્રિયલ સોલ્યુશન્સ પ્રદાતા તરીકે વિકસિત થઈ છે, જે ઓપરેશન્સ & મેન્ટેનન્સ, ઇન્ડસ્ટ્રિયલ પ્રોજેક્ટ અમલીકરણ અને મેટલ ફેબ્રિકેશન સર્વિસિસ પ્રદાન કરે છે. અમારો વિકાસ કાર્યના અમલીકરણમાં શ્રેષ્ઠતા, તકનીકી ક્ષમતાઓ અને મેટલ્સ, સિમેન્ટ, પોર્ટર્સ તથા એન્જિનિયરિંગ જેવા સેક્ટરના ક્લાયંટ્સ સાથે લાંબા ગાળાના સંબંધો કેળવવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે થયો છે.

## News Brief

### ભારતમાં 'વિઝન ફોર એવરી હોમ' પહેલ

### સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ ભારતમાં 108 નેત્ર-સંભાળ કેન્દ્રો સ્થાપશે




મુંબઈ | દેશભરમાં દૃષ્ટિહીન અને જરૂરિયાતમંદ દર્દીઓને અદ્યતન, ઉચ્ચ-ગુણવત્તાવાળી અને મફત આંખની સંભાળ પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે, 'સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ, સુપા' અંદાજે રૂ. 450 કરોડના અંદાજિત ખર્ચે વિશ્વ કક્ષાની આંખની હોસ્પિટલ સ્થાપવા જઈ રહ્યું છે. ટ્રસ્ટની મહત્વાકાંક્ષી પહેલ 'વિઝન ફોર એવરી હોમ' હેઠળ, નેત્રરોગ ચિકિત્સક ડૉ. ભાવિન પટેલે મુંબઈ પ્રેસ ક્લબ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જાહેરાત કરી હતી કે સમગ્ર ભારતમાં 108 નેત્ર સંભાળ કેન્દ્રો સ્થાપવાની યોજના છે. તેમણે પત્રકારોને વિનંતી કરી હતી કે જો તેઓને કોઈ જરૂરિયાતમંદ દર્દી મળે તો તેમને તેમની પાસે લાવવો અથવા તેની જાણ કરવી, જેથી તેઓ તેમની સંસ્થામાં તદ્દન વિનામૂલ્યે અથવા ખૂબ ઓછા ખર્ચે તેમની સારવાર કરી શકે. સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટનો મુખ્ય ઉદ્દેશ આંખના રોગોથી પીડિત દરેક દર્દીની વેદના દૂર કરવાનો અને તેમના ચહેરા પર સ્મિત લાવવાનો છે. તેનો હેતુ સમાજના સૌથી વંચિત વર્ગોને ઉચ્ચ ગુણવત્તાની આંખની સંભાળની સેવાઓ પૂરી પાડવાનો છે. આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં 21 અત્યાધુનિક ઓપરેશન થિયેટરો હશે, જેમાં દર વર્ષે 1.2 લાખ આંખની સર્જરી કરી શકાશે. હોસ્પિટલ સંકુલમાં દૃષ્ટિહીન બાળકો માટે વિશેષ સારવાર કેન્દ્ર, ઓપ્ટોમેટ્રી અને નર્સિંગ કોલેજ, દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે એક શાળા અને વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર પણ હશે. આ પહેલનો હેતુ આંખની સંભાળની સેવાઓને શિક્ષણ અને પુનર્વસન સુવિધાઓ સાથે જોડવાનો છે. ઑક્ટોબર 2022 અને ઑગસ્ટ 2026 ની વચ્ચે, ટ્રસ્ટે 1,991 થી વધુ આંખની તપાસ શિબિરો યોજી અને 191,333 દર્દીઓની તપાસ કરી. આ સમયગાળા દરમિયાન, 51,376 થી વધુ મફત મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા. 'રેટિનોપેથી ઓફ પ્રી-મેચ્યોરિટી' (ROP) પ્રોગ્રામ હેઠળ, 33,944 નવજાત શિશુઓની તપાસ કરવામાં આવી હતી, અને 1,014 લેસર સારવાર અને 164 સર્જરી કરવામાં આવી હતી. આ ઉપરાંત, ટ્રસ્ટે 10,000 થી વધુ દર્દીઓ અને તેમના સંબંધીઓને ખોરાક અને પોષણ સહાય પૂરી પાડી હતી. ટ્રસ્ટનો ધ્યેય વર્ષ 2026-27 દરમિયાન 926 થી વધુ આંખની તપાસ શિબિરોનું આયોજન કરવાનો છે. ડૉ. ભાવિન પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ નવી હોસ્પિટલ આંખની સંભાળ, શિક્ષણ અને પુનર્વસનના ક્ષેત્રોમાં નોંધપાત્ર પરિવર્તન લાવશે, એક એવો વિકાસ જે અત્યંત મૂલ્યવાન સાબિત થશે, ખાસ કરીને ભારતમાં અંદાજે 2,50,000 બાળકો દ્રષ્ટિની સમસ્યાઓથી પીડાય છે તે ધ્યાનમાં લેતા. સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ (SVNM ટ્રસ્ટ)ના અધ્યક્ષ ડૉ. ભાવિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'આજકાલ આંખને લગતી સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. તેના નિરાકરણ તરીકે, લગભગ 16 વીઘા જમીનમાં 'દ્રષ્ટિધામ' નામની અત્યાધુનિક સુપર સ્પેશિયાલિટી આંખની હોસ્પિટલ બનાવવાની યોજના છે.

## એમેઝોન ભારતમાંથી કુલ ઈ-કોમર્સ નિકાસમાં $27 બિલિયન સુધી પહોંચ્યું, 2030 સુધીમાં $80 બિલિયનના લક્ષ્ય તરફ આગેકૂચ

(એજન્સી) નવી દિલ્હી | તા.25

એમેઝોને આજે જાહેરાત કરી કે તે તેના મુખ્ય નિકાસ કાર્યક્રમ એમેઝોન ગ્લોબલ સેલિંગ દ્વારા ભારતમાંથી કુલ ઈ-કોમર્સ નિકાસમાં



$27 બિલિયન સુધી પહોંચી ગયું છે. આ 2030 સુધીમાં ભારતમાંથી 80 અબજ ડોલરના સંચિત ઈ-કોમર્સ નિકાસને સક્ષમ બનાવવાના તેના લક્ષ્ય તરફ સતત પ્રગતિ દર્શાવે છે. 2015માં શરૂ કરાયેલા એમેઝોન ગ્લોબલ સેલિંગે ભારતીય વ્યવસાયોને વિશ્વભરના ગ્રાહકો સુધી પહોંચવામાં મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. છેલ્લાં 11 વર્ષોમાં આ કાર્યક્રમમાં 2.4 લાખથી વધુ નિકાસકારોની નોંધણી થઈ છે, જેમણે એમેઝોનના વૈશ્વિક બજારોમાં ગ્રાહકોને એક અબજથી વધુ મેડ-ઇન-ઇન્ડિયા ઉત્પાદનો વેચ્યા છે. ગયા વર્ષે આ કાર્યક્રમ પર નિકાસકારોનો આધાર 20% વધ્યો છે, જે વૈશ્વિક ઈ-કોમર્સમાં ભારતીય વ્યવસાયોની વધતી ભાગીદારી દર્શાવે છે.એમેઝોન ગ્લોબલ સેલિંગ દેશભરમાં નોંધપાત્ર રીતે અપનાવાઈ રહ્યું છે અને તેણે 28 રાજ્યો, 7 કેન્દ્રશાસિત પ્રદેશો અને ભારતના 200થી વધુ શહેરો અને નગરોના વેચાણકર્તાઓને નોંધણી કરાવી છે. આ કાર્યક્રમે સફળતાપૂર્વક દર્શાવ્યું છે કે ટેકનોલોજી ભારતીય ઉદ્યોગસાહસિકો માટે વૈશ્વિક તકો કેવી રીતે ખોલી શકે છે. તે નિકાસકારોને યુએસ, યુકે, જર્મની, કેનેડા, યુએઈ, ફ્રાન્સ, ઇટાલી અને સ્પેન જેવા દેશોમાં 18થી વધુ એમેઝોન ગ્લોબલ સ્ટોર્સ પર લાખો ગ્રાહકોને વેચાણ કરીને વૈશ્વિક બ્રાન્ડ્સ બનાવવા માટે સક્ષમ બનાવે છે.એમેઝોન ગ્લોબલ સેલિંગ ઇન્ડિયાના વડા શ્રીનિધિ કાલ્વપુડીએ જણાવ્યું હતું કે: "ભારત ગ્રાહક નિકાસ માટે વૈશ્વિક પાવરહાઉસ બનવાની ક્ષમતા ધરાવે છે અને ઈકોમર્સ આ મહત્વાકાંક્ષાને વાસ્તવિકતામાં ફેરવવામાં મદદ કરી રહ્યું છે, જે દરેક ભારતીય વિક્રેતા માટે વૈશ્વિક નિકાસકાર બનવાની તકો ઊભી કરી રહ્યું છે. એમેઝોન ગ્લોબલ સેલિંગ પર 2.4 લાખ નિકાસકારો સાથે સંચિત ઈકોમર્સ નિકાસમાં $27 બિલિયન સુધી પહોંચવું એ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, પરંતુ તેનાથી પણ વધુ પ્રોત્સાહક બાબત એ છે કે વૈશ્વિક બજારોમાં બ્રાન્ડ બનાવતા અને ગ્રાહકો જીતતા ભારતીય વ્યવસાયોની વધતી સંખ્યા. અમે કાપડ જેવાં ક્ષેત્રોમાં જબરદસ્ત તકો જોઈએ છીએ, જ્યાં ભારતની ઉત્પાદન શક્તિઓ, કારીગરી અને ઉદ્યોગ સાહસિક પ્રતિભા વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત બ્રાન્ડ્સમાં રૂપાંતરિત થઈ શકે છે. ભારત સરકારના પ્રગતિશીલ સુધારાઓ અને નિકાસને સરળ બનાવવા પર સતત ધ્યાન ભારતીય વ્યવસાયો માટે વૈશ્વિક વેપારમાં ભાગ લેવા માટે નવી તકો ઊભી કરી રહ્યા છે. અમે 2030 સુધીમાં અમારી $80 બિલિયન નિકાસ પ્રતિબદ્ધતા તરફ કામ કરી રહ્યા છીએ તેમ અમારું ધ્યાન AI-આગેવાની હેઠળની નવીનતા, ક્ષમતા નિર્માણ અને મજબૂત ઇકોસિસ્ટમ ભાગીદારી દ્વારા વૈશ્વિક વેચાણને સરળ અને વધુ સુલભ બનાવવા પર છે, જ્યારે બ્રાન્ડ ઇન્ડિયાને વિશ્વમાં લઈ જવાના ભારત સરકારના વિઝનને ટેકો આપે છે."

## AI કંપનીઓનું ફંડિંગ વધીને ૧.૬ બિલિયન ડોલર પહોંચ્યું




અમદાવાદ : ભારતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) કંપનીઓએ ૨૦૨૬ના પ્રથમ નવ મહિનામાં ઇક્વિટી ફંડિંગમાં ઈ૧.૬ બિલિયન (આશરે ૧૪,૮૬૦ કરોડ) એકત્ર કર્યા છે, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં જોવા મળેલા સ્તર કરતાં લગભગ બમણા છે તેમ ટ્રેક્સન ટેક્નોલોજીસના અહેવાલમાં જણાવાયું હતું. ૨૦૧૯ પછી આવરી લેવામાં આવેલા નવ મહિનાના સમયગાળામાં આ સૌથી વધુ ફંડિંગ છે. અહેવાલ અનુસાર, ભારતીય એઆઈ કંપનીઓએ ૨૦૨૬ના નવ મહિનામાં ઇક્વિટી ફંડિંગમાં ૧.૬ બિલિયન ડોલર એકત્ર કર્યા છે, જે ૨૦૨૫ના નવ મહિનાના ૮૨૨ મિલિયન ડોલર કરતાં ૯૬% વધુ અને ૨૦૨૪ના નવ મહિનાના ૬૧૬ મિલિયન ડોલર કરતાં ૧૬૨% વધુ છે, જે ૨૦૧૯ પછીના નવ મહિનાના સમયગાળામાં સૌથી વધુ ફંડિંગ દર્શાવે છે.આ ફંડિંગ ૮૭ રાઉન્ડમાં એકત્ર કરવામાં આવ્યું હતું, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં થયેલા ૧૪૯ રાઉન્ડ કરતાં ઓછું હતું. આ દર્શાવે છે કે આ વધારો પ્રમાણમાં ઓછા પરંતુ મોટા સોદાઓ (ડીલ્સ)ને કારણે થયો છે. રોકાણમાં પ્રારંભિક તબક્કાનું (અર્લી-સ્ટેજ) ફંડિંગ મોખરે રહ્યું હતું, જ્યારે આ સમયગાળા દરમિયાન મુંબઈ બેંગલુરુને પાછળ છોડીને સૌથી વધુ ફંડિંગ મેળવતું શહેર બન્યું હતું.

### જ્યારે બે જીવન એક જ રિધમમાં આવે ત્યારે તમારા પ્લેટિનમ ડે ઓફ લવની ઉજવણી કરો

## પ્લેટિનમ લવ બેન્ડ રજૂ કરે છે, તેનું નવું કલેક્શન, બે વ્યક્તિના નજીક લાવતી નાની-નાની ક્ષણોની ઉજવણી કરવી

મુંબઈ | પ્લેટિનમ લવ બેન્ડ્સ રજૂ કરે છે, તેનું નવું કલેક્શન, જે બે લોકોના સંબંધને આગળ વધારે છે, આ કલેક્શન ક્ષણ, અભિવ્યક્તિ તથા વ્યક્ત કરેલા અનુભવોથી પ્રેરિત છે. પ્રેમને આગળ વધતા પ્રવાસ તરીકે ઉજવવાનું પ્રતિબિંબ છે, જે કાળજીપૂર્વક તથા સમજણ સાથેની એક નવી શરૂઆતની વ્યક્તિગત વાર્તાને પરિવર્તિત કરે છે. એરેન્જ્ડ થયેલા મેચમાં ઘણી વખત નાની-નાની બાબતો જ કોઈ અર્થપૂર્ણ સંબંધનો પાયો નાખતી હોય છે - જેમ કે, કોઈ વિચારપૂર્વક પૂછાયેલા પ્રશ્ન, સાથે મળીને કરેલું સ્મિત, કોઈ નાની બાબતને યાદ રાખવી કે



એકબીજાની સંગાથ હોવાનો શાંત અહેસાસ. જ્યારે બે વ્યક્તિઓ એકબીજાને જાણવાથી આગળ વધીને સાથે મળીને જીવન વિતાવવાની દિશામાં આગળ વધે છે, ત્યારે આવી ક્ષણો એક એવા સંબંધને વિકસાવે છે જે સંપૂર્ણપણે તેમનો પોતાનો હોય છે. આ નવું કલેક્શન સંગાથની આ અભિવ્યક્તિઓ માટે વિચારીને તૈયાર કરવામાં આવેલા પ્લેટિનમ લવ બેન્ડ્સની રીતે રજૂ કરે છે. દરેક ડિઝાઈન બે વ્યક્તિગત માર્ગોથી લઈને શબ્દો વિના સમજી શકાય તેવી સરળતા સુધી, એક જ દિશામાં ચાલવાના સહિયારા પ્રવાસના એક અલગ પાસામાંથી તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં કોતરેલી રેખાઓ, પ્રવાહી સ્વરૂપો, જીઓમેટ્રિક પેટર્ન અને અનંત રૂપરેખાઓ જ આ વાર્તાઓને જીવંત બનાવે છે, જે બે લોકો તેમની અલગ રીધમ કેવી રીતે શોધે છે, એકબીજાની નજીક કઈ રીતે આવે છે અને ભવિષ્યની કલ્પના કેવી રીતે કરે છે, એમ અલગ-અલગ ઘણી રીતે પ્રતિબિંબિત કરે છે.લાંબા સમય સુધી ટકી રહે, એ પ્લેટિનમમાંથી ઘડાયેલી આ વીંટીઓ એ એવી પ્રતિબદ્ધતાનું પ્રતીક છે, જે સમય જતાં વધુ ગાઢ બનતી જાય છે.

### ગોલ્ડ પર લોનના ઊંચા પ્રમાણ સામે પણ ધિરાણદારોને ચેતવણી

## NBFCના ગોલ્ડ લોન પોર્ટફોલિઓની વ્યાપક ચકાસણીની આવશ્યકતા: RBI

મુંબઈ : સોનાના ભાવમાં તાજેતરમાં થયેલા જોરદાર ઘટાડાને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસીસ)ને તેમના ગોલ્ડ લોન પોર્ટફોલિઓની વ્યાપક ચકાસણીની આવશ્યકતા હોવાનું જણાવ્યુ હતું.સોનાના ભાવમાં તાજેતરના ઘટાડાને કારણે મૂલ્યથી લોનનું પ્રમાણ ખોરવાઈ ગયું છે. ગોલ્ડ સામે ૮૫ ટકા જેટલા લોનના ઊંચા પ્રમાણ સામે પણ ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.સોનાના ભાવમાં ઉપથી ૪૦ ટકા ઘટાડો થયો છે ત્યારે તેમાં વધુ સાવચેત રહેવાની જરૂરત હોવાનું રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ બેઠકમાં એનબીએફસીસના સીઈઓ ને તાકીદ કરી હોવાનું સુત્રોએ જણાવ્યુ હતું. સદર બેઠકમાં એનબીએફસીસ ઉપરાંત હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ તથા માઈક્રોફાઈનાન્સ સંસ્થાઓના ડાયરેકટર્સ તથા એક્ઝિકયૂટિવ્સ પણ હાજર રહ્યા હતા.ગ્રાહકોને સરળ સેવા, ફરિયાદ નિવારણ માટે અસરકારક યંત્રણા તથા રિકવરીની યોગ્ય પદ્ધતિ પર પણ ગવર્નરે ભાર આપ્યો હતો.

ભારત સહિત વિશ્વના અનેક દેશોની નાણાં સંસ્થાઓ પર સાઈબર હુમલામાં વધારો થયો છે, જેને પરિણામે કરોડો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે ત્યારે સાઈબર સિક્યુરિટી માળખાને મજબૂત બનાવવા પણ નિર્દેશ અપાયો હતો. એનબીએફસીસ તથા હાઉસિંગ ફાઈનાન્સ દ્વારા કરાતા ધિરાણ જવાબદારીભર્યા રહે તે પણ આવશ્યક છે.એપ્લિકેશન પ્રોગ્રામીંગ ઈન્ટરફેસિસ (એપીઆઈસ) સંબંધિત નિયંત્રણોને મજબૂત બનાવવા, થર્ડ પાર્ટી સિસ્ટમ્સ માટે સલામતિ સખત કરવા તથા ફન્ડસ ટ્રાન્સફર પરની દેખરેખ વધારવા આરબીઆઈએ બેન્કો, તથા એનબીએફસીસને આ અગાઉ જ સૂચના આપેલી છે.

## બ્રેક માર્યા વગર જ NHAI ટોલ પ્લાઝાએ કરી અધધધ 538.95 કરોડની કમાણી

મુંબઈ : દેશના નેશનલ હાઈવે પર મુસાફરી કરતા વાહનચાલકો માટે ટોલ પ્લાઝા પર લાગતી લાંબી કતારો હવે ભૂતકાળ બની રહી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) દ્વારા અમલમાં મૂકાયેલી અવરોધ-મુક્ત 'મલ્ટી લેન ફ્રી ફ્લો' (MLFF) સિસ્ટમ મુસાફરોની સુવિધાની સાથે સરકારની તિજોરી ભરવાનું મશીન સાબિત થઈ છે. તાજેતરના આંકડા મુજબ, દેશના સાત ટોલ પ્લાઝા પર વાહનોને રોક્યા વિના જ કુલ 538.95 કરોડની ટોલ આવક એકત્ર કરવામાં આવી છે, જે અગાઉની 449.72 કરોડની આવક કરતાં 89.23 કરોડ એટલે કે 19.84 ટકા વધુ છે.NHAI એ અત્યાર સુધીમાં દેશના મુખ્ય હાઈવે પર કુલ નવ MLFF સિસ્ટમ સ્થાપિત કરી છે, જેમાંથી 31 ઓક્ટોબર, 2026 સુધીના સાત પ્લાઝાના ડેટા જાહેર કરાયા છે. દેશમાં સૌપ્રથમ 1 મે, 2026ના રોજ ગુજરાતના ચોર્યાસી ટોલ પ્લાઝા પર આ સિસ્ટમ શરૂ થઈ હતી. ત્યારબાદ દિલ્હીના મુંડકા, હરિયાણાના ધરૌંડા, રાજસ્થાનના દૌલતપુરા, મનોહરપુરા, શાહજહાંપુર અને તમિલનાડુના પરાનુર ખાતે તેનો



અમલ થયો, જ્યાં ટોલ વસૂલાતમાં 15.66% થી લઈને 26.95% સુધીનો ઉછાળો નોંધાયો છે. નવેમ્બર 2026માં તમિલનાડુના નેમિલી અને ચેનાસમુદ્રમ ખાતે પણ આ સુવિધા શરૂ કરાઈ છે.MLFF સિસ્ટમમાં ટોલ બૂથ કે બેરિયર હોતા નથી. હાઈવે પર લાગેલા ખાસ કેમેરા વાહનની નંબર પ્લેટ સ્કેન કરે છે અને લાંબા અંતરની રેડિયો સિસ્ટમ દ્વારા FASTag ઓળખીને સીધો ટોલ કાપી લે છે. જો કોઈ વાહનનો FASTag ન વંચાય તો પણ વાહનને રોકવામાં આવતું નથી, પરંતુ બાદમાં ઈલેક્ટ્રોનિક ચલણ (ઈ-ચલણ) મોકલવામાં આવે છે. અત્યાર સુધીમાં જારી કરાયેલા ઈ-ચલણની 60 ટકા રકમ વસૂલાઈ ચૂકી છે.

### વાર્ષિક ઇન્ક્રીમેન્ટ 3%થી વધારી 6% કરવા અને 50% DA મર્જ કરવાની માંગ

## 6% ઈન્ક્રીમેન્ટ, 5 પ્રમોશન અને 15 લાખનો વીમો... 8મા પગારપંચ હેઠળ કર્મચારીઓએ શું-શું માગ્યું?

(એજન્સી) નવી દિલ્હી | તા.25

8મા પગાર પંચને લઈને કેન્દ્રીય કર્મચારીઓએ પોતાની માંગણીઓ તેજ કરી દીધી છે. કર્મચારી સંગઠન ભારત રક્ષા મજદૂર સંઘ (BPMS) દ્વારા પગાર પંચ સમક્ષ પગાર, પેન્શન, બોનસ અને રજાઓને લગતા કુલ 73 પ્રસ્તાવો રજૂ કરવામાં આવ્યા છે. આ મુખ્ય માંગણીઓમાં 6 ટકા વાર્ષિક ઈન્ક્રીમેન્ટ, સમગ્ર કારકિર્દી દરમિયાન 5 વખત પ્રમોશન અને 15 લાખ રૂપિયા સુધીનું વીમા કવર આપવાનો સમાવેશ થાય છે. BPMSએ માંગણી કરી છે કે હાલમાં કેન્દ્રીય કર્મચારીઓને મળતા 3 ટકા વાર્ષિક ઈન્ક્રીમેન્ટને વધારીને 6 ટકા કરવામાં આવે. આ ઉપરાંત, મોંઘવારી ભથ્થા (DA)નો 50 ટકા હિસ્સો બેઝિક સેલેરી અને પેન્શનમાં મર્જ કરવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.કર્મચારી સંગઠને 30 વર્ષની સેવા દરમિયાન ઓછામાં ઓછા 5 વખત નાણાકીય અપગ્રેડેશન (MACP) આપવાની માંગ કરી છે. આ સાથે જ પ્રમોશન માટે મહત્તમ 5 વર્ષની સમયમર્યાદા નક્કી કરવા અને ખાલી જગ્યાઓ પર નિર્ભર રહેવાને બદલે ડાયનેમિક પ્રમોશન સિસ્ટમ લાગુ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

BPMS દ્વારા કેન્દ્રીય કર્મચારી જૂથ વીમા યોજના (CGEGIS) હેઠળ મળતા વીમા કવરને 30 હજાર રૂપિયાથી વધારીને ઓછામાં ઓછું 15 લાખ રૂપિયા કરવાની માંગ કરવામાં આવી છે. તેવી જ રીતે, ડિપોઝિટ લિંક્ડ ઈન્શ્યોરન્સની મર્યાદા પણ વધારીને 10 લાખ રૂપિયા કરવાનો પ્રસ્તાવ મૂકાયો છે. સંગઠને નવી પેન્શન યોજના (NPS) અને યુનિફાઇડ પેન્શન સ્કીમ (UPS)ના સ્થાને જૂની પેન્શન યોજના (OPS) ફરીથી લાગુ કરવાની માંગ કરી છે. આ ઉપરાંત, તમામ કર્મચારીઓને ઓછામાં ઓછા 30 દિવસના પગાર અને મોંઘવારી ભથ્થા જેટલું બોનસ આપવાનો પણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.કર્મચારી સંગઠને રજાઓના નિયમોમાં પણ ફેરફાર કરવાની માંગ કરી છે. જેમાં પિતૃત્વ રજા (Paternity Leave) વધારીને 45 દિવસ કરવા, ચાઈલ્ડ કેર લીવ દરમિયાન પૂરો પગાર ચૂકવવા અને વાર્ષિક પરચુરણ રજા (Casual Leave) વધારીને 12 દિવસ કરવાનો સમાવેશ થાય છે. આ સાથે જ મહિલા કર્મચારીઓ માટે દર મહિને 1 દિવસની મેન્સ્ટ્રુઅલ લીવ આપવાનો પ્રસ્તાવ પણ મૂકાયો છે.ઉલ્લેખનીય છે કે આ તમામ મુદ્દાઓ હાલમાં કર્મચારી સંગઠનની માંગણીઓ અને પ્રસ્તાવો છે, જેના પર સરકારની મંજૂરી મળવાની હજુ બાકી છે. 8મું પગાર પંચ આ પ્રસ્તાવો પર વિચારણા કર્યા બાદ પોતા

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક વદ - 02

# ભાજપએ શા માટે અકાલી દળ સાથે ગઠબંધન કરવું પડયું?

પંજાબમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપ અને શીરોમણી અકાલી દળએ ગઠબંધન કર્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલએ ગઠબંધનની જાહેરાત દિલ્હી ભાજપની ઓફિસમાંથી કરી હતી. છેલ્લા ઘણા વખતથી બંને વચ્ચે ગઠબંધનની વાતો ચાલતી હતી, પરંતુ છેવટનો નિર્ણય લેવાતો નહોતો. પંજાબમાં ભાજપ એકલે હાથે કદી જીતી શકે નહીં. બીજી તરફ પંજાબમાં હંમેશા શીખ મુખ્યમંત્રી રહ્યા છે. ભાજપ પાસે એવો કોઈ શીખ ચહેરો નહોતો કે જેને મુખ્યમંત્રી તરીકે જાહેર કરી શકે. ભાજપ અને અકાલી દળ છ વર્ષ પછી સાથે આવ્યા છે. અમિત શાહે જાહેર કર્યું છે કે અકાલી દળ મોટા ભાઈની ભૂમિકામાં રહેશે. ચૂંટણી જીત્યા પછી અકાલી દળના નેતા જ મુખ્યમંત્રી બનશે. બંને પક્ષો ભેગા મળીને પંજાબમાં ત્રણ વખત સરકાર બનાવી ચૂક્યા છે. કૃષિ સુધારા કાયદાઓને લઈને સપ્ટેમ્બર ૨૦૨૦માં ૨૪ વર્ષબાદ બંનેનું ગઠબંધન તૂટી ગયું હતું. આપ અને કોંગ્રેસને સત્તાથી દુર રાખવા માટે ભાજપે અકાલી દળ સાથે ગઠબંધન કર્યું છે.પશ્ચિમ બંગાળની ભાજપ સરકાર રાજ્યનું નામ બદલીને 'પશ્ચિમ બંગા' કરવા માંગે છે. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના જણાવ્યા પ્રમાણે નામ બદલવાનો પ્રસ્તાવ ૯મી ડિસેમ્બરે વિધાનસભામાં રજૂ થશે. પ્રસ્તાવ પસાર થયા પછી કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે જ્યાં નામ બદલવાની સંસદીય અને કાયદાકીય પ્રક્રિયા પૂરી થશે. અંગ્રેજીમાં પણ રાજ્યનું નામ 'વેસ્ટ બંગાળ'ને બદલે 'પશ્ચિમ બંગા' રહેશે. પશ્ચિમ બંગાળની રચનાનો ઈતિહાસ ૨૦ જૂન ૧૯૪૭ સાથે જોડાયેલો છે અને નવા નામથી ઈતિહાસને માન્યતા આપવામાં આવશે. ઘણા લાંબા સમયથી ભાજપ 'પશ્ચિમ બંગા' નામને રાજ્યની રચના અને વિભાજનના ઈતિહાસ સાથે જોડી રહ્યો છે. ૧૯૪૭માં બંગાળના વિભાજન પછી પૂર્વ વિભાગને પૂર્વ બંગાળ, જે હવે બાંગ્લાદેશ છે કહેવામાં આવ્યું હતું.પંજાબમાં ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓની વચ્ચે આમ આદમી પાર્ટી ૨૬ નવેમ્બરે પોતાના ૧૪મા સ્થાપના દિવસ પર મોઘા ખાતે શક્તિ પ્રદર્શન કરશે. પક્ષે આ મોકા પર એક મોટી રેલીનું આયોજન કર્યું છે. અત્યાર સુધી જાહેર કરવામાં આવેલા વિધાનસભાની ચૂંટણીના તમામ એટલે કે ૭૧ ઉમેદવારો આ રેલીમાં હાજર રહેશે. મુખ્યમંત્રી ભંગવત સિંહ માન અને પક્ષના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ પણ આ મંચ પર હાજર રહેશે. પ્રદેશના રાજકારણમાં પહેલી વખત આપે જાહેર કરેલા ૭૧ ઉમેદવારો રાષ્ટ્રીય અને પ્રદર્શના નેતૃત્વ સાથે દેખાશે. આ સિવાય આમ આદમી પાર્ટીના તમામ હોદ્દેદારો પણ રેલીમાં હાજર રહેશે. આ રેલી માટે મોઘાને પસંદ કરવા માટે પણ રાજકીય કારણ છે. માલવાની વચ્ચે આવેલું મોઘા પહેલેથી જ મોટી રાજકીય રેલીઓનું કેન્દ્ર રહ્યું છે.ઉત્તર પ્રદેશના દબગ રાજકારણી રાજા ભૈયાએ કુંડા ખાતે કથાકાર ધિરેન્દ્ર શાસ્ત્રીની રામકથાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમ ભારે સફળ રહ્યો હતો. જોકે આ કાર્યક્રમની સફળતા યોગગુરુ રામદેવને ગમી લાગતી નથી. બાબા રામદેવે કડવાશથી કહ્યું હતું કે, આવા લોકો પાંખડનો સહારો લઈને લોકોમાં ભ્રમ ફેલાવે છે. એમનાથી દુર રહેવું જોઈએ. બાબા બાગેશ્વરએ મધ્યપ્રદેશમાં એક કાર્યક્રમ દરમિયાન ભગવાન રામ અને કૃષ્ણની સરખામણી કરવાથી મોટો વિવાદ થયો હતો. એ વખતે પણ બાબા રામદેવે બાબા બાગેશ્વર વિરુદ્ધ નિવેદન કર્યું હતું. એ વખતે બાબા રામદેવે એવી ટીકા કરી હતી કે, 'કેટલાક લોકોએ વેદ, પુરાણ, રામાયણ કે મહાભારત વાંચ્યા નથી. એમને લોકશાહી કે બંધારણ વિશે પણ ખબર નથી. ગમે ત્યાંથી બકવાસ કર્યા કરે છે. જોકે બાબા બાગેશ્વરે બાબા રામદેવની ટીકાનો કોઈ જવાબ હજી સુધી આપ્યો નથી.'કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) ના નેતા સૌરવ દાસે એવો આક્ષેપ કર્યો છે કે, એમને લંડન જતા રોકવામાં આવ્યા હતા. ઈન્સ્ટાગ્રામ પર વીડિયો પોસ્ટ કરીને એમણે એવો દાવો કર્યો છે કે તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં લેક્ચર આપવા જવાના હતા, પરંતુ દિલ્હી એરપોર્ટ પર ઈમીગ્રેશન કાઉન્ટર પર એમને અટકાવવામાં આવ્યા હતા. જોકે સત્તાવાર મળેલી જાણકારી પ્રમાણે સૌરવ દાસને ઓક્સફર્ડ યુનિવર્સિટી નહીં પરંતુ ઓક્સફર્ડ યુનિયનમાં ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

# કાર્તિકી પૂર્ણિમા 2026 : સોમનાથ માં અમૃત વર્ષા સંયોગના અલૌકિક દર્શન કરવા ભક્તો ઉમટ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

સોમનાથ તા.૨૫. પ્રથમ જ્યોતિર્લિંગશ્રી સોમનાથ મહાદેવ ની પાવન ભૂમિ પ્રભાસ તીર્થ ખાતે કાર્તિકી પૂર્ણિમાના પવિત્ર પર્વે પ્રકૃતિ અને પરમાત્માના અદ્ભુત આધ્યાત્મિક સંયોગના સાક્ષી બનવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. કાર્તિકી પૂર્ણિમા ની મધ્યરાત્રિએ બરાબર 12 વાગ્યે આકાશમાં પૂર્ણ ચંદ્રદેવ શ્રી સોમનાથ મંદિરના શિખરની સીધી રેખામાં આવી પહોંચ્યા હતા. ચંદ્રદેવ પોતાના આરાધ્ય ભગવાનસોમનાથ મહાદેવના જ્યોતિર્લિંગ પર જાણે અમૃત વર્ષા કરી રહ્યા હોય તેવો અલૌકિક અને દિવ્ય નજારો સર્જાયો હતો. આ અદ્ભુત ખગોળીય અને આધ્યાત્મિક સંયોગના દર્શન કરવા મંદિર પરિસર અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં ભક્તો એકત્રિત થયા હતા. સોમનાથ મહાદેવ અને ચંદ્રદેવ વચ્ચેના પૌરાણિક સંબંધના કારણે કાર્તિકી પૂર્ણિમાનું સોમનાથ તીર્થમાં વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. ચંદ્રદેવ દ્વારા ભગવાન શિવની આરાધના અને તપશ્ચર્યાના કારણે જ આ પવિત્ર તીર્થને પ્રભાસ ક્ષેત્ર અને ભગવાન શિવને સોમનાથ તરીકે વિશેષ ઓળખ પ્રાપ્ત થઈ છે. ત્યારે કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ સર્જાતો આ દિવ્ય નજારો ભક્તો માટે શ્રદ્ધા, ભક્તિ અને આધ્યાત્મિક આનંદનો અનોખો અવસર બન્યો હતો.શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કાર્તિકી પૂર્ણિમા પર્વ નિમિત્તે આયોજિત વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે આ દિવ્ય સંયોગે સમગ્ર પ્રભાસ તીર્થના વાતાવરણને શિવમય અને ભક્તિમય બનાવી દીધું હતું. ભક્તોએ હર હર મહાદેવ અને જય સોમનાથના જયઘોષ સાથે આ અલૌકિક ક્ષણને હૃદયમાં સંચિત કરી હતી.કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રિએ 12 વાગ્યે શ્રી સોમનાથ મહાદેવની ભવ્ય મહાઆરતી કરવામાં આવી હતી. મંત્રોચ્ચાર, શંખનાદ અને ઘંટારવ સાથે યોજાયેલી આ દિવ્ય મહાઆરતી ના દર્શન કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુઓ ધન્ય બન્યા હતા. એક તરફ આરાધ્ય સોમનાથ મહાદેવની મહાઆરતી અને બીજી તરફ મંદિરના શિખરની સીધી રેખામાં પૂર્ણ ચંદ્રદેવના અલૌકિક દર્શનનો અદ્ભુત



સંયોગ સર્જાયો હતો. આ ભક્તિમય અને દિવ્ય વાતાવરણમાં ભક્તોએ જય સોમનાથના નાદ સાથે ધન્યતાની અનુભૂતિ કરી હતી.

# ગિરનાર લીલી પરિક્રમા પૂર્ણ થતા બોરદેવી ખાતે મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા સઘન સફાઈ ઝુંબેશ




નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. પવિત્ર ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ થતા સ્વચ્છતા જાળવી રાખવાના ભાગરૂપે તા.૨૫/૧૧/૨૦૨૬ ના રોજ જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા પરિક્રમા બાદ આ વિસ્તારને પુનઃ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે હાથ ધરાયેલી સફાઈ ઝુંબેશમાં મહાનગરપાલિકા,જૂનાગઢ ની સેનિટેશન શાખાના ૧૦૦ સફાઈ કર્મચારીઓની ટીમ દ્વારા ૨ ટ્રેક્ટર અને ૨ કચરા કલેક્શન રિક્ષાની મદદથી સમગ્ર અભિયાન દરમિયાન બોરદેવી વિસ્તારમાંથી કુલ ૨,૨૦૦ કિલોગ્રામ જેટલો કચરો એકત્રિત કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.
પરિક્રમા રૂટ અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા અને આરોગ્ય જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા સતત સફાઈ કામગીરી કરવામાં આવી રહી છે.

# નર્મદા જિલ્લામાં 11 હાઈવે હોટેલોની સઘન તપાસ કરાઈ : બે હોટલોને નોટિસ ફટકારવામાં આવી

રાજપીપલા | નર્મદા જિલ્લામા પ્રવાસીઓ અને મુસાફરોને. શુદ્ધ અને આરોગ્યપ્રદ. ભોજન મળી રહે. તે માટે ફૂડ & ડ્રગસ વિભાગ દ્વારા હાઈવે પર આવેલી હોટેલોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. હાલમાં દિવાળી વેકેશન ચાલી રહ્યું હોવાથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ નર્મદા જિલ્લાના પ્રવાસન સ્થળોની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે મુસાફરોના આરોગ્ય અને ખાદ્ય સુરક્ષાને પ્રાથમિકતા આપીને રાજપીપળાથી એકતાનગર સુધી નર્મદા જિલ્લાની હદમાં આવેલી હાઈવે હોટેલોમાં ખાસ તપાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.આ તપાસ દરમિયાન હોટેલોમાં ગ્રાહકોને પીરસવામાં આવતા ખોરાકની ગુણવત્તા, ખાદ્ય સામગ્રી તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવાતા કાચા માલની ગુણવત્તા, રસોડા સહિતના સ્થળોએ સ્વચ્છતાની જાળવણી તેમજ હોટેલમાં કાર્યરત કર્મચારીઓની વ્યક્તિગત સ્વચ્છતા જેવા મહત્વના પાસાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. હોટેલ સંચાલકો દ્વારા ખાદ્ય સુરક્ષાના નિર્ધારિત ધોરણોનું પાલન થાય છે કે નહીં તેની પણ ચકાસણી કરવામાં આવી હતી.આ ઝુંબેશ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૧ હોટેલોની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૨ હોટેલોમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ-૨૦૦૬ના શિડ્યુલ-૪ની શરતો અને જોગવાઈઓનું પાલન થતું ન હોવાનું જણાતા સંબંધિત હોટેલ સંચાલકોને જરૂરી સુધારા કરવા માટે નોટિસ આપવામાં આવી છે. આ ઉપરાંત આશરે ૧૮ કિલો જેટલી બિનઆરોગ્યપ્રદ ખાદ્ય સામગ્રીનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો છે.આ સાથે જ ગ્રાહકોને ખાદ્ય પદાર્થોની યોગ્ય અને પારદર્શક માહિતી મળી રહે તે માટે હોટેલોમાં વેચાણ કરવામાં આવતા આઈસક્રીમ અંગે પણ વિશેષ સૂચના આપવામાં આવી છે. જે અંતર્ગત હોટેલ સંચાલકોએ દૂધમાંથી તૈયાર કરાયેલા આઈસક્રીમ અને પામતેલ તથા મિલ્ક પાવડરમાંથી તૈયાર થતા આઈસક્રીમ જેવા દેખાતા 'ફ્રોઝન ડેઝર્ટ' વચ્ચેનો સ્પષ્ટ ભેદ દર્શાવતું બોર્ડ ગ્રાહકોને સરળતાથી દેખાય તે રીતે લગાવવાનું રહેશે. આ અંગે પણ તંત્ર દ્વારા વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.છેલ્લે મળતી માહિતી મુજબ કુલ 19 હોટલ ની તપાસ કરવામાં આવી હતી જેમાં 6 હોટલ ને સુધારા નોટિસ ફટકારી 52 કિલો અખાદ્ય ખોરાક નો જથ્થો નાશ કરવામાં આવ્યો હતો જયારે એક હોટલ ને સેલ્ફ ક્લોઝર કરવામાં આવી હતી .

# ગિરનાર લીલી પરિક્રમામાં કુલ ૨૨,૨૪૨ ભાવિકોને અપાઈ આરોગ્ય સારવાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૪ જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગિરનાર લીલી પરિક્રમામાં પધારેલા શ્રદ્ધાળુઓની આરોગ્ય સુરક્ષા માટે વહીવટી તંત્ર દ્વારા પરિક્રમા રૂટથી લઈને ગિરનાર પર્વત સુધી વ્યાપક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. તા.૧૯ થી ૨૪ નવેમ્બર દરમિયાન આરોગ્ય વિભાગની ટીમો દ્વારા કુલ ૨૨,૨૪૨ લોકોને આવશ્યક તબીબી સારવાર પૂરી પાડવામાં આવી હતી. પરિક્રમામાં પધારતા શ્રદ્ધાળુઓની સુવિધા અને આરોગ્યની સુરક્ષાને ધ્યાને રાખીને તા. ૧૯નવેમ્બરથી એમ્બ્યુલન્સ, જીવનરક્ષક દવાઓ સહિતની આરોગ્ય સેવાઓ કાર્યરત કરવામાં આવી હતી. પરિક્રમા રૂટ પર હંગામી દવાખાનાં ઊભાં કરવાની સાથે રાવટીઓમાં પણ મેડિકલ ટીમો તૈનાત રાખવામાં આવી હતી. આ ઉપરાંત ગિરનાર પર્વત પર પણ યાત્રિકોની અવરજવર અને ધસારાને ધ્યાનમાં રાખીને આરોગ્ય સેવાઓની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી હતી. પરિક્રમા દરમિયાન આપવામાં આવેલી સારવારમાં ૧૪,૪૫૬ લોકોને શરીરના દુખાવા, ૧,૪૦૯ને તાવ, ૪,૧૪૨ને શરદી, ૨૫૨ને ઝાડા, ૨૧૮ને ઊલટી અને ૯૧ને ઝાડા-ઊલટીની સારવાર આપવામાં આવી હતી. જ્યારે ૧,૫૨૩ લોકોને અન્ય જરૂરી તબીબી સારવાર પૂરી પાડવામાં આવી હતી. વધુ સારવારની જરૂરિયાત ધરાવતા ૯૯ દર્દીઓને રીફર કરવામાં આવ્યા હતા. પરિક્રમાના અંતિમ દિવસે પણ આરોગ્ય વિભાગ દ્વારા ૬૪૫ જેટલા લોકોને સારવાર આપવામાં આવી હતી.

# કેશોદમાં ખોડા પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું




નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ તા.૨૫ જુનાગઢ રોડ પાસે આવેલ શ્રી ગિરનારા સોની સમાજ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવેલ આ સપ્તાહ દરમિયાન શાસ્ત્રીશ્રી ઉત્તમચંદ્ર સારસ્વત (પુષ્ટિમાર્ગીય વક્તા)એ અત્યાર સુધીમાં 79 જેટલી ભાગવત કથાનું રસપાન સંગીતના સથવારે શ્રદ્ધાળુઓને શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવેલ છે,આ ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ સવારે ૧૦ થી બપોરે ૧ અને બપોરે ૪ થી ૭ કલાક સુધી કથાનું રસપાન કરાવવામાં આવેલ. સપ્તાહના પ્રારંભે પોથીયાત્રા, કપિલ પ્રાગટ્ય, નૃસિંહ પ્રાગટ્ય, વામન પ્રાગટ્ય અને શ્રીરામ પ્રાગટ્ય શ્રી કૃષ્ણ જન્મોત્સવ, રુકમણી વિવાહ સુદામા ચરિત્ર સહિતના ધાર્મિક પ્રસંગો નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં 20- 11 ને શુક્રવારના રોજ 108 ઉત્સવ રાયજી મહારાજ સહપરિવાર કૃપા વિચારી પધારેલ હતાં.

# પાક વળતરની માંગ સાથે સાત દિવસની ભૂખ હડતાળનો અંત, ખેતીવાડી અધિકારીના આશ્વાસન બાદ પારણા

## ■ ડાંગ જિલ્લામાં 33 ટકા પાક નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ થયાનું મૌખિક આશ્વાસન અપાયું; ખેડૂતોના પ્રશ્ને કલેક્ટર કચેરીએ પહોંચેલા ખેડૂતોમાં તંત્રના વલણ સામે નારાજગી.

ડાંગ | ડાંગ જિલ્લામાં પાક નુકસાનના વળતરની માંગ સાથે ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા સામાજિક આગેવાન મહેશ આહીર દ્વારા શરૂ કરવામાં આવેલી ભૂખ હડતાળ આજે સાતમા દિવસે સમાપ્ત થઈ હતી. જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા પાક નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ થયાનું મૌખિક આશ્વાસન આપવામાં આવતાં સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા મહેશ આહીરે પારણાં કર્યા હતા.ડાંગ જિલ્લામાં ખેડૂતોને થયેલા પાક નુકસાનનું યોગ્ય વળતર મળે અને ખેડૂતોના




પ્રશ્નોનું નિરાકરણ આવે તેવા આશય સાથે મહેશ આહીર છેલ્લા સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠા હતા. આ દરમિયાન ખેડૂતોના પ્રશ્નો અંગે રજૂઆત કરવા મોટી સંખ્યામાં ખેડૂતો આહવા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા.જોકે, સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા મહેશ આહીરની તબિયત અને તેમની મુલાકાત અંગે જિલ્લા કલેક્ટર તરફથી કોઈ પ્રતિક્રિયા ન મળતાં ખેડૂતો અને સમાજના લોકોમાં નારાજગી જોવા મળી હતી.આ અંગે મહેશ આહીરે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોના ગંભીર પ્રશ્નો અંગે જિલ્લા કલેક્ટરે ઉડાઉ જવાબ આપી પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો છે. ખેડૂતોના પાક નુકસાન અને વળતર જેવા મહત્વના મુદ્દે તંત્રની ગંભીરતા સામે પણ તેમણે સવાલો ઉઠાવ્યા હતા.બીજી તરફ, જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુભાઈ પટેલ દ્વારા 33 ટકા પાક નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ થઈ હોવાનું મૌખિક આશ્વાસન આપવામાં આવ્યું હતું. સરકાર તરફથી જે નિર્ણય લેવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવતાં સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા મહેશ આહીરે પારણાં કર્યા હતા.હવે ખેડૂતોને ખરેખર પાક નુકસાનનું વળતર ક્યારે મળશે અને સરકાર દ્વારા કયા ધોરણે સહાયની જાહેરાત કરવામાં આવશે તેવા સવાલો વચ્ચે ખેડૂતોની નજર આગામી સરકારી નિર્ણય પર મંડાઈ છે.

# ભાયાવદરમાં પૂર્વ પત્ની તથા પ્રેમી ઉપર પૂર્વ પતિનો ઘાતકી ખૂની હુમલો થતા લોકોના ટોળેટોળા ઉમટ્યા

ભાયાવદર | ભાયાવદર અરણી રોડ પર આવેલ ઈસ્કોન ગાંઠિયા વાળી શેરીમાં રહેતા આરોપી ચેતન હરિરામ દાણીધારીયા (ઉ.વ.૪૨) તથા મતવા શેરીમાં રહેતા ફરિયાદી મયુર પ્રવીણભાઈ કાથરોટીયા (ઉ. વ.૪૨) બને નાનપણથી મિત્રો હતા ત્યારે ચેતનના આજથી દસ વર્ષ પહેલા તેમના જ સમાજની રાજકોટ રહેતી ભાવિકા ધરમદાસ પરલીયા (ઉ.વ.૩૪) સાથે રીતરિવાજ પ્રમાણે લગ્ન થયા હતા. બાદ પરિણીતા તથા તેમના મિત્ર મયુરની આંખો મળી જતા બંનેને પ્રેમ થઈ ગયો હતો ત્યારે આની જાણ પતિને થઈ જતા રોજ ઘરકંકાસ થવા લાગ્યો હતો. એક મહિના પહેલા પતિ પત્ની એ પુત્ર પિતા પાસે અને પુત્રી માતા સાથે એવી સમજૂતી કરી છૂટાછેડા લઈ લીધા



હતા. ત્યાર પછી પરિણીતા પુત્રી સાથે તેના પ્રેમીના ઘરે ચાલી ગઈ હતી આથી બંને મિત્રો વચ્ચેઅવાર નવાર મોબાઈલ દ્વારા વાતો કરી ને માથાકુટ થતી હતી. પૂર્વ પતિ ઝનૂની બનીને ૨૫ દિવસ થી શેરીમાં રેકી કરતો હતો ત્યારે તેમનો મિત્ર ઘરેથી બાઈક લઈને નીકળતા આરોપીએ કાર પુરપાટ ચલાવીને બાઈકને ટક્કર મારીને ફરિયાદીને પછાડી દઈને કારમાંથી તલવાર અને લોખંડની કોસ લઈને ખૂની હુમલો કરી દીધો હતો. ફરિયાદી બચાવ માટે બાજુની બંધ ગલીમાં ભાગવા લાગેલ ત્યારે આરોપીએ તલવાર વડે માથામાં થા કરતા ડાબા હાથમાં ઈજા થઈ હતી. તેની પૂર્વ પત્ની વચ્ચે આવતા તેને પણ બંને હાથમાં તલવારના ઘા મારી દીધા હતા.એક PGVCL માં કોન્ટ્રાકટ બેજ ઉપર બોલેરો ચલાવતા ડ્રાયવર દોડી આવ્યા હતા અને તેને બહાદુરી અને સતર્કતા વાપરી બને હથિયાર છીનવી લેતા આરોપી તકનો લાભ લઈને કાર લઈને નાશી છૂટયો હતો. બંને થાયલ પૂર્વ પત્ની અને પ્રેમીને તાત્કાલિક પાલિકાની એમ્બ્યુલન્સ દ્વારા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### તાલુકામાંથી. અરજદારો દ્વારા અલગ-અલગ દશપ્રશ્નો રજૂ કરાયા

# ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે કલેક્ટરની અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાનો સ્વાગત ફરીયાદ કાર્યક્રમ યોજાયો

ચાણસ્મા | ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં. તાલુકા કક્ષાનો સ્વાગત ફરીયાદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં અરજદારો દ્વારા. દબાણ હટાવવા જમીન નોંધણી સુધારો કરવા ગટરલાઈન સાફ કરવી જર્જરીત નર્મદા માઈનોર કેનાલની મરામત કરી સફાઈ કરવા સહિત 10.. પ્રશ્નો અરજદારો દ્વારા રજુ કરતાં કલેક્ટર દ્વારા સદર પ્રશ્નો નો ઝડપી ઉકેલ. કરવા અધિકારીઓ ને સૂચના આપી હતી મામલતદાર વી એસ ગઢવી ના મામલતદાર રમેશભાઈ અરજદારો વિવિધ વિભાગો ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોના પડતર પ્રશ્નો અને ફરિયાદોનું સ્થાનિક કક્ષાએ જ



ઝડપી નિરાકરણ આવે તે હેતુસર ચાણસ્મા મામલતદાર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં તાલુકા કક્ષાનો 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અરજદારો દ્વારા વિવિધ પ્રાથમિક સુવિધાઓ અને મહેસૂલી બાબતોને લગતા કુલ ૧૦ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા, જેનો સત્વરે ઉકેલ લાવવા કલેક્ટર દ્વારા સંબંધિત અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી હતી.

# લીમખેડામાં સરકારી અનાજના પરિવહનમાં કથિત કૌભાંડ: ઓવરલોડ વાહનો અને અનાજના કટ્ટામાં ઓછા વજન મુદ્દે મામલતદાર કચેરીએ આવેદનપત્ર પાઠવાયું

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં જાહેર વિતરણ વ્યવસ્થા (PDS) હેઠળ સરકારી ગોડાઉનમાંથી સસ્તા અનાજની દુકાનો સુધી અનાજ પહોંચાડતા ડોર સ્ટેપ ડિલિવરી કોન્ટ્રાક્ટરની મનમાની અને કથિત ગેરરીતિઓ સામે પાણીયા ગામના વસીમભાઈ સલીમભાઈ મફતે મોરચો માંડ્યો છે. આજે તેમણે લીમખેડા મામલતદાર કચેરી ખાતે અધિકારીને લેખિત આવેદનપત્ર પાઠવી કોન્ટ્રાક્ટર, ગોડાઉન મેનેજર અને આસિફભાઈ મન્સુરી સહિતના જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત કરી છે.ક્ષમતા કરતા વધુ વજન (Overloading): કોન્ટ્રાક્ટર વધુ નફો કમાવવા અને ઓછા ફેરા મારવા માટે નાના ટેમ્પો અને ટ્રકમાં RC બુકની લોડિંગ કેપેસિટી કરતા બમણું અનાજ ભરી મોટર વ્હીકલ એક્ટ તથા ટેન્ડરની શરતોનો ખુલ્લેઆમ



ભંગ કરી રહ્યા છે.અકસ્માતનો ભય અને રસ્તાઓને નુકસાન: ઓવરલોડ વાહનોને કારણે સાંકડા ગ્રામ્ય રસ્તાઓ પર બ્રેક ન લાગવાથી શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ અને રાહદારીઓના જીવ પર જોખમ ઉભું થયું છે. ઉપરાંત, નવા બનેલા ડામર અને સી.સી. રોડ તેમજ નાળા તૂટી જતા સરકારી તિજોરીને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.કટ્ટામાં ઓછું વજન અને દુકાનદારોને નુકસાન: ગાડીમાં ૪૫ કે ૪૮ કિલોના કટ્ટા ભરવામાં આવે છે અને તેને ચૂપચાપ એન્ટ્રી કરી આવવા દબાણ કરાય છે. ૪૦૦ કટ્ટા દીઠ ૪-૪ કિલો લેખે અંદાજે ૧૬૦૦ કિલો (૩૨ કટ્ટા) જેટલું અનાજ ઓછું જતા દુકાનદારોને ૩૨,૦૦૦ જેટલો મોટો આર્થિક ફટકો પડે છે. આ ઉપરાંત વાર-તહેવારે અને સરકારી કાર્યક્રમોના નામે પણ દુકાનદારો પાસેથી નાણાં ઉઘરાવવામાં આવતા હોવાનો આક્ષેપ કરાયો છે.ભાડાની ઉચાપત અને સાઈડલાઈન કરવાની નીતિ: છેલ્લા ૧૦-૧૨ વર્ષથી આ વ્યવસાય સાથે જોડાયેલા વસીમભાઈએ જ્યારે દુકાનદારોના હિતમાં અવાજ ઉઠાવ્યો ત્યારે તેમની ગાડી સાઈડલાઈન કરી દેવાઈ અને ભાડા-મજૂરીના નાણાં અટકાવી દેવામાં આવ્યા. ઓક્ટોબર મહિનામાં વાઉચર પર સહી કરાવી માત્ર એક જ મહિનાનું ભાડું ચૂકવી બાકીના નાણાંની ઉચાપત કરાઈ હોવાની રજૂઆત કરવામાં આવી છે.પુરાવા અને કડક કાર્યવાહીની માંગ:અરજદારે આવેદનપત્ર સાથે ૭ થી ૮ ગેટપાસની નકલ પુરાવા રૂપે જોડી છે અને છેલ્લા ૩ મહિનાના ગોડાઉનના CCTV ફૂટેજ તથા RTO રેકોર્ડ તપાસવાની માંગ કરી છે.

### ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે પહેલ

# અઝારા ખાતે વિશ્વ કક્ષાનું સર્વ-હવામાન ગુડ્સ શેડ બનાવવામાં આવશે





માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) અઝારા ખાતે વિશ્વ કક્ષાનું, સર્વ-હવામાન ગુડ્સ શેડ બનાવશે. અઝારાને રંગિયા ડિવિઝનમાં સૌથી વ્યસ્ત ગુડ્સ ટર્મિનલ માનવામાં આવે છે. આશરે 50 કરોડના કુલ ખર્ચે મંજૂર કરાયેલ, આ પ્રોજેક્ટ ટર્મિનલ પર ફ્રેઈટ હેન્ડલિંગ સિસ્ટમ્સને આધુનિક બનાવશે, જે પ્રતિકૂળ હવામાનમાં પણ અવિરત લોડિંગ અને અનલોડિંગ કામગીરીને સક્ષમ બનાવશે.

NFR જનરલ મેનેજર, શ્રી વિવેક ખરેએ 25 નવેમ્બર, 2026 ના રોજ અઝારા ખાતે પ્રોજેક્ટ માટે શિલાન્યાસ સમારોહ કર્યો, પ્રોજેક્ટના માળખાકીય કાર્યોનું ઔપચારિક ઉદ્ઘાટન કર્યું. તેમણે અન્ય વરિષ્ઠ NFR અધિકારીઓ સાથે પ્રોજેક્ટ સ્થળનું પણ નિરીક્ષણ કર્યું અને પ્રસ્તાવિત કાર્યોની સમીક્ષા કરી.

આ પ્રોજેક્ટમાં દૈનિક ફ્રેઈટ કામગીરી માટે એક સેવા ભવન અને પૂર્વ-એન્જિનિયર્ડ માળખામાંથી બનાવેલ ગુડ્સ શેડનો સમાવેશ થાય છે. આવરાયેલ અનલોડિંગ વિસ્તાર ખાંડ, અનાજ, ખાદ્ય તેલ અને અન્ય ચીજવસ્તુઓ જેવા માલસામાનને હેન્ડલિંગ દરમિયાન વરસાદથી બચાવવામાં મદદ કરશે. હવામાન સંબંધિત વિક્ષેપો ઘટાડીને, આ અપગ્રેડ કરેલી સુવિધાઓ માલસામાન ગ્રાહકો માટે અનલોડિંગ પ્રક્રિયાને વધુ વિશ્વસનીય બનાવશે અને પ્રાદેશિક બજારોમાં આવશ્યક માલસામાનની સમયસર ડિલિવરી સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

૨૦૨૫-૨૬ દરમિયાન, અઝારાએ ૯૩૦ ઈનકમિંગ રેકનું સંચાલન કર્યું, જે રંગિયા ડિવિઝનના તમામ માલસામાન ટર્મિનલમાં સૌથી વધુ છે. ૨૦૨૬-૨૭માં અત્યાર સુધીમાં, ટર્મિનલે આશરે ૫૭૨ રેકનું સંચાલન કર્યું છે, જે આશરે ૮.૨૪ લાખ ટન કાર્ગોનું પ્રતિનિધિત્વ કરે છે.

અઝારા ખાતે આ વિકાસ રેલ્વેને બલ્ક કાર્ગો પરિવહન માટે વધુ આકર્ષક વિકલ્પ બનાવવાના NFRના પ્રયાસોનો એક ભાગ છે. સુધારેલ ટર્મિનલ સુવિધાઓ વેપારીઓ અને વિતરકોને વધુ આત્મવિશ્વાસ સાથે તેમના શિપમેન્ટનું આયોજન કરવામાં મદદ કરી શકે છે, અને સમગ્ર પ્રદેશ અને તેનાથી આગળ ભારે કાર્ગો માટે રેલ્વેના વ્યાપક ઉપયોગને પ્રોત્સાહન આપી શકે છે.

## જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરી ના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૫, જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન જિલ્લા સ્વાગતમાં રજૂ થયેલી અરજીઓ અંગે અરજદારોના પ્રશ્નો રૂબરૂ સાંભળી, તેમના પ્રશ્નોના ત્વરિત અને અસરકારક નિવારણ માટે સંબંધિત અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં બિન અધિકૃત દબાણ દૂર કરવા, જાહેર રસ્તો ખુલ્લો કરાવવા, વીજ કનેક્શન, પ્રોપર્ટી કાર્ડ, જમીન માપણી સહિતના વિવિધ પ્રશ્નો અંગે અરજીઓ રજૂ કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ અરજદારોની હાજરીમાં સંબંધિત અધિકારીઓ પાસેથી અરજીઓની સ્થિતિ અને કાર્યવાહી અંગે વિગતો મેળવી નાગરિકોના પ્રશ્નોના નિરાકરણમાં સંવેદનશીલતા જાળવી અરજદારોને યોગ્ય અને ઝડપી પ્રતિસાદ મળે તે માટે સંબંધિત વિભાગોના અધિકારીઓ ને જરૂરી કાર્યવાહી કરવા અને પ્રશ્નોનો ત્વરિત નિકાલ લાવવા સંલગ્ન વિભાગોને સૂચના આપી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી સુબોધ ઓડેદરા, અધિક કલેક્ટરશ્રી બી.એસ.બારડ, પ્રાંત અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ તેમજ સંલગ્ન વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોના પડતર પ્રશ્નો અને ફરિયાદોનું સ્થાનિક કક્ષાએ જ ત્વરિત તથા અસરકારક નિરાકરણ આવે તે હેતુસર જૂનાગઢ જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર યોગેશ ચૌધરી ના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો 'સ્વાગત' ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.

## બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો

પાલનપુર | રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને તેમના પ્રશ્નોનું ઝડપી, પારદર્શક અને અસરકારક નિરાકરણ મળી રહે તેવા હેતુથી અમલમાં મુકાયેલ સ્વાગત - ફરિયાદ નિવારણ કાર્યક્રમ પ્રજાલક્ષી અભિગમનું ઉત્તમ ઉદાહરણ સાબિત થઈ રહ્યો છે. રાજ્ય સ્તરથી લઈ તાલુકા અને જિલ્લા કક્ષાએ દર મહિને યોજાતા આ કાર્યક્રમના માધ્યમથી હજારો નાગરિકોની રજૂઆતોનું સમયબદ્ધ અને સંતોષકારક નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ દ્વારા સામાન્ય નાગરિકોને સીધા વહીવટી તંત્ર સમક્ષ પોતાની રજૂઆત કરવાની સુવિધા પ્રાપ્ત થતી હોવાથી લોકોમાં વિશ્વાસ અને સંતોષની ભાવના વધુ મજબૂત બની રહી છે.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાનેકલેક્ટર કચેરી પાલનપુર ખાતે જિલ્લા સ્વાગત અને ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લામાંથી આવેલા 13 જેટલાં અરજદારોએ વિવિધ પ્રશ્નોને લગતી રજૂઆતો કરી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ અરજદારોની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી સંબંધિત વિભાગના અધિકારીઓને ત્વરિત કાર્યવાહી કરવા તેમજ પ્રશ્નોના ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં ઉકેલ લાવવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

કાર્યક્રમ દરમિયાન નાગરિકોના દબાણ દૂર કરવાની રજૂઆતો, વિકાસકાર્યો, આવાસ સહાય, જમીનના ક્ષેત્રફળમાં રહેલી વિસંગતતા, દુરસ્તી નોંધણી, મફત પ્લોટ, ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓ વધારવા સહિતના વિવિધ પ્રશ્નોને પ્રાથમિકતા સાથે સાંભળી સંબંધિત વિભાગો દ્વારા સ્થળ પર જ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.પી. પટેલ સહિત સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

## શિયાળુ સીઝન માટે બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી અંગે જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને અગત્યની સૂચના

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૫. રાજ્યના તમામ ખેડૂતોને આગામી શિયાળુ સીઝન માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે રાખવાની થતી કાળજી અંગે જણાવવાનું કે, બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. કોઈપણ સંજોગો માં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવી વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ પ્રેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરવી નહીં. જેથી, છેતરપીંડીથી બચી શકાય.બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર વિગેરે વિગત દર્શાવતું પાકું બિલ સહી સાથે અવશ્ય લેવું. કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા ઈનપુટોની ખરીદી કરવી નહીં. હંમેશા વૈજ્ઞાનિક સલાહ મુજબનાં જથ્થામાં જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો. અન અધિકૃત અથવા અમાન્ય બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ને તુરંત જાણ કરવા એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ અંતર્ગત મંજૂરી પત્ર વિતરણ કરતા માન.મેયરશ્રી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૫. આર્થિક રીતે નબળા અને ઘર વિહોણા શહેરીજનો માટે આવાસ યોજના થકી પોતાના ઘરનું સપનું પૂર્ણ કરવાના આશય સાથે મહાનગર પાલિકા, જૂનાગઢ દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૬ને, બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પંડિત દીનદયાળ સભાગૃહ, મહાનગર પાલિકા, જૂનાગઢ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ ના BLC (લાભાર્થી દ્વારા વ્યક્તિગત આવાસ બાંધકામ) ઘટક હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦ અંતર્ગત મંજૂરી પત્ર વિતરણ કાર્યક્રમમાં ૪૨ લાભાર્થીઓને મંજૂરી પત્ર વિતરણ કરવામાં આવ્યા. આ યોજના અંતર્ગત નવા આવાસના બાંધકામ દીઠ કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા કુલ મળીને રૂ. ૪ લાખની માતબર સહાય મંજૂર કરવામાં આવશે, જે સહાયની રકમ લાભાર્થીઓને ૪ હપ્તાઓમાં મળવાપાત્ર હોય છે.જેમાં પ્રથમ હપ્તો પ્લિન્થ લેવલે રૂ. ૭૦,૦૦૦/-, બીજો હપ્તો લીન્ટલ લેવલે રૂ. ૮૦,૦૦૦/-, ત્રીજો હપ્તો સ્લેબ લેવલે રૂ. ૧,૫૦,૦૦૦/- અને ચોથો હપ્તો આવાસ પૂર્ણ થયે રૂ. ૧,૦૦,૦૦૦/- ચૂકવવામાં આવે છે. જૂનાગઢ મહાનગરપાલિકાના આ આયોજન હેઠળ રૂ. ૪ લાખની સહાયના મંજૂરી પત્ર મેળવીને પોતાના પાકા ઘરનું સ્વપ્ન સાકાર થતાં તમામ લાભાર્થીઓ અને તેમના પરિવારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો તેમ એક યાદીમાં જણાવ્યું છે. આર્થિક રીતે નબળા અને ઘરવિહોણા શહેરીજનોનું પોતાના પાકા ઘરનું સપનું પૂર્ણ કરવાના ઉમદા આશય સાથે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા બુધવારે (તા. ૨૫/૧૧/૨૦૨૬) સવારે ૧૧:૦૦ કલાકે પંડિત દીનદયાળ સભાગૃહ ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત મંજૂરી પત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં યોજનાના BLC (લાભાર્થી દ્વારા વ્યક્તિગત આવાસ બાંધકામ) ઘટક હેઠળ કુલ ૪૨ લાભાર્થીઓને મંજૂરી પત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## રાજુલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન રાજેશભાઈ પરસાણા દ્વારા જળ સંસાધન મંત્રી ને અને ધારાસભ્ય ને ધાતરવડી સિંચાઈ-૧ ડેમમાંથી સિંચાઈનુ પાણી છોડવાની મંજુરી આપવા બાબત રજુઆત કરી

કિશોર આર. સોલંકી જાફરાબાદ

રાજુલા માર્કેટિંગ યાર્ડ ના ચેરમેન અને રાજુલા ખાંભા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ ના ડિરેકટર રાજુભાઈ પરસાણા દ્વારા શ્રી ઈશ્વરભાઈ પટેલ મંત્રી જળ સંસાધન અને પાણી પુરવઠા વિભાગ અને ધારાસભ્ય ને ધાતરવડી સિંચાઈ-૧ ડેમમાંથી સિંચાઈનુ પાણી છોડવાની મંજુરી આપવા બાબત રજુઆત કરતા જણાવેલ કે ધાતરવડી સિંચાઈ-૧ ડેમ નિચે આવતાં ગામોનાં ખેડુતોની મને મળેલ મૌખીક રજુઆતમાં જણાવ્યા અનુસાર ધાતરવડી સિંચાઈ-૧ ડેમનનર આવતાં ગામોનાં ખેડુતો દ્વારા નવું વાવેતર કરવા માટે ખેતીનાં પાકને પીયત માટે પાણીની જરૂરીયાત હોય અગાઉ પાણી સમિતિની મીટીં મળેલ હોય જેમાં પાણી છોડવા માટેનું આયોજન પણ થઈ ગયેલ હોય આપશ્રીની કક્ષાએથી મંજુરી પેન્ડીંગ હોય જેથી ધાતરવડી સિંચાઈ-૧ ડેમનું પાણી કેનાળમાં છોડવામાં આવે તો કેનાળ વિસ્તાર નિચે આવતાં ધારેશ્વર દિપડીયા નાના રીગણીયાળા નવી - જુની માંડરડી વડલી ચારોડીયા રાજુલા ઝાઝરડા કુંડલીયાળા બર્બટાણા વાવેરા જાપોદર અંદાજે ૧૩ જેટલા ગામોનાં ખેતુતોનાં ખેતરમાં નવું વાવેતર કરવા માટે ધઉ ચણા ડુંગળ વિગેરે પાકને પાણી મળી રહે તો વહેલી તકે ધાતરવડી સિંચાઈ-૧ ડેમમાંથી ખેતીનાં પાકને પીયત માટે કેનાળમાંથી પાણી કેનાળમાં છોડવામાં આવે તેવી મારી આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી સહ ભલામણ છે. રાજુલા પંથકના ખેડૂતોના હિતમાં ધાતરવડી સિંચાઈ-૧ ડેમ માંથી કેનાલ મારફતે સિંચાઈનું પાણી છોડવાની તાત્કાલિક મંજૂરી આપવા માટે રાજ્યના જળ સંસાધન અને પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. રાજુલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન અને રાજુલા-ખાંભા તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘના ડિરેક્ટર રાજુભાઈ પરસાણા એ લેખિત રજૂઆત કરીને ખેડૂતોને રવિ પાકના નવા વાવેતર માટે વહેલી તકે પિયતનું પાણી પૂરું પાડવા ભલામણ કરી છે.ધાતરવડી સિંચાઈ-૧ ડેમ પાણી છોડવા રજૂઆત રાજુલા ૨૦૨૬ અંતર્ગત રાજુભાઈ પરસાણાએ મંત્રી ઈશ્વરભાઈ પટેલ તેમજ સ્થાનિક ધારાસભ્યને પાઠવેલી રજૂઆતમાં જણાવ્યું છે કે, ધાતરવડી સિંચાઈ-૧ ડેમ હેઠળ આવતા ગામોના ખેડૂતોની મૌખિક રજૂઆત મુજબ હાલ ખેતરોમાં નવા વાવેતર માટે પિયતની સખત જરૂરિયાત ઊભી થઈ છે.

## જૂનાગઢ જિલ્લામાં FFS એપ દ્વારા મળશે ખાતર, ખેડૂતોએ હવે ખાતર મેળવવા લાઈન નહિ લોગીન કરવાનું રહેશે, QR કોડ દ્વારા મળશે ખાતર

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૫ સાબરકાંઠા અને નવસારી જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ સફળ થયા બાદ હવે સમગ્ર રાજ્યમાં સબસીડીવાળા રાસાયણિક ખાતરનો જથ્થો સરકારશ્રીની મોબાઈલ એપ્લિકેશન થી મળતો થશે. આગામી ડિસેમ્બર માસથી જૂનાગઢ સહિત રાજ્યના તમામ જિલ્લામાં આ નવી પદ્ધતિ થી ખાતર વિતરણ વ્યવસ્થા અમલમાં મુકાશે. વિતરણને વધુ સરળ, સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે ફેમવર્ક ફોર ફર્ટિલાઈઝર (Framework for Fertilizer Sale) નામની નવી ડિજિટલ વ્યવસ્થા ભારત સરકાર અમલમાં મુકવામાં આવી છે. આ એપ ગૂગલ પ્લે સ્ટોર પરથી એન્ડ્રોઈડ મોબાઈલ મારફત ડાઉનલોડ કરી શકાશે. આ નવતર પહેલ અંતર્ગત હવે ખેડૂતો પોતાના મોબાઈલથી જ ખાતરનું એડવાન્સ બુકીંગ કરાવી શકશે. જેનાથી સહકારી મંડળીઓ અને વેપારીઓ પાસે ખાતર માટે લાગતી લાંબી કતારો અને ભીડમાંથી મુક્તિ મળશે. એપ્લિકેશનથી ખાતરનો જથ્થો બુક કર્યાના ૨ દિવસ(૪૮ કલાક) માં ખેડૂતે વિક્રેતા પાસેથી ખરીદ કરી મેળવી લેવાનો રહેશે, જો ૨ દિવસ(૪૮ કલાક)માં ખાતર નહીં મેળવવામાં આવે તો આપોઆપ બુકીંગ રદ થશે અને ફરીથી બુકીંગ કરવાનું રહેશે.

આ નવી પદ્ધતિથી ખેડૂતો ઘરે બેઠા જાણી શકશે કે કયા વિક્રેતા પાસે કયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે. આ ઉપરાંત બુકીંગ કરેલું હોવાથી દુકાને જઈને તરત જ ખાતર મેળવી શકાશે, કતારોમાં ઉભા રહેવું નહીં પડે. તેમજ દરેક વેચાણનો ડિજિટલ રેકર્ડ રહેશે, જેથી પારદર્શિતા વધશે અને નકલી ખરીદદારો સામે રક્ષણ મળશે. આ નવી પદ્ધતિ લાવવાનો સરકારનો હેતુ ખેડૂતોને કોઈ પણ જાતની મુશ્કેલી વિના ખાતર મળી રહે, ઉપરાંત રાસાયણિક ખાતરની કાળાબજારી તથા ખાતર સાથે અન્ય ખાતરો ફરજિયાત આપવા (ટેગિંગ) પર રોક લાગશે. આ ડિજિટલ પ્રક્રિયા માટે જૂનાગઢ જિલ્લાના તમામ ડીલરોને તાલીમ આપી દેવામાં આવી છે. વધુમાં આ અંગે માર્ગદર્શન ની જરૂર જણાય તો ખેડૂત સમુદાયે તેમના ગ્રામ સેવક / ખેતી મદદનીશ અથવા ખાતર વિક્રેતાનો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક (વિ.)ની કચેરી,જૂનાગઢ દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

## રાજુલા તાલુકાના કોવાયા ગામે અલ્ટ્રાટેક કંપનીના યાર્ડમાં ધાડના ગુનાને અંજામ આપનાર આરોપીઓને પકડી પાડી અનડિટેક્ટ ગુન્હો ડિટેક્ટ કરી ગુન્હાનો ભેદ ઉકેલતી મરીન પીપાવાવ પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

ભાવનગર રેન્જ આઈ.જી. શ્રી. આર. વી અસારી સાહેબ દ્વારા ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, જે સુચના મુજબ અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત સાહેબ તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડીયા સાહેબ રાજુલા વિભાગ દ્વારા મિલ્કત સબંધી ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણ શોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના અને માર્ગદર્શન આપવામા આવેલ. હોય ગઈ તા.૦૯/૧૧/૨૦૨૬ ના રોજ કોવાયા ગામે આવેલ અલ્ટ્રાટેક કંપનીના ત્રિપુટી ટુ યાર્ડમાં ફરિયાદી પોતાની સિક્યુરીટી ગાર્ડ તરીકેની નોકરીમાં હાજર હતા, તે દરમિયાન આ કામના અજાણ્યા બુકાનીધારી આરોપીઓએ ધાડ પાડવા ગુનાહિત કાવતરૂં ઘડી, ધાડ પાડવા માટેનો પોતાનો સામાન્ય ઈરાદો પાર પાડવા યાર્ડની રામભાઈ લાખણોત્રાના ખેતર બાજુ આવેલ દિવાલ ઉપરની ફેન્સિંગ કોઈ સાધન વડે તોડી, ચાર આરોપીઓએ યાર્ડમાં દિવાલ કુદી, ગેરકાયદેસર પ્રવેશ કરી, ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી, બળજબરીથી યાર્ડની દિવાલ કુદાવી, ફરિયાદીને યાર્ડની બહાર કાઢી, ત્યાં પણ બે આરોપીઓએ ફરિયાદીને છરી બતાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી.

## વિદેશમાં રોજગારીના સપના બતાવી નિવૃત્ત જવાન સાથે લાખોની છેતરપિંડી..

ડાંગ | ડાંગના વઘઈ તાલુકાના માછળી ગામમાં રહેતા અને એસઆરપીમાંથી નિવૃત્ત થયેલા જયરામભાઈ કાળુભાઈ બાગુલ સાથે ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા અપાવવાના બહાને ૧૦.૩૮ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદના ઈમિગ્રેશન એજન્ટ હિતેશભાઈ નગીનભાઈ પટેલે વિદેશમાં નોકરીની તક ઊભી કરવાની ખાતરી આપી વિશ્વાસ કેળવ્યો હતો. અગાઉ દીકરાને આયર્લેન્ડ મોકલવા માટે બેંક બેલેન્સની વ્યવસ્થા કરી આપનાર એજન્ટ સાથેના વિશ્વાસનો લાભ લઈને ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા માટે પરિવારના બે સભ્યો અને જમાઈ સહિત કુલ ત્રણ લોકોને વિદેશ મોકલવાની વાત કરવામાં આવી હતી.એજન્ટે દરેક વ્યક્તિ દીઠ ૨ લાખ રૂપિયા ખર્ચ થશે તેમ જણાવી જુદા-જુદા બેંક ખાતાઓમાં UPI મારફતે રકમ જમા કરાવવા જણાવ્યું હતું. ફરિયાદીએ પોતાના GPF ફંડમાંથી નાણાં ઉપાડીને શરૂઆતમાં ૩ લાખ રૂપિયા બેંક ઓફ બરોડાના ખાતામાં અને ત્યારબાદ બીજા ૩ લાખ રૂપિયા અન્ય ખાતામાં UPI દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત મેડિકલ, ફાઈલ ચાર્જ તથા અન્ય ખર્ચના નામે વધુ રકમ પડાવવામાં આવી હોવાનો આક્ષેપ છે, જેના કારણે કુલ ૧૦.૩૮ લાખ રૂપિયા ચૂકવવા પડ્યા હતા.ફરિયાદમાં જણાવ્યા મુજબ, આ રકમ એજન્ટ હિતેશભાઈ નગીનભાઈ પટેલ, તેમના પત્ની શિવાંગીબેન (મૂળ ગામ બરેજા, તા. લેકોઈ, જી. અમદાવાદ ગ્રામ્ય; હાલ મણિનગર, અમદાવાદ) તેમજ ઓફિસના કર્મચારીઓના ગૂગલ પે અને ફોન પે મારફતે મોકલવામાં આવી હતી. પરિવારના સારા ભવિષ્યની આશાએ નિવૃત્તિની મૂડી અને મહેનતની કમાણી ગુમાવનાર નિવૃત્ત જવાને આ મામલે ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ વઘઈ પોલીસ સ્ટેશનમાં બે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે, જેની આગળની તપાસ PSI એસ.સી. ગામિત ચલાવી રહ્યા છે..

# દુષ્ટનો સંગ વિનાશ સર્જે છે ને સજ્જનનો સંગ પરમાર્થ

ભગવાન શ્રી રામે એ લંકાપતિ અહંકારી રાવણ નો વધ કર્યા બાદ લંકા ની રાજગાદી પર વિભિષણ નો અભિષેક કરીને એને લંકા ના રાજા બનાવ્યા હતા.લંકા ના રાજા બન્યા બાદ વિભીષણ ને ભાઈનો દુશ્મન કે ભાઈ ની પીઠ પાછળ ષડયંત્ર કરનાર ના બદલે "રામભક્ત"માનવામાં આવે છે,કેમ?દુષ્ટ નો સંગ વિનાશ સર્જે છે ને સજ્જન નો સંગ પરમાર્થ નો માર્ગ નિર્દેશ કરે છે. ભલે વિભીષણ એ તો સગા ભાઈ રાવણની ગુપ્ત માહિતીઓ ભગવાન શ્રી રામ સાથે શેર કરી હતી એવું કહેવાય છે પણ આ સૃષ્ટી માં ભગવાન થી કશુંય છુપ્યું રહેતું નથી. ભગવાન ની કૃપા થી જ સંસાર ની પળોજણ થી મુક્ત થઈ ને ભગવાન ના નામ નું સ્મરણ અવિરત કરી શકાય છે. "રામનામ" નું સ્મરણ વિભીષણ ના મુખે ક્ષણ માત્ર પણ ભૂલાતું નહતું. જ્યારે માતા સીતાજી નું અપહરણ એ કુળ શ્રાપ કરતા પણ દુષ્કૃત્ય છે વિભીષણ ની આ સલાહ મોટાભાઈ રાવણ ને ગળે ન ઉતરતા એણે નાના ભાઈ ને લંકા માંથી નીકળી જવાનું ફરમાન કર્યું હતું.

જે શુભ મુહૂર્તે સોનાની લંકાની રાજગાદીમાં ભક્ત વિભીષણ નો રાજ્યાભિષેક ખુદ ભગવાન શ્રી રામે કર્યો એ જ દીવસ થી જ "મંગલ ભવન" લંકા નો ભાગ્યોદય થયો હતો.

રાવણના દસ માથા "હું ના ઘમંડ" થી ભરેલા હતા.જ્યાં હું હોય ત્યાં ભગવાન નો વાસ થતો નથી ધર્મ ને હું પસંદ નથી. રાવણ ના દસ ઘમંડ નો અંત એની નાભિ માં બાણ વાગતાં ની સાથે "મારીને સોનાની નગરી" એ હારી ચૂક્યો હતો.આમપણ મનુષ્ય ના મગજ માં હું વધી જાય. છે ત્યારે એનો સર્વનાશ થતો હોય છે.

લંકાની રાજગાદી પર રામ ભક્ત વિભીષણ નું રાજતિલક કરતા સંસાર ને સંદેશ આપ્યો હતો કે લંકા રાવણ વગર અનાથ થઈ ગઈ છે પણ વિભીષણ ના રાજ તિલક બાદ લંકાજી ધર્મની નગરી બની જતા "મંગલ ભવન" બની જશે. ભગવાન રઘુનાથજી એ વિભીષણ નું રાજતિલક કર્યું એ દિવસ થી લંકા માં સુખ ચેન ની વ્યાખ્યા બદલાઈ ગઈ.લંકા ની સુખ સમૃદ્ધિ માતા સીતાજી ના શુભ પગલાં પડતાં સોનાની લંકા ની ગુમ થઈ ગયેલ ચમક પરત ફરી હતી.વિભીષણ એ ભગવાન ને લક્ષ્મણજી,માતા સીતાજી અને ભગવાન ના પ્રિય ભક્ત હનુમાનજી ને લંકા માં ઘણા મહિનાઓ સુધી રોકી લીધા હતા.વિભીષણ ના મુખ માંથી રામનામ ક્ષણ પણ ભુલાતું નથી ને સાક્ષાત પ્રભુ લંકા માં બિરજમાન છે ભગવાન ની દિવ્ય ઉપસ્થિતિથી વિભીષણ ના આનંદ નું અનુમાન થવું અશક્ય છે.એનું મન શ્રી રામ અને બુધ્ધિ શ્રી રામ રામમય બની ચૂક્યું હતું,આ કારણોસર વિભીષણ ને એવું લાગતું હતું કે ભગવાન શ્રી રામ સાથે લક્ષ્મણ અયોધ્યા જવા પરત ફરશે તો મારો મહેલ "રામ" ની ગેર હાજરી માં અમંગલ નું ઘર બની જશે તો.



મંગલ ભવન અમંગલ હારી

- રુપાલી દવે

આ કારણોસર જ્યારે ભગવાન શ્રી રામ એ અયોધ્યા પરત ફરવાની વાત કરી ત્યારે વિભીષણ એને કોઈના કોઈ રીતે મનાવી ને રોકી લેતા હતા.લાંબો સમય લંકા માં વિતાવ્યા બાદ ભગવાન શ્રી રામ એ એના ભક્ત વિભીષણ ને અયોધ્યા જવું પડશે કીધું ત્યારે . ભગવાનની જીદ આગળ વિભીષણ ને ઝૂકવું પડ્યું..અયોધ્યા પ્રસ્થાન કરવાનો ભગવાન શ્રી રામ નો શુભ દિન આવતા જ વિભીષણ ખૂબ નિરાશ અને ગમગીન બની ગયા હતા.પ્રભુ શ્રી રામની ઈચ્છા અયોધ્યા પરત ફરવાની જોતા વિભીષણ એ આરાધ્ય થી વિયોગ થવાનું દર્દ હદયમાં છુપાવી રાખ્યું હતું. વિભીષણ એ ભગવાન શ્રી રામચંદ્રજી અયોધ્યા પધારવા ના છે એ સંદેશો દૂત મારફત અયોધ્યા મોકલ્યો હતો. લંકા થી અયોધ્યા તરફ પુષ્પક વિમાન માં બિરાજેલ શ્રી રામ,સીતા,લક્ષ્મણ અને હનુમાનજી એ માર્ગ માં આવતા રામેશ્વર માં રોકાઈ ને ભગવાન શિવ જી ના શિવલિંગ ની સ્થાપના કરી હતી.

રામેશ્વર જ્યોતિર્લિંગની કથા :

રામેશ્વર જ્યોતિર્લિંગ માટેની બે કથા છે ભગવાન શ્રી રામે શત્રુ રાવણ ને યુદ્ધ માં હરાવી ને માતા સીતાજી સાથે પરત ફરી રહ્યા હતા ત્યારે તમિલનાડુ ના રામનાથ પૂરમ માં આવેલ રામેશ્વર ટાપુ પર વિધિવત ભગવાન શ્રી રામે ભગવાન શિવ ના શિવલિંગ ની સ્થાપના કરી હતી. રાવણ એ બ્રાહ્મણ જાતિ નો હતો એટલે રાવણ ના વધ બાદ બ્રહ્મ હત્યા નું પાપ ભગવાન રામ ને લાગ્યું હોવાથી ઋષિ મુનિ ના સૂચવ્યા મુજબ બ્રહ્મ હત્યા ના પાપ માંથી નિવૃતિ શિવલિંગ ની સ્

# ભારતની કાઝિયા હારી, દેશની કલાકારી જીતી...!

## મિસ યુનિવર્સ જેનિફરનું ગાઉન ભારતીય કારીગરોએ બનાવ્યું; ટાઈટલ જીતનાર પરિણીતાએ રાતોરાત 30 કિલો વજન ઘટાડ્યું



ન્યુઝીલેન્ડ: "આપણે એક એવી દુનિયા કેવી રીતે બનાવી શકીએ જ્યાં દરેક મહિલા પોતાને મૂલ્યવાન સમજે?" વેનેઝુએલા: "તમારા વિશે એવી કઈ સૌથી સુંદર બાબત છે જે અમે જોઈ શકતા નથી?" ડોમિનિકન રિપબ્લિક: "યુવાનો માટે સત્તામાં રહેલા લોકો સુધી પોતાનો અવાજ પહોંચાડવાનો શ્રેષ્ઠ રસ્તો કયો છે?" પ્યુર્ટો રિકો: "જેમ જેમ AI આગળ વધી રહ્યું છે, તેમ તેમ આપણે ક્યારેય ન ગુમાવવી જોઈએ તેવી સૌથી મહત્વપૂર્ણ માનવીય કિંમત કઈ છે?" ટોપ 5માં પહોંચેલી કન્ટેસ્ટન્ટ્સના નામ • ફિલિપાઈન્સ: બી મિલાન-વિન્ડોર્સ્કી • ન્યુઝીલેન્ડ: જ્યોર્જિયા વાડિંગ્ટન • વેનેઝુએલા: ક્લારા વેગાસ • ડોમિનિકન રિપબ્લિક: મેલિસા નુનેઝ • પ્યુર્ટો રિકો: જેનિફર બેરેટો

(એજન્સી) મુંબઈ | તા.25

પ્યુઅર્ટો રિકોની જેનિફર બારેટો મિસ યુનિવર્સ-2026 બની છે. 25 નવેમ્બરે રાજધાની સાન જુઆનમાં યોજાયેલા 75મા ફિનાલેમાં તેને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

જેનિફર આ ટાઈટલ જીતનાર પ્રથમ પરિણીત મહિલા ને માતા છે. તેણે ફેબ્રુઆરી 2026માં પહેલીવાર રેમ્પ વૉક કર્યું હતું. જૂનમાં મિસ યુનિવર્સ પ્યુઅર્ટો રિકોનો ખિતાબ જીત્યા બાદ તે આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પહોંચી હતી. તેણે ખૂબ ઝડપી 30 કિલો વજન પણ ઘટાડ્યું છે.

તેની જીત સાથે પ્યુઅર્ટો રિકોએ છઠ્ઠી વખત આ તાજ જીત્યો છે. ડોમિનિકન રિપબ્લિકની મેલિસા નુનેઝ પ્રથમ અને વેનેઝુએલાની ક્લારા વેગાસ સેકન્ડ રનર-અપ રહી હતી અને ફિલિપાઈન્સની બી મિલાન-વિન્ડોર્સ્કી થર્ડ રનર-અપ બની.

જેનિફર પરિણીત છે અને તેની એક પુત્રી પણ છે. મિસ યુનિવર્સ સ્પર્ધામાં પહેલાં માત્ર અપરિણીત મહિલાઓ જ ભાગ લઈ શકતી હતી. જોકે, હવે પરિણીત અને છૂટાછેડા લીધેલી મહિલાઓ પણ તેમાં ભાગ લઈ શકે છે. મિસ યુનિવર્સ સંગઠને 2023ની આવૃત્તિથી પોતાના નિયમોમાં ફેરફાર કર્યો હતો. ત્યારબાદ પરિણીત મહિલાઓ અને માતા બની ચૂકેલી મહિલાઓ માટે પણ સ્પર્ધાના દરવાજા ખૂલી ગયા.

આ વર્ષે ભારત તરફથી કેરલમની 19 વર્ષની કાઝિયા લિઝ મેજોએ ભાગ લીધો હતો. વિશ્વના 116 દેશો અને પ્રદેશોની સ્પર્ધકોએ તાજ માટે મુકાબલો કર્યો હતો. જોકે, કાજિયા ટોપ 30 સુધી પહોંચ્યા બાદ ટોપ 12માં સ્થાન બનાવી શકી નહોતી.

વિનર માટે આ વર્ષે 3150 હીરા જડેલો ખાસ ડાયમંડ ક્રાઉન તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે, સેરેમની પહેલાં જ સ્પર્ધા અનેક વિવાદોમાં ઘેરાઈ ગઈ. મિસ યુનિવર્સ વિયેતનામની વિજેતા પાસેથી તાજ છીનવી લેવામાં આવ્યો. 6 દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોની સ્પર્ધકોને ફ્રેન્ચાઈઝી વિવાદના કારણે આંતરરાષ્ટ્રીય મંચ પર જગ્યા મળી નહીં. જ્યારે, કેટલાક આફ્રિકન દેશોની સ્પર્ધકોને અમેરિકી વિઝા ન મળવાને કારણે નામ પાછું ખેંચવું પડ્યું.

મિસ યુનિવર્સ 2026 જેનિફર બેરેટો રિસર્ચ સાયકોલોજીમાં બેચલર ડિગ્રી અને 'સાયકોલોજી' તથા 'ક્લિનિકલ સોશિયલ વર્ક'માં માસ્ટર ડિગ્રી ધરાવતા 'પ્રિવેન્શન સ્પેશિયાલિસ્ટ' છે. તેમણે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ સાથે કામ કર્યું છે અને ઘરેલુ હિંસા તથા બાળકોના શોષણથી પ્રભાવિત સૈન્ય પરિવારોને મદદ કરી છે.

મિસ યુનિવર્સ-2025ની વિનર ફાતિમા બોશ સ્ટેજ પર પહોંચી, નવા વિનરને પહેરાવશે તાજ મેક્સિકોની ફાતિમા બોશ, જેણે મિસ યુનિવર્સ-2025નો ખિતાબ જીત્યો હતો, હવે મિસ યુનિવર્સ-2026ના મંચ પર પહોંચી ગઈ છે. તે નવી મિસ યુનિવર્સને તાજ પહેરાવશે.

ફાઈનલ રાઉન્ડમાં તમામ 5 સ્પર્ધકોને પૂછવામાં આવ્યું- "હાલ દુનિયાને પોતાના નેતાઓ પાસેથી સૌથી વધુ કઈ વસ્તુની જરૂર છે?"

ફિલિપાઈન્સ: "75 વર્ષ પછી, તમે શંકા કરનારાઓને કેવી રીતે સમજાવશો કે મિસ યુનિવર્સ સ્પર્ધા હજુ પણ સુસંગત છે?"

---

**અલીની પહેલી બોલિવૂડ ફિલ્મ અગાઉ પણ મુશ્કેલીઓમાં ફસાઈ હતી :** અલી ઝફરનું બોલિવૂડ કરિયર વર્ષ 2010માં ફિલ્મ 'તેરે બિન લાદેન'થી શરૂ થયું હતું. ફિલ્મમાં તેણે એક પાકિસ્તાની પત્રકારની ભૂમિકા ભજવી હતી, જે અમેરિકા જવા માટે ઓસામા બિન લાદેનનો નકલી વીડિયો બનાવવાનો પ્રયાસ કરે છે. નોંધનીય છે કે, ફિલ્મના શૂટિંગના અંતિમ દિવસોમાં 26/11 મુંબઈ આતંકવાદી હુમલો થયો હતો. અલીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, તે સમયે શૂટિંગના માત્ર બે-ત્રણ દિવસ બાકી હતા. તેને પાકિસ્તાન પરત ફરવાની સલાહ આપવામાં આવી હતી, પરંતુ તેણે શૂટિંગ પૂર્ણ કરવાનો નિર્ણય લીધો. બાદમાં ફિલ્મ 2010માં રિલીઝ થઈ અને તેને ઓળખ મળી.

# SRKની ભલામણે પાક.ની એક્ટરનો રોલ બચાવ્યો

## અલી ઝફરનું 'ડિયર ઝિંદગી'માંથી પત્તું કપાઈ ગયું હતું; ઉરી-પુલવામા હુમલા બાદ બોલિવૂડ કરિયર અટક્યું

(એજન્સી) મુંબઈ | તા.25

પાકિસ્તાની એક્ટર અને સિંગર અલી ઝફરે તાજેતરમાં જણાવ્યું કે ફિલ્મ 'ડિયર ઝિંદગી'માં તેના પાત્રને અન્ય એક્ટર સાથે ફરીથી શૂટ કરવામાં આવ્યું હતું. પણ શાહરુખ ખાને તેના માટે ભલામણ કરી હતી.2016માં આવેલી બોલિવૂડ ફિલ્મ 'ડિયર ઝિંદગી'માં તેણે રૂમી નામના સંગીતકારની ભૂમિકા ભજવી હતી. ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા અન્ય એક્ટર સાથે શૂટિંગ કરાયું

વસીમ અબ્બાસની યુટ્યુબ ચેનલ પર વાતચીત દરમિયાન અલીએ જણાવ્યું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યા બાદ તેના પાત્રવાળા ભાગને અન્ય એક્ટર સાથે ફરીથી શૂટ કરવામાં આવ્યો હતો. જોકે, ડિરેક્ટર ગૌરી શિંદેએ કહ્યું હતું કે, તે આ પાત્રમાં અલી ઝફરને જ રાખવા માંગતાં હતાં.

અલીએ એ પણ જણાવ્યું કે, તેને માહિતી મળી હતી કે, શાહરુખ ખાને પણ ફિલ્મમાં તેની ભૂમિકા જાળવી રાખવા માટે ખાસ વિનંતી કરી હતી. તે સમયે પાકિસ્તાની એક્ટ્રેસ માહિરા ખાન પણ શાહરુખની આગામી બીજી ફિલ્મ 'રઈસ'નો ભાગ હતી. અંતે, ફિલ્મમાં રૂમીનું પાત્ર અલી ઝફરે જ ભજવ્યું.

અલીએ વાતચીતમાં ઉરી અને પુલવામા હુમલાઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ભારત-પાકિસ્તાન વચ્ચે રાજકીય પરિસ્થિતિ બદલાયા બાદ બોલિવૂડમાં તેનું કામ સમાપ્ત થઈ ગયું. ત્યાર બાદ તેની કોઈ હિન્દી ફિલ્મ રિલીઝ થઈ નથી. 'ડિયર ઝિંદગી' તેની છેલ્લી બોલિવૂડ ફિલ્મ રહી. 2019માં પુલવામામાં આતંકવાદી હુમલો થયો હતો

14 ફેબ્રુઆરી 2019ના રોજ જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના કાફલા પર આતંકવાદી હુમલો થયો હતો. તેમાં 40 જવાન શહીદ થયા હતા

. હુમલા બાદ ભારતમાં પાકિસ્તાની કલાકારોના કામ કરવા અંગે વિરોધ વધુ તીવ્ર બન્યો. 18 ફેબ્રુઆરી 2019ના રોજ ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને પાકિસ્તાની કલાકારોને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવા પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી હતી. બીજી તરફ, 2025માં પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધુ વધ્યો.

ત્યારબાદ ભારત સરકારે પાકિસ્તાની ફિલ્મો, વેબ સિરીઝ, ગીતો અને પોડકાસ્ટ પર પ્રતિબંધ મૂકી દીધો. માહિતી અને પ્રસારણ મંત્રાલયે IT રૂલ્સ 2021 હેઠળ OTT અને યુટ્યુબ જેવા પ્લેટફોર્મ્સ પરથી પાકિસ્તાની કન્ટેન્ટ હટાવવાનો આદેશ આપ્યો. આ ઉપરાંત અનેક પાકિસ્તાની કલાકારોના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પણ ભારતમાં અસ્થાયી રીતે બ્લોક કરવામાં આવ્યા. તેમાં માહિરા ખાન અને હાનિયા આમિર જેવા કલાકારોનો સમાવેશ થાય છે.





# ફવાદ અને માહિરાની પાકિસ્તાની સિરીઝ પર ભારતમાં પ્રતિબંધની માગ

## AICWAએ PM મોદીને પત્ર લખ્યો, કહ્યું- આતંકવાદને તાળીઓ મળવી જોઈએ નહીં

(એજન્સી) મુંબઈ | તા.25

પાકિસ્તાની કલાકારોની ભારતમાં વાપસી અંગે ફરી વિવાદ શરૂ થયો છે. ફવાદ ખાન, માહિરા ખાન અને હાનિયા આમિર અભિનીત પાકિસ્તાની વેબ સિરીઝ 'જો બચે હૈં સંગ સમેટ લો'ની ભારતમાં રિલીઝ રોકવાની માંગ કરવામાં આવી છે. ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન (AICWA)એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. એસોસિએશને નેટફ્લિક્સ ઈન્ડિયાને પણ ભારતીય દર્શકો માટે સિરીઝ રિલીઝ ન કરવાની અપીલ કરી છે. સિરીઝ 4 ડિસેમ્બર 2026ના રોજ રિલીઝ થવાની છે.

ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશનના પ્રમુખ સુરેશ શ્યામલાલ ગુપ્તાએ 24 નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પાકિસ્તાની સિરીઝ 'જો બચે હૈં સંગ સમેટ લો'ની ભારતમાં રિલીઝ રોકવાની માંગ કરી.

એસોસિએશને પત્રમાં જણાવ્યું કે પાકિસ્તાન સાથે જોડાયેલા સિરિયલ, ફિલ્મો, ગીતો, પોડકાસ્ટ અને અન્ય મનોરંજન સામગ્રીને ભારતીય પ્લેટફોર્મ્સ પર સ્થાન મળવું જોઈએ નહીં.

AICWAએ નેટફ્લિક્સ ઈન્ડિયા સહિત તમામ OTT પ્લેટફોર્મ્સને ભારતમાં પાકિસ્તાની સામગ્રી સ્ટ્રીમ ન કરવાની અપીલ કરી છે. એસોસિએશને આ મામલે કડક સજાની જોગવાઈ ધરાવતો કાયમી કાયદો બનાવવાની માંગ પણ કરી છે. તેણે નિવેદનમાં જણાવ્યું, 'દેશ સૌથી પહેલા આવે છે. આતંકવાદને તાળીઓ મળવી જોઈએ નહીં.'

AICWAએ પત્રમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયની 8 મે 2025ની એડવાઈઝરીનો ઉલ્લેખ કર્યો છે. આ એડવાઈઝરી 22 એપ્રિલ 2025ના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ જારી કરવામાં આવી હતી.

આમાં ભારતમાં કાર્યરત OTT પ્લેટફોર્મ્સ, સ્ટ્રીમિંગ સેવાઓ અને ડિજિટલ મધ્યસ્થીઓને પાકિસ્તાનમાં બનેલી વેબ સિરીઝ, ફિલ્મો, ગીતો અને પોડકાસ્ટનું સ્ટ્રીમિંગ બંધ કરવા કહેવામાં આવ્યું હતું.

એસોસિયેશનના જણાવ્યા અનુસાર, એડવાઈઝરી છતાં સિરીઝને ભારતમાં રિલીઝ કરવી એ સરકારના નિર્દેશો અને દેશની ભાવનાઓ વિરુદ્ધ હશે.

### ત્રણ પેઢીની છ પ્રેમકથાઓ પર આધારિત છે સિરીઝ

'જો બચે હૈં સંગ સમેટ લો' નેટફ્લિક્સની પહેલી પાકિસ્તાની ઓરિજિનલ સિરીઝ છે. તેનું નિર્માણ નેટફ્લિક્સની મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકા (MENA) ટીમે કરાવ્યું છે. આ ફરહત ઈશ્તિયાકની આ જ નામની 2013માં પ્રકાશિત થયેલી ઉર્દૂ નવલકથા પર આધારિત છે.

તેની વાર્તા ત્રણ પેઢીની છ પ્રેમકથાઓ પર આધારિત છે. તેમાં પ્રેમ, સંબંધોમાં અંતર, નુકસાન, માફી અને જીવનમાં પોતાને શોધવા જેવા પાસાઓ દર્શાવવામાં આવશે.

સિરીઝમાં ફવાદ ખાન, માહિરા ખાન, હાનિયા આમિર, સનમ સઈદ, અહદ રઝા મીર, હમઝા અલી અબ્બાસી અને ઈકરા અઝીઝ સહિત ઘણા પાકિસ્તાની કલાકારો જોવા મળશે.

ફવાદ અને માહિરા આ પહેલાં લોકપ્રિય પાકિસ્તાની શો 'હમસફર'માં સાથે જોવા મળી ચૂક્યાં છે.

સિરીઝનું પ્રીમિયર 4 ડિસેમ્બર 2026ના રોજ થશે. જોકે, ભારતમાં તેની ઉપલબ્ધતા અંગે નેટફ્લિક્સે હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી આપી નથી.

# લાયન્સગેટ પ્લેએ તેની પ્રથમ AI-આધારિત ઓરિજિનલ શ્રેણી 'એકલવ્ય' રજૂ કરી, જેમાં AI અભિનેતા Yug R.Ai મુખ્ય ભૂમિકામાં જોવા મળશે

(એજન્સી) મુંબઈ | તા.25

ભારતીય પૌરાણિક કથાઓ હંમેશાં તેને દર્શાવતા પડદા કરતા ઘણી વિશાળ રહી છે; ઘણી વાર પ્રોડક્શનની મર્યાદાઓને કારણે તેને સંક્ષિપ્ત કરવી પડતી હતી. AI આ સ્થિતિ બદલી નાખે છે. તે સર્જકોને એક એવી અમર્યાદિત તક આપે છે, જ્યાં દરેક વિશ્વને સંપૂર્ણ વિગતો સાથે રચી શકાય છે, જેમાં મૌલિક પાત્રોનો સમાવેશ કરી શકાય છે




અને કોઈ પણ બાંધછોડ વિના વિવિધ સીઝન્સમાં વાર્તાનો વિસ્તાર કરી શકાય છે. આ કેન્વાસ પરની પ્રથમ વાર્તા છે - એક એવા છોકરાની ગાથા, જેને તેના ગુરુએ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો, પરંતુ તેણે પોતાની દ્રઢ ઈચ્છાશક્તિના જોરે ધનુર્વિદ્યામાં નિપુણતા મેળવી. 'એકલવ્ય' એ લાયન્સગેટ પ્લે (જે 'ટાઈગર ટીવી'નું ગૃહ છે) દ્વારા પ્રસ્તુત પ્રથમ AI-આધારિત ઓરિજિનલ શ્રેણી છે. લાયન્સગેટ પ્લેના સ્થાપક અને CEO રોહિત જૈને આ શ્રેણીની પ્રથમ ઝલક રજૂ કરી અને પ્લેટફોર્મના પ્રથમ AI અભિનેતા Yug R.Aiનો મુખ્ય પાત્ર તરીકે પરિચય કરાવ્યો.'એકલવ્ય'નું નિર્દેશન વિભુ પુરી કરી રહ્યા છે, જેમણે 'હીરામંડી', 'તાજ: ડિવાઈડેડ બાય બ્લડ', 'ગુસ્તાખ ઇશ્ક' અને 'હવાઈઝાદા' જેવી કૃતિઓ તેમ જ સેંકડો મોટા પાયે બનેલી જાહેરાતો (કમર્શિયલ્સ) પર કામ કર્યું છે. હાલમાં નિર્માણાધીન આ શ્રેણી લાયન્સગેટ પ્લે અને ગૂગલ ક્લાઉડ વચ્ચેની લાંબા ગાળાની વ્યૂહાત્મક ભાગીદારીની શરૂઆત પણ કરે છે. આ સહયોગમાં લાયન્સગેટ પ્લેની વાર્તા કહેવાની કુશળતા અને ગૂગલની અત્યાધુનિક AI ટેક્નોલોજીનો સમન્વય છે, જેના દ્વારા બંને કંપનીઓ ભારતીય દર્શકો માટે ઓરિજિનલ કન્ટેન્ટના ભવિષ્યને નવો આકાર આપવા માટે એકસાથે આવી છે.લાયન્સગેટ પ્લેએ વધુ ભારતીય વાર્તાઓને વિશ્વ સમક્ષ પહોંચાડવા માટે 'ટાઈગર ટીવી' શરૂ કર્યું છે. 'એકલવ્ય' એ આ દિશામાં આગળનું પગલું છે: એક એવી ભારતીય મહાગાથા જે અનેક ભારતીય અને આંતરરાષ્ટ્રીય ભાષાઓમાં ઉપલબ્ધ થશે અને તે AI-આધારિત ઓરિજિનલ શ્રેણીઓની વિશાળ શ્રેણીમાં પ્રથમ પ્રસ્તુતિ છે.લાયન્સગેટ પ્લેના સ્થાપક અને સીઈઓ રોહિત જૈને જણાવ્યું હતું કે, "ટેક્નોલોજીમાં આવતી દરેક ક્રાંતિ વાર્તાકારો માટે નવા દ્વાર ખોલે છે અને અત્યાર સુધીની અન્ય કોઈ પણ બાબતની સરખામણીમાં AI વધુ ઝડપથી અને વધુ પ્રમાણમાં આવા નવા દ્વાર ખોલી રહ્યું છે. પરંતુ માત્ર ટેક્નોલોજી સ્ક્રીન પર જાદુ સર્જી શકતી નથી; તે માટે ઉત્તમ વાર્તાઓ અને તેની પાછળ કામ કરનારા લોકોની જરૂર હોય છે. તેથી જ અમારી AI-આધારિત પ્રોજેક્ટ્સની યાદીમાં સામેલ દરેક કૃતિ એક મજબૂત સર્જનાત્મક ટીમ દ્વારા તૈયાર કરવામાં આવી છે - જેમાં લેખકો અને કલાકારોથી લઈને દિગ્દર્શક સુધીના તમામનો સમાવેશ થાય છે. 'એકલવ્ય' એ અમારા ઈરાદાનું સૌથી પ્રભાવશાળી ઉદાહરણ છે. આ આઠ એપિસોડની પ્રથમ સીઝન છે, જેને ભવિષ્યમાં અનેક સીઝન ધરાવતી ફ્રેન્ચાઈઝી તરીકે વિકસાવવા માટે તૈયાર કરવામાં આવી છે અને Yug R.Ai તો હજુ શરૂઆત છે."

# ગોથમ છોડીને ગામડાની ભેંસ પર બેઠો 'બેટમેન'!

## માધુરીના 27 વર્ષ જૂનાં 'સાજન-સાજન' ગીતમાં 'દેશી ડાર્ક નાઈટ'એ ગામ માથે લીધું

(એજન્સી) મુંબઈ | તા.25

સોશિયલ મીડિયા પર આજકાલ એક વીડિયો છવાયો છે- ગોથમ શહેરનો ડાર્ક નાઈટ એટલે કે 'દેશી બેટમેન' જે ભેંસ પર સવાર થઈને આવે છે, ક્યારેક રેલવે ટ્રેક પાસે દાંત સાફ કરે છે, તો ક્યારેક ચાની ટપરી અને ઓટો-રિક્ષામાં ફરે છે, અને બેકગ્રાઉન્ડમાં વાગે છે 1999ની ફિલ્મ 'આરઝૂ' નું રોમેન્ટિક ગીત 'સાજન સાજન તેરી દુલ્હન'! આ 'દેશી બેટમેન' વીડિયો સીરિઝે ઈન્સ્ટાગ્રામ પર એવો રંગ જમાવ્યો છે કે માત્ર બે અઠવાડિયામાં જ તેને 2.5 કરોડથી વધુ વ્યૂઝ મળી ચૂક્યા છે.

આ વાઈરલ સીરિઝનો ક્રિએટર સુજલ જયસ્વાર છે, જે એક ફિલ્મમેકર, ડિજિટલ ક્રિએટર અને AI જર્નલિસ્ટ છે. મૂળ મહારાષ્ટ્રના સુજલે 2021થી 2026 દરમિયાન IIM રાંચીમાંથી પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ પૂર્ણ કર્યો છે. કોલેજ સમયથી જ ફિલ્મમેકિંગ અને એડવર્ટાઈઝિંગમાં સક્રિય સુજલે 2022માં IIM કલકત્તાની નેશનલ એડ મેકિંગ સ્પર્ધા અને 2025માં IIM લખનઉની શોર્ટ ફિલ્મ-વ્લોગ સ્પર્ધા પણ જીતી હતી.

અત્યાર સુધીમાં તે આ સીરિઝની 9 રીલ્સ રિલીઝ કરી ચૂક્યા છે, જેમાં દરેક વખતે નવી વાર્તા અને દેસી હ્યુમર જોવા મળે છે.

આ ટ્રેન્ડની સૌથી મજેદાર વાત તેનું મ્યુઝિક છે. 1999માં આવેલી ફિલ્મ 'આરઝૂ' (માધુરી દીક્ષિત, સૈફ અલી ખાન અને અક્ષય કુમાર હતા)ના ગીત 'સાજન સાજન તેરી દુલ્હન'ના રીમિક્સ વર્ઝનનો ઉપયોગ આ વીડિયોમાં કરાયો છે. આ ગીત અલકા યાજ્ઞિકે ગાયું છે, સંગીત અનુ મલિકનું છે અને શબ્દો આનંદ બક્ષીના છે.

ગંભીર અને ડાર્ક સુપરહીરો બેટમેન સાથે 27 વર્ષ જૂનું રોમેન્ટિક ગીત અને ભેંસની સવારી- આ વિરોધાભાસ જ લોકોને હસવા પર મજબૂર કરી રહ્યું છે. આ ટ્રેન્ડ એટલો લોકપ્રિય થયો કે એમેઝોન મ્યુઝિક ઈન્ડિયા એ પણ માધુરી દીક્ષિતના રીમિક્સ જોડીને મજેદાર પોસ્ટ શેર કરી.

# અક્ષય-સોનાક્ષીની ફિલ્મમાં બેકગ્રાઉન્ડ ડાન્સર હતી તાન્યા : હવે સલમાનની 'માતૃભૂમિ'માં મળી મોટી તક

(એજન્સી) મુંબઈ | તા.25

સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ-મે વૉર રેસ્ટ ઈન પીસ'માં મહત્વની ભૂમિકા ભજવી રહેલી એક્ટ્રેસ તાન્યા દેસાઈ માટે આ એક મોટી તક છે. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં તેણે સલમાન સાથે કામ કરવાનો અનુભવ શેર કર્યો. તાન્યાના જણાવ્યા મુજબ, સેટ પર સલમાન તમામ કલાકારોને સહજ અનુભવ કરાવે છે અને સમાન સન્માન આપે છે. તેમણે ફિલ્મમાં પોતાના પાત્ર, સલમાનના ફાર્મહાઉસ પર મળેલી ભેટ, અભિનયની સફર અને મુંબઈમાં કરેલા શરૂઆતના સંઘર્ષો વિશે પણ વાત કરી.

ફિલ્મના દિગ્દર્શક અપૂર્વ લાખિયા સાથે હું અગાઉ વેબ સિરીઝ 'કેકડાઉન'માં કામ કરી ચૂકી છું. તેમાં પણ મેં પ્રેગ્નન્ટ મહિલાનું પાત્ર ભજવ્યું હતું. અપૂર્વ સર સાથે મારા સંપર્કમાં છે. જ્યારે તેમને 'માતૃભૂમિ'માં આ પ્રકારના જ પાત્રની જરૂર હતી, ત્યારે તેમણે મને ઑડિશન આપવા માટે કહ્યું. મેં ઑડિશન આપ્યું અને મારી પસંદગી થઈ ગઈ. આટલી મોટી ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવવાની તક મળવી મારા માટે ખૂબ જ મોટી વાત છે.

ફિલ્મમાં હું એક આર્મી ઑફિસરની પત્નીની ભૂમિકા ભજવી રહી છું. તેમાં બતાવવામાં આવ્યું છે કે એક આર્મી ઑફિસરની પત્નીને કેવા પ્રકારના ત્યાગ અને મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. વાર્તામાં મારું પાત્ર ખૂબ જ મહત્વપૂર્ણ છે. હું આ વિશે વધારે કંઈ કહેવા માંગતી નથી, કારણ કે દર્શકો જ્યારે ફિલ્મ જોશે ત્યારે તેની સાથે જોડાઈ શકશે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## મુંબઈમાં યુથ નેશનલ્સનો પ્રારંભ
## યુથ નેશનલ્સમાં સર્વિસીસ અને યુપી જિમ્નાસ્ટ્સ ચમક્યા




(એજન્સી) મુંબઈ । તા. 25

આઈએનએસ હમલા માલાડ ખાતે શરૂ થયેલી પ્રથમ યુથ આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક્સ રાષ્ટ્રીય ચેમ્પિયનશિપના ઉદ્ઘાટન દિવસે સર્વિસીસ અને ઉત્તર પ્રદેશે શાનદાર દેખાવ કરતાં ગ્રેડ સાત આઉટ-એજ તથા ઈન-એજ ટીમ ખિતાબ જીતી લીધા છે, જેમાં સર્વિસીસ એકસો છેતાલીસ દશાંશ આઠ છ છ ગુણ સાથે આઉટ-એજમાં અને ઉત્તર પ્રદેશ એકસો સત્તાવન દશાંશ શૂન્ય ત્રણ ચાર ગુણ સાથે ઈન-એજમાં અગ્રેસર રહ્યું છે.

ગ્રેડ સાત આઉટ-એજ સ્પર્ધામાં સર્વિસીસે સાધનો પર સાતત્ય અને ઊંડાણ બતાવી એકસો છેતાલીસ દશાંશ આઠ છ છ ગુણ મેળવી પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે પશ્ચિમ બંગાળ એકસો ચુમાલીસ દશાંશ સાત ત્રણ બે ગુણ સાથે બીજા અને ત્રિપુરા એકસો છત્રીસ દશાંશ બે છ સાત ગુણ સાથે ત્રીજા ક્રમે રહ્યું. વ્યક્તિગત ઓલ-અરાઉન્ડ ફાઈનલમાં સર્વિસીસના સુદીપ ઘોષ અને પશ્ચિમ બંગાળના તન્મય મૈત્રા એકાવન દશાંશ આઠ ત્રણ ચાર ગુણ પર બરાબર રહ્યા, પરંતુ સુદીપ વિજેતા અને તન્મય રનર-અપ ઠર્યા, જ્યારે સર્વિસીસના જ્ઞાનેશ્વર એકાવન દશાંશ એક નવ નવ ગુણ સાથે ત્રીજા સ્થાને રહ્યા. જ્ઞાનેશ્વરે સ્ટિલ રિંગ્સમાં નવ દશાંશ આઠ ત્રણ ત્રણ અને પેરેલલ બાર્સમાં આઠ દશાંશ નવ ત્રણ ત્રણ ગુણ સાથે બે ખિતાબ જીત્યા, સુદીપે ફ્લોર એક્સરસાઈઝમાં નવ દશાંશ આઠ શૂન્ય શૂન્ય ગુણ મેળવ્યા, તન્મયે પોમેલ હોર્સ તથા હોરિઝોન્ટલ બાર જીત્યા, અને વોલ્ટમાં હરિયાણાના ગૌતમ તથા તેલંગાણાના મોહમ્મદ મુર્તઝા જીલાની નવ દશાંશ બે શૂન્ય શૂન્ય ગુણ સાથે સંયુક્ત વિજેતા રહ્યા.

**જિનીવામાં પ્રથમ બાજી બરાબરી પર**

## વિશ્વ ચેસ ચેમ્પિયનશિપમાં ગુકેશ અને સિંદારોવ ડ્રો




(એજન્સી) જિનીવા । તા. 25

વિશ્વ ચેસ ચેમ્પિયનશિપ બે હજાર છવ્વીસની પ્રથમ બાજીમાં વર્તમાન વિશ્વ વિજેતા ડી. ગુકેશ અને જાવોખિર સિંદારોવ વચ્ચે રસાકસી બાદ મુકાબલો બરાબરી પર સમાપ્ત થયો છે, જેમાં કાળા મોહરાં સાથે રમતાં ગુકેશે સમયના દબાણ વચ્ચે પણ મક્કમ બચાવ કરીને અડધો પોઈન્ટ હાંસલ કર્યો હતો.

પ્રથમ બાજી બરાબરી પર છૂટ્યા બાદ ગુકેશે જણાવ્યું કે શરૂઆતની ચાલોમાં તેણે ઘણું વિચારવું પડ્યું અને કેટલાક નાના પ્રશ્નો ઉકેલવા પડ્યા, પરંતુ કોઈ અયોગ્ય ચાલ ન ચાલ્યાનો તેને વિશ્વાસ હતો. સ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં હોવાનું જણાવતાં તેણે કહ્યું કે સમયની ખેંચ વખતે પણ તેણે આગળની ચાલોનું આયોજન કરી રાખ્યું હતું અને યોગ્ય ઉકેલ શોધી શક્યાનો તેને આનંદ છે. બે વર્ષ અગાઉ સિંગાપોરમાં ખિતાબ જીત્યા બાદ ગુકેશની આ બીજી વિશ્વ ખિતાબ મેચ છે. પડકારક સિંદારોવ માટે આ પ્રથમ વિશ્વ ખિતાબ શ્રેણી છે. ગુકેશના ઘડિયાળમાં સમય ઓછો જોઈને તેણે દબાણ વધારવાનો પ્રયાસ કર્યો, પરંતુ સ્થિતિ લગભગ સમાન હોવાનું તે જાણતો હતો અને અંતે ગુકેશે ઉત્તમ બચાવ કર્યો હોવાનું તેણે સ્વીકાર્યું. મેચ પહેલાં પોતે ઘણો ગભરાયેલો હોવાનું જણાવી સિંદારોવે બાજી માણવાનો પ્રયાસ કર્યાનું કહ્યું. સિંદારોવની રુઈ લોપેઝ સામે ગુકેશે બર્લિન ડિફેન્સ પસંદ કર્યું અને સિંકફિલ્ડ સ્પર્ધામાં અલિરેઝા ફિરોઝા સામેની પોતાની રમતને યાદ કરી. વિશ્વ ચેસ ચેમ્પિયનશિપની શરૂઆતની બાજીમાં બંને ખેલાડીઓએ સંયમ અને રણનીતિનું પ્રદર્શન કર્યું છે.

**બારસો વીસ ખેલાડીઓની યાદી જાહેર, બાર બાંગ્લાદેશી ખેલાડીઓ પણ સામેલ**

# બેન સ્ટોક્સની ધમાકેદાર એન્ટ્રીથી હરાજીમાં ખળભળાટ

(એજન્સી) અમદાવાદ । તા. 25

આગામી ઈન્ડિયન પ્રીમિયર લીગની મિની હરાજી માટે કુલ એક હજાર બસો વીસ ખેલાડીઓની પ્રારંભિક યાદી જાહેર થતાં જ ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે બે કરોડ રૂપિયાની મૂળ કિંમત સાથે ધમાકેદાર એન્ટ્રી કરીને સૌથી મોટું આકર્ષણ જમાવ્યું છે, જેના પર લખનઉ અને કોલકાતા સહિતની ટીમો મોટી બોલી લગાવી શકે છે, જ્યારે બીજી તરફ બાર બાંગ્લાદેશી ખેલાડીઓ યાદીમાં સામેલ હોવા છતાં મુસ્તફિઝુર રહેમાન અને શાકિબ અલ હસન જેવા દિગ્ગજ ખેલાડીઓની ગેરહાજરીથી ક્રિકેટ જગતમાં તીવ્ર ચર્ચા જાગી છે.

ફ્રેન્ચાઈઝી ટીમો સાથે શેર કરવામાં આવેલા નોંધણી પત્રકમાં પાંત્રીસ વર્ષીય બેન સ્ટોક્સનું નામ આવતાની સાથે જ હરાજીમાં તેના પર કરોડો રૂપિયાનો વરસાદ થવાની આશા બળવત્તર બની છે. ઈંગ્લેન્ડની ટેસ્ટ ટીમના ભૂતપૂર્વ સુકાની અને અનુભવી ઓલરાઉન્ડર તરીકે બેન સ્ટોક્સની હાજરી હરાજીના માહોલને વધુ રોમાંચક બનાવી રહી છે. ખાસ કરીને લખનઉ સુપર જાયન્ટ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ જેવી ટીમો કે જેમને એક અનુભવી સુકાનીની પણ શોધ છે, તેઓ સ્ટોક્સને પોતાની ટીમમાં સામેલ કરવા માટે આક્રમક બોલી લગાવી શકે છે.

બેન સ્ટોક્સ અગાઉ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રાઈઝિંગ પુણે સુપરજાયન્ટ, રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમી ચૂક્યો છે. આ સ્પર્ધામાં તેના નામે પિસ્તાળીસ મેચોમાં નવસો પાંત્રીસ રન અને અઠ્ઠાવીસ વિકેટ નોંધાયેલી છે. તેની બેટિંગ, બોલિંગ અને નેતૃત્વ ક્ષમતાને કારણે કોઈપણ ટીમનું સંતુલન મજબૂત બની શકે છે, તેથી હરાજી દરમિયાન તેના માટે જોરદાર રસાકસી જોવા મળે તેવી પૂરી સંભાવના છે.

આગામી મિની હરાજી માટે જાહેર થયેલી પ્રારંભિક યાદીમાં કુલ એક હજાર બસો વીસ ખેલાડીઓના નામ નોંધાયા છે. આ યાદીમાં નવસો ઓગણચાલીસ ભારતીય અને બસ્સો એકાશી વિદેશી ખેલાડીઓનો સમાવેશ થાય છે. મીડિયા અહેવાલ મુજબ વિવિધ દેશોના ખેલાડીઓએ પોતાની નોંધણી કરાવી છે અને ફ્રેન્ચાઈઝી ટીમો હવે પોતાની જરૂરિયાત મુજબના ખેલાડીઓની પસંદગી કરીને અંતિમ યાદી તૈયાર કરવાની પ્રક્રિયામાં જોડાશે.

મર્યાદિત જગ્યાઓ અને મોટી સંખ્યામાં ઉપલબ્ધ ખેલાડીઓ વચ્ચે હરાજીમાં સમજદારીપૂર્વક નાણાં વાપરવાનો પડકાર તમામ ટીમો સામે રહેશે. ટીમોએ




પોતાના બેટિંગ, બોલિંગ અને ઓલરાઉન્ડ વિભાગની ખામીઓ પૂરવા માટે ચોક્કસ રણનીતિ ઘડવી પડશે. અનુભવી ખેલાડીઓની સાથે યુવા પ્રતિભાઓ પર પણ ફ્રેન્ચાઈઝીઓની નજર રહેશે, જેના કારણે હરાજીનો મંચ અત્યંત રસપ્રદ બની રહેશે.

આ યાદીમાં બાંગ્લાદેશના કુલ બાર ખેલાડીઓને સ્થાન મળ્યું છે. હરાજી માટે નોંધણી કરાવનાર બાંગ્લાદેશી ખેલાડીઓમાં હસન મહમૂદ, પરવેઝ હુસૈન ઈમોન, રિપોન મંડલ, રિશાદ હુસૈન, સૈફ હસન, શાક મહેદી હસન, શમીમ હુસૈન, શોરિફુલ ઇસ્લામ, તંઝીમ હસન સાકિબ, તૌહીદ હૃદોય, એમડી રુબેલ અને તસ્કીન અહેમદનો સમાવેશ થાય છે. આ ખેલાડીઓ વિવિધ વિભાગોમાં ટીમો માટે ઉપયોગી વિકલ્પ સાબિત થઈ શકે છે. જોકે, મુસ્તફિઝુર રહેમાન અને શાકિબ અલ હસન જેવા જાણીતા ખેલાડીઓના નામ યાદીમાં ન હોવાથી ક્રિકેટ વર્તુળોમાં અનેક તર્કવિતર્ક શરૂ થયા છે. મુસ્તફિઝુર રહેમાનનું નામ ગાયબ હોવા પાછળ ગત સિઝનનો વિવાદ કારણભૂત માનવામાં આવે છે. અગાઉની મિની હરાજીમાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેને નવ દશાંશ બે કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, પરંતુ ત્યારબાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના ભૂ-રાજકીય તણાવની પૃષ્ઠભૂમિમાં ક્રિકેટ બોર્ડના નિર્દેશ પર તેને મુક્ત કરી દેવામાં આવ્યો હતો. આગામી હરાજીમાં કયા ખેલાડી પર સૌથી વધુ બોલી લાગે છે અને કઈ ટીમ પોતાની ટીમનું માળખું સૌથી મજબૂત બનાવે છે, તેના પર સૌની નજર રહેશે. બેન સ્ટોક્સની એન્ટ્રી, વિદેશી ખેલાડીઓની હાજરી અને દિગ્ગજ નામોની ગેરહાજરી જેવા મુદ્દાઓએ હરાજી પહેલાં જ ઉત્તેજનાનું વાતાવરણ ઊભું કરી દીધું છે.

**ત્રેવડી સદીની કોચની ભવિષ્યવાણી, અઠ્ઠાવીસ છગ્ગા સાથે વિક્રમ સર્જ્યો**

# વૈભવ સૂર્યવંશીએ તોફાની બેવડી સદી

(એજન્સી) દુબઈ । તા. 25

પંદર વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ એશિયન ક્રિકેટ કાઉન્સિલ મેન્સ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ સ્પર્ધામાં સંયુક્ત આરબ અમીરાત સામે માત્ર ત્રેપન બોલમાં બસ્સો ચાર રન ફટકારીને ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે, જેના પગલે તેના બાળપણના કોચ મનીષ ઓઝાએ અગાઉ બેવડી સદી અંગે કરેલી આગાહી સાચી ઠર્યા બાદ હવે તે ત્રેવડી સદી પણ ફટકારી શકે છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને અઠ્ઠાવીસ છગ્ગાની તોફાની રમતની મદદથી ભારત-અ ટીમે ચૌદ પોઈન્ટ ત્રણ ઓવરમાં બસ્સો પચાસ રનનો લક્ષ્યાંક પાર પાડીને શાનદાર વિજય મેળવ્યો છે.

પંદર વર્ષની વયે વૈભવ સૂર્યવંશીએ રમેલી આ ઐતિહાસિક ઈનિંગથી વિશ્વ ક્રિકેટમાં નવી ચર્ચા શરૂ થઈ છે. જોકે તેના બાળપણના કોચ મનીષ ઓઝા માટે આ પ્રદર્શન બિલકુલ અણધાર્યું નહોતું. તેમણે બે વર્ષ પહેલાં જ એવી ભવિષ્યવાણી કરી હતી કે વૈભવ એક દિવસ બેવડી સદી જરૂર ફટકારશે. હવે આ તોફાની ઈનિંગ જોયા પછી કોચનું માનવું છે કે આ યુવા ખેલાડી ભવિષ્યમાં ત્રેવડી સદી પણ નોંધાવી શકે છે.

મનીષ ઓઝાએ જણાવ્યું છે કે તેમને ખરેખર લાગે છે કે એક દિવસ તે ત્રેવડી સદી પણ ફટકારી શકે છે અને તેની આ ઈનિંગ દરેક દૃષ્ટિએ અસાધારણ હતી, જેમાં આક્રમકતા, મનોરંજન અને શાનદાર બેટિંગનો સમન્વય જોવા મળ્યો હતો. કોચના મતે વૈભવ એકદિવસીય ક્રિકેટને જોવાનો દૃષ્ટિકોણ બદલી રહ્યો છે. જ્યારે કોઈ ટીમ ચૌદ-પંદર ઓવરમાં જ મોટો લક્ષ્યાંક હાંસલ કરી શકતી હોય, ત્યારે પચાસ ઓવરની મેચમાં આ જ આક્રમક માનસિકતા સાથે રમવાથી કેટલો વિશાળ સ્કોર ખડકી શકાય તેની કલ્પના થઈ શકે છે.

આ પહેલાં પણ વૈભવ પોતાની પ્રતિભાનો પરિચય આપી ચૂક્યો છે. ઈન્ડિયન પ્રીમિયર લીગની સ્પર્ધામાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા તેણે છત્રીસ બોલમાં સદી ફટકારી હતી તેમજ આખા સત્રમાં સાતસો છોત્તેર રન બનાવીને ઓરેન્જ કેપ મેળવી હતી અને પાંસઠ છગ્ગા ફટકાર્યા હતા. ગત વર્ષે વિજય હઝારે ટ્રોફીમાં બિહાર માટે ચોર્યાસી બોલમાં એકસો નેવું રન તથા આ વર્ષે અંડર-નવતીન વિશ્વ કપના અંતિમ મુકાબલામાં ઈંગ્લેન્ડ સામે એંસી બોલમાં એકસો પંચોતેર રનની યાદગાર ઈનિંગ પણ તેણે રમી હતી.

### વિક્રમોની વણઝાર અને અગાઉની સિદ્ધિઓ

સંયુક્ત આરબ અમીરાત સામેની મેચમાં વૈભવે માત્ર અઠ્ઠાવીસ બોલમાં સદી અને બાવન બોલમાં બેવડી સદી પૂરી કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રદર્શન સાથે તે લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી સદી અને સૌથી ઝડપી બેવડી સદી ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. તેની ઈનિંગમાં અઠ્ઠાવીસ છગ્ગા સામેલ હતા, જે વ્યાવસાયિક ક્રિકેટ મેચની એક ઈનિંગમાં કોઈપણ બેટ્સમેન દ્વારા ફટકારવામાં આવેલા સૌથી વધુ છગ્ગાનો વિક્રમ છે.




### સ્વાભાવિક રમત અને મેદાન પર તકની માંગ

કોચ મનીષ ઓઝાએ કહ્યું છે કે હાલ તેમને કોઈ એવો ખેલાડી દેખાતો નથી જે આ વિક્રમો તોડી શકે અને તેના માટે કદાચ ક્રિસ ગેલને પાછા આવવું પડે, કારણ કે વૈભવના વિક્રમો માત્ર વૈભવ જ તોડશે. કોચના જણાવ્યા અનુસાર વૈભવ પોતાની સિદ્ધિઓ અને આંકડાઓ પર વધુ ધ્યાન નથી આપતો, પરંતુ તેનું પૂરું ધ્યાન દડા પર રહે છે અને દડો તેની હિટિંગ રેન્જમાં આવે ત્યારે તે પ્રહાર કરવાનું ચૂકતો નથી.

આ ધમાકેદાર ઈનિંગ અગાઉ સ્પર્ધામાં નેપાળ સામે છવ્વીસ અને પાકિસ્તાન-અ સામે અગિયાર રન બનાવ્યા બાદ વૈભવે પોતાના કોચ સાથે ફોન પર વાત કરી હતી. સતત બે વાર સારી શરૂઆતને મોટી ઈનિંગમાં ન ફેરવી શક્યા બાદ તેણે શરૂઆતમાં સંભાળીને રમવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ પિચ પરથી બોલરોને મદદ મળતી ન હોવાનું જોઈને તેણે પોતાની સ્વાભાવિક રમત પર ભરોસો કર્યો હતો. સાથોસાથ કોચ ઓઝાએ ભારતીય ટીમ વ્યવસ્થાપનને અપીલ કરી છે કે ખેલાડી મેદાન પર ઉતરીને જ શીખે છે, બેન્ચ પર બેસીને નહીં; તેથી પાંચ મેચની શ્રેણીમાં વૈભવને ઓછામાં ઓછા બે-ત્રણ મુકાબલા રમવાની તક મળવી જોઈએ અને તેને માત્ર વિકલ્પ ન ગણવો જોઈએ.

### ભારતીય ક્રિકેટ અને ગુજરાત માટે મહત્ત્વ

પંદર વર્ષની ઉંમરે વૈભવ સૂર્યવંશીએ નોંધાવેલા આ અસાધારણ દેખાવે ભારતીય ક્રિકેટના ઉગતા સિતારાની ક્ષમતા સ્પષ્ટ કરી છે. ઘરેલુ સ્પર્ધાઓથી લઈને આંતરરાષ્ટ્રીય યુવા અને એશિયા કપ મંચ સુધી તેની નિરંતર આક્રમકતા ભવિષ્યના ક્રિકેટ માટે આશા જગાડે છે. ગુજરાત સહિત દેશભરના ક્રિકેટપ્રેમીઓ માટે આ યુવા પ્રતિભાનો ઉદય ગૌરવ અને ઉત્સાહનો વિષય છે, કારણ કે આગામી સમયમાં આવા યુવા ખેલાડીઓ ભારતીય ક્રિકેટને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે.

## લાલરેમસિયામીએ સફળતાનું રહસ્ય સમજાવ્યું ભારતમાં

**ભોપાલમાં હેટ્રિક ખિતાબની આશા, એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં જંગ**



(એજન્સી) ભોપાલ । તા. 25

ભારતીય મહિલા હોકી ટીમ આ વર્ષે સતત મોટી ટુર્નામેન્ટોમાં શાનદાર દેખાવ કરીને ભોપાલમાં મહિલા એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનો સતત ત્રીજો ખિતાબ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરી છે, જેમાં અગ્રણી ફોરવર્ડ ખેલાડી લાલરેમસિયામીએ ટીમની સફળતા પાછળ સામૂહિક અભિગમ, ખેલાડીઓની ભૂખ અને સહાયક સ્ટાફના આયોજનને મુખ્ય કારણ ગણાવ્યું છે અને આ વર્ષે અત્યાર સુધી રમાયેલી અઠ્ઠાવીસમાંથી છવ્વીસ મેચમાં રમીને અગિયાર ગોલ નોંધાવ્યા છે.

ભારતીય મહિલા હોકી ટીમ માટે આ કેલેન્ડર વર્ષ અત્યંત વ્યસ્ત અને ઐતિહાસિક રહ્યું છે. માર્ચ મહિનામાં વિશ્વ કપ ક્વોલિફાયરથી શરૂ થયેલી સફર જૂનમાં નેશન્સ કપ સુધી પહોંચી હતી. ત્યારબાદ ઓગસ્ટના અંતથી ટીમ વિશ્વ કપ, એશિયન ગેમ્સ અને હવે ચાલી રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જેવી મહત્ત્વપૂર્ણ સ્પર્ધાઓમાં સતત રમી રહી છે. આ સફરના પરિણામો પણ અત્યંત ઉત્સાહજનક રહ્યા છે.

ભારતે વિશ્વ કપ માટે ક્વોલિફાય કર્યા બાદ નેશન્સ કપ જીતીને આગામી સત્રના પ્રો લીગમાં સ્થાન મેળવ્યું હતું. ત્યારબાદ ઓગણીસસો ચોર્તેર પછી વિશ્વ કપમાં પોતાનું શ્રેષ્ઠ પાંચમું સ્થાન હાંસલ કર્યું અને ઓગણીસસો બ્યાસી પછી પ્રથમવાર એશિયન ગેમ્સમાં સુવર્ણચંદ્રક જીત્યો હતો. આ સફળતાના જોરે ભારતીય ટીમ વિશ્વ ક્રમાંકમાં પોતાના શ્રેષ્ઠ પાંચમા સ્થાને પહોંચી છે. હવે ટીમ ભોપાલમાં એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીતીને હેટ્રિક પૂર્ણ કરવા તરફ આગળ વધી રહી છે. મુખ્ય કોચ શોર્ડ મારિઝને તમામ પાંચ ટુર્નામેન્ટ માટે મુખ્ય ખેલાડીઓને મોટાભાગે જાળવી રાખ્યા છે અને અગિયાર ખેલાડીઓ દરેક સ્પર્ધામાં રમ્યા છે. ઓગણત્રીસ વર્ષીય ફોરવર્ડ લાલરેમસિયામી તેમાંની એક છે, જેણે આ વર્ષે અઠ્ઠાવીસમાંથી છવ્વીસ મેચમાં ભાગ લીધો છે અને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીના અંત સુધીમાં તે વધુ ત્રણ મેચ રમે તેવી શક્યતા છે. તેણે અત્યાર સુધી અગિયાર ગોલ કર્યા છે અને એશિયન ગેમ્સની ફાઈનલમાં ચીન સામે નિર્ણાયક ગોલ ફટકારીને બબ્બે હજાર અઠ્ઠાવીસ ઓલિમ્પિકની ટિકિટ પણ પાકી કરી હતી.

**રાઇઝિંગ // શ્રીલંકા-અ અને પાકિસ્તાન-અ અજેય, વૈભવની બેવડી સદીથી ભારતનો વિજય**

# એશિયા કપ સેમિફાઇનલની ચાર ટીમો નક્કી થઈ ગઈ

(એજન્સી) અમદાવાદ । તા. 25



રાઈઝિંગ સ્ટાર્સ એશિયા કપમાં લીગ તબક્કાની તમામ મેચો પૂર્ણ થતાં જ સેમિફાઈનલ માટેની ચાર ટીમો નક્કી થઈ ગઈ છે અને ચાર ટીમો બહાર થઈ ગઈ છે, જેમાં ગ્રુપ-કમાંથી શ્રીલંકા-અ અને બાંગ્લાદેશ-અ તથા ગ્રુપ-ખમાંથી પાકિસ્તાન-અ અને ભારત-અ ટીમે અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું છે અને ભારત-અ ટીમે સંયુક્ત આરબ અમીરાત સામે સાત વિકેટે શાનદાર વિજય મેળવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

ટુર્નામેન્ટના નિયમ મુજબ બંને ગ્રુપમાંથી ટોચની બે-બે ટીમો સેમિફાઈનલમાં પ્રવેશ મેળવે છે. ગ્રુપ-કની ચારેય ટીમોએ પોતાની ત્રણ-ત્રણ લીગ મેચ પૂર્ણ કરી લીધી છે. તેમાં શ્રીલંકા-અ ટીમે શાનદાર રમત દાખવતાં તમામ ત્રણ મેચ જીતીને છ ગુણ અને વત્તા બે દશાંશ પાંચ બારના નેટ રન રેટ સાથે પ્રથમ સ્થાને રહી સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે. બાંગ્લાદેશ-અ ટીમ ત્રણ મેચમાંથી બે જીત અને એક હાર સાથે ચાર ગુણ અને ઓછા શૂન્ય દશાંશ ચાર સાત શૂન્યના નેટ રન રેટ સાથે બીજા સ્થાને રહી ક્વોલિફાય થઈ છે. બીજી તરફ અફઘાનિસ્તાન-અ ત્રણ મેચમાં એક જીત અને બે હાર સાથે બે ગુણ અને વત્તા શૂન્ય દશાંશ બે શૂન્ય ચારના નેટ રન રેટ સાથે બહાર થઈ છે, જ્યારે હોંગકોંગ ત્રણ મેચમાં શૂન્ય ગુણ અને ઓછા બે દશાંશ શૂન્ય પાંચ એકના નેટ રન રેટ સાથે સ્પર્ધામાંથી બહાર થયું છે. ગ્રુપ-ખની પણ તમામ ટીમોએ ત્રણ-ત્રણ લીગ મેચ પૂર્ણ કરી છે. પાકિસ્તાન-અ ટીમે સતત ત્રણ જીત સાથે છ ગુણ અને વત્તા એક દશાંશ ત્રણ છ સાતના નેટ રન રેટ સાથે ટોચનું સ્થાન મેળવ્યું છે. ભારત-અ ટીમ ત્રણ મેચમાંથી બે જીત અને એક હાર સાથે ચાર ગુણ અને વત્તા ત્રણ દશાંશ પાંચ બે ત્રણના શાનદાર નેટ રન રેટ સાથે બીજા ક્રમે રહી સેમિફાઈનલમાં પહોંચી છે. નેપાળ ત્રણ મેચમાં એક જીત અને બે હાર સાથે બે ગુણ અને ઓછા બે દશાંશ ત્રણ બે નવના નેટ રન રેટ સાથે બહાર થયું છે, જ્યારે સંયુક્ત આરબ અમીરાત ત્રણ મેચમાં શૂન્ય ગુણ અને ઓછા ત્રણ દશાંશ પાંચ એક એકના નેટ રન રેટ સાથે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે.

સેમિફાઈનલની ચારેય ટીમો નક્કી થવાની સાથે જ હવે નોકઆઉટ તબક્કાનો રોમાંચ ચરમસીમાએ પહોંચ્યો છે. ખિતાબ જીતવા માટે શ્રીલંકા-અ, બાંગ્લાદેશ-અ, પાકિસ્તાન-અ અને ભારત-અ એમ ચાર મજબૂત ટીમો વચ્ચે જંગ જામશે. યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની બસ્સો ચાર રનની ઐતિહાસિક ઈનિંગ આ ટુર્નામેન્ટની સૌથી યાદગાર ઈનિંગ્સમાં સામેલ થઈ ગઈ છે. આ શાનદાર લયને કારણે ભારતીય ટીમનો આત્મવિશ્વાસ ખૂબ જ વધ્યો છે. હવે તિલક વર્માની આગેવાની હેઠળની ટીમની નજર સેમિફાઈનલમાં વિજય મેળવીને ફાઈનલની ટિકિટ કપાવવા પર રહેશે. જો ભારત-અ અને પાકિસ્તાન-અ પોતપોતાની સેમિફાઈનલ મેચ જીતવામાં સફળ રહેશે, તો ક્રિકેટ ચાહકોને ફાઈનલમાં આ બંને કટ્ટર હરીફ ટીમો વચ્ચે હાઈ-વોલ્ટેજ મુકાબલો જોવા મળવાની પૂરી શક્યતા છે.

**લખનૌમાં ભારતીય શટલરોની કસોટી**

# સૈયદ મોદી સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓનો ધમાકો થશે

(એજન્સી) લખનૌ । તા. 25

સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધાના બીજા દિવસે બુધવારે ચોવીસ નવેમ્બરના રોજ ટોચની ક્રમાંકિત ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદ તેમજ બીજા ક્રમાંકની તન્વી શર્મા સહિતના ભારતીય ખેલાડીઓ પોતાનું અભિયાન શરૂ કરીને શાનદાર દેખાવ કરવાના ઈરાદા સાથે કોર્ટ પર ઉતરી રહ્યા છે, જેમાં ત્રિસા અને ગાયત્રી ત્રીજા નંબરના કોર્ટ પર રશ્મિ ગણેશ અને અમૃતા પ્રથુમેશ સામે ટકરાશે, જ્યારે તન્વી પહેલા નંબરના કોર્ટ પર મલેશિયાની ગોહ જિન વેઈ સામે મુકાબલો કરીને આગળ વધવાનો પ્રયાસ કરશે.



સૈયદ મોદી આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધાના બીજા દિવસે ભારતીય ટુકડીની કામગીરી પર સૌની નજર કેન્દ્રિત થઈ છે. ટોચની ક્રમાંકિત જોડી ત્રિસા જોલી અને ગાયત્રી ગોપીચંદ આ સ્પર્ધામાં પ્રબળ દાવેદાર તરીકે મેદાનમાં ઉતરી રહી છે. દિવસના પ્રારંભિક મુકાબલામાં જ આ જોડી ત્રીજા ક્રમના કોર્ટ પર દેશની જ જોડી રશ્મિ ગણેશ અને અમૃતા પ્રથુમેશ સામે રમશે. એક જ દેશની જોડીઓ વચ્ચેનો આ મુકાબલો રોમાંચક અને સંઘર્ષપૂર્ણ રહેવાની સંભાવના છે, જેમાં અનુભવ અને તાલમેલ મહત્ત્વની ભૂમિકા ભજવશે. બીજા ક્રમાંકિત ખેલાડી તન્વી શર્મા પણ બીજા દિવસે પોતાની સફરની શરૂઆત કરી રહી છે. તે પહેલા ક્રમના કોર્ટ પર મલેશિયાની ગોહ જિન વેઈ સામે ટકરાશે. આંતરરાષ્ટ્રીય સ્તરની હરીફ સામે તન્વી માટે આ મુકાબલો કસોટી સમાન રહેશે, પરંતુ તે પોતાની રમત અને આત્મવિશ્વાસના જોરે વિજયી શરૂઆત કરવા માટે ઉત્સાહિત છે. મહિલા સિંગલ્સ વિભાગમાં ઉન્નતિ હૂડા પણ બીજા દિવસે પોતાનો દાવો રજૂ કરશે.

### બુશેહર એરપોર્ટ પર નવ મહિના જૂના દ્રશ્યો વાયરલ, નાગરિક વિમાન પરના હુમલાથી ચર્ચા

# બુશેહર એરપોર્ટ પર મિસાઈલ હુમલો થતા વિમાન બળ્યું

(એજન્સી) બુશેહર । તા. 25

દક્ષિણ ઈરાનના બુશેહર એરપોર્ટ પર ઊભેલા ઈરાન એરના ચોવીસ વર્ષ જૂના એરબસ એ૩૧૯ મુસાફર વિમાન પર ચોવીસ નવેમ્બરે નવ મહિના જૂનો નિરીક્ષણ કેમેરાનો વીડિયો વાયરલ થતા મિસાઈલ હુમલાની ભયાનક ઘટના સામે આવી છે, જેમાં અગાઉ અમેરિકા અને ઈઝરાયલ સાથે શરૂ થયેલા સંઘર્ષ દરમિયાન ફેબ્રુઆરીના અંત અને માર્ચની શરૂઆતમાં વિમાન ક્ષણભરમાં આગના ગોળામાં ફેરવાઈને નાશ પામ્યું હતું અને હવે નાગરિક સંપત્તિ પરના પ્રહાર અંગે સોશિયલ મીડિયામાં નવેસરથી તીવ્ર ચર્ચા જાગી છે.

ઈરાન, ઈઝરાયલ અને અમેરિકા વચ્ચેના તણાવપૂર્ણ સંઘર્ષ વચ્ચે સામે આવેલા કથિત નિરીક્ષણ કેમેરાના ફૂટેજમાં દક્ષિણ ઈરાનના બુશેહર એરપોર્ટના રનવે વિસ્તારમાં ઊભેલા ઈરાન એરના એરબસ એ૩૧૯-૧૧૧ વિમાન પર સીધો મિસાઈલ હુમલો થતો સ્પષ્ટ દેખાય છે. મિસાઈલ ત્રાટકતાની સાથે જ ગણતરીની સેકન્ડોમાં વિમાન આગના વિશાળ ગોળામાં ફેરવાઈ ગયું હતું અને જોતજોતામાં બળીને ખાખ થઈ ગયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ આ દ્રશ્યો અઠ્ઠાવીસ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ શરૂ થયેલા સંઘર્ષના શરૂઆતી દિવસો સાથે જોડાયેલા છે, જ્યારે વિમાન તેહરાનથી બુશેહર પહોંચીને રનવે પર ઊભું હતું. હવાઈ સુરક્ષાના દસ્તાવેજો અનુસાર આ વિમાન ત્રીજી માર્ચ ૨૦૨૬ના રોજ થયેલા હુમલામાં સંપૂર્ણપણે નષ્ટ થયું હતું.

ચોવીસ નવેમ્બરે આ વીડિયો જાહેર થયા બાદ વિવિધ માધ્યમો પર તે ઝડપથી ફરતો થયો છે. ઘટનાના નવ મહિના બાદ સામે આવેલા આ ફૂટેજે જૂના સંઘર્ષની તીવ્રતા અને એરપોર્ટ પરિસરમાં સર્જાયેલી વિનાશક સ્થિતિની યાદ અપાવી છે. મિસાઈલ હુમલાની ઘટનાએ ફરી એકવાર પશ્ચિમ એશિયાના સંવેદનશીલ વાતાવરણ અને હવાઈ મથકોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. આ વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર નાગરિકો અને નાગરિક સંપત્તિ પર થતા હુમલા અંગે



ભારે ચર્ચા શરૂ થઈ છે. એક વર્ગના લોકો આ પગલાંને મુસાફર વિમાન પરનો ગેરકાયદેસર હુમલો ગણાવીને તેની સામે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. તેમના મતે નાગરિક ઉડ્ડયન અને સંબંધિત માળખાકીય સુવિધાઓને નુકસાન પહોંચવું એ અત્યંત ચિંતાજનક બાબત છે.

બીજી તરફ, કેટલાક વપરાશકર્તાઓ જૂના સંદર્ભો ટાંકીને અલગ દલીલ કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ અગાઉ ઈરાન એર પર ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ માટે પરિવહન સંબંધિત ગતિવિધિઓ કરવામાં આવતી હોવાના આરોપો લાગ્યા હતા. આ જ કારણસર સોશિયલ મીડિયામાં આ ઘટનાના ઉદ્દેશ અને યોગ્યતા અંગે સમર્થન તથા વિરોધ એમ બંને પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. સંઘર્ષના એ સમયગાળા દરમિયાન અમેરિકા અને ઈઝરાયલના દળોએ ઈરાનના સૈન્ય અને વ્યૂહાત્મક મથકોને નિશાન બનાવીને સંયુક્ત હવાઈ હુમલા કર્યા હતા. તેમાં મિસાઈલ મથકો, કમાન્ડ કેન્દ્રો અને હવાઈ સંરક્ષણ પ્રણાલીઓનો સમાવેશ થતો હતો. સ્થાનિક અહેવાલો મુજબ તેહરાન સ્થિત મહેરાબાદ એરપોર્ટની આસપાસના વિસ્તારોમાં પણ મિસાઈલ હુમલા બાદ ધુમાડાના ગોટા ઊઠતા જોવા મળ્યા હતા.

પર્સિયન ગલ્ફમાં તૈનાત યુદ્ધજહાજો પરથી ટોમહોક મિસાઈલો તેમજ અત્યાધુનિક ફાઈટર જેટ દ્વારા હુમલા કરવામાં આવ્યા હોવાનું પણ નોંધાયું હતું. તેના જવાબમાં ઈરાને પણ મિસાઈલો અને આત્મઘાતી ડ્રોન મારફતે ઈઝરાયલ, અમેરિકન લશ્કરી મથકો તેમજ ગલ્ફ વિસ્તારના કેટલાક ભાગોને નિશાન બનાવીને વળતા પ્રહાર કર્યા હતા.

### બ્રિટિશ સુરક્ષા તંત્રની જાહેર ચેતવણી

# બ્રિટિશ કંપનીઓ પર ભાંગફોડના જોખમથી ભારે ખળભળાટ




(એજન્સી) લંડન । તા. 25

યુક્રેનને લશ્કરી સહાય પૂરી પાડવામાં મદદ કરતી બ્રિટનની કંપનીઓને રશિયાના ભાંગફોડના પ્રયાસો સામે બ્રિટિશ સુરક્ષા તંત્ર દ્વારા જાહેર ચેતવણી આપવામાં આવી છે, કારણ કે તાજેતરમાં રશિયા વતી જાસૂસી કરતા અમેરિકન સૈનિકની ધરપકડ થઈ છે તેમજ યુરોપમાં ડિજિટલ અને ભૌતિક માળખા પર મોસ્કોના શ્રેણીબદ્ધ હુમલા બાદ સર્જાયેલી અસામાન્ય પરિસ્થિતિએ બ્રિટિશ નાગરિકો અને સંસ્થાઓને સ્તબ્ધ કરી દીધી છે.

યુક્રેનને સંરક્ષણ અને લશ્કરી સામગ્રી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતી બ્રિટિશ કંપનીઓ હવે સંભવિત ભાંગફોડના જોખમ હેઠળ હોવાની ગંભીર આશંકા વ્યક્ત કરવામાં આવી છે. બ્રિટિશ સુરક્ષા તંત્રે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે આવી કંપનીઓએ રશિયા તરફથી થતા ભાંગફોડના પ્રયાસોનો સામનો કરવો પડી શકે છે. સામાન્ય રીતે બ્રિટિશ અધિકારીઓ દ્વારા આ પ્રકારની જાહેર ચેતવણી ભાગ્યે જ આપવામાં આવતી હોય છે, પરંતુ વર્તમાન સંજોગોમાં પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સાવચેતીનો સૂર ઉઠાવવામાં આવ્યો છે.યુરોપ ખંડમાં ડિજિટલ પ્રણાલીઓ તેમજ ભૌતિક માળખાકીય સુવિધાઓ પર મોસ્કોના શ્રેણીબદ્ધ હુમલા થયા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. આધુનિક સંઘર્ષમાં માત્ર સીધી લશ્કરી કાર્યવાહી જ નહીં, પરંતુ પુરવઠા શૃંખલા અને સહાયક સંસ્થાઓને નિશાન બનાવવાની વૃત્તિ વધી હોવાનું સુરક્ષા નિષ્ણાતો માની રહ્યા છે. તેના કારણે બ્રિટનના ઔદ્યોગિક અને સંરક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા વર્તુળોમાં સતર્કતા વધી ગઈ છે અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા શરૂ થઈ છે.

યુરોપમાં વધતા તણાવ અને હુમલાની ઘટનાઓ વચ્ચે એસ્ટોનિયાએ પહેલી ડિસેમ્બરથી રશિયા સાથેની પોતાની તમામ સરહદો બંધ કરવાનો કડક નિર્ણય લીધો છે. એસ્ટોનિયાના સત્તાવાળાઓએ તેમની સંરક્ષણ કંપની પર કરવામાં આવેલા હુમલા બાદ આ મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો હોવાનું સામે આવ્યું છે. આ નિર્ણય દર્શાવે છે કે પડોશી દેશો પણ રશિયા તરફથી ઉદ્ભવતા જોખમોને લઈને અત્યંત કડક વલણ અપનાવી રહ્યા છે.

બીજી તરફ, રશિયન સુરક્ષા ગુપ્તચર તંત્રના આદેશ પર કામ કરતા આઠ લેટવિયન નાગરિકોની આગજનીના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. આ ઘટનાઓથી સ્પષ્ટ થાય છે કે વિવિધ દેશોમાં સ્થાનિક વ્યક્તિઓ મારફતે નુકસાન પહોંચાડવાના પ્રયાસો થઈ રહ્યા હોવાની શંકા સુરક્ષા એજન્સીઓને છે. કાયદાકીય અને સુરક્ષા તંત્ર દ્વારા આવા બનાવોને અટકાવવા માટે કડક કાર્યવાહી અને સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત સપ્ટેમ્બર મહિનામાં એક બ્રિટિશ નાગરિક પર રશિયન જાસૂસી સંસ્થાઓ સાથે મળીને ડ્રોન બનાવતી ફેક્ટરીમાં ભાંગફોડનો પ્રયત્ન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ આ મહિનાના પ્રારંભમાં જ ઈંગ્લેન્ડમાં મથક ધરાવતા એક અમેરિકન સૈનિકની રશિયા વતી જાસૂસી કરવાના આરોપમાં ધરપકડ થતા બ્રિટનમાં ભારે આઘાત અને ચર્ચા જાગી છે.

### બ્રિટન અને નાટો દેશોમાં નોંધાયેલા બનાવો

બ્રિટનમાં પણ ભાંગફોડ અને જાસૂસી સાથે જોડાયેલા બનાવોએ ચિંતા વધારી છે. યુકેની અદાલતે એક વેરહાઉસને આગ લગાવવાનો પ્રયત્ન કરનારા કેટલાક લોકોને આકરી સજા ફટકારી છે. માહિતી મુજબ આ વેરહાઉસમાંથી યુક્રેનને જરૂરી પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. આ ચુકાદાએ સ્પષ્ટ કર્યું છે કે યુક્રેનને મદદ કરતી વ્યવસ્થાઓને ખોરવી નાખવાના પ્રયાસો સામે ન્યાયતંત્ર અને તંત્ર સખત વલણ અપનાવી રહ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### પરસ્તુ અહમદીને હિજાબ વગર ગીત ગાવા બદલ 74 કોરડા



કોમ | ઈરાનની જાણીતી ગાયિકા પરસ્તુ અહમદી અને તેના બેન્ડના ચાર સભ્યોને મંચ પર હિજાબ પહેર્યા વિના ગીતો ગાવા બદલ ચુમ્મોતેર-ચુમ્મોતેર કોરડાની આકરી સજા ફટકારવામાં આવી છે, જે દક્ષિણ ઈરાનના કોમ શહેરમાં જાહેરમાં અમલમાં મૂકવામાં આવી હતી અને તેની સાથે તેમને બે વર્ષ સુધી સંગીત પ્રવૃત્તિ તથા દેશ બહાર જવા પર પ્રતિબંધ લગાવાયો છે. મંચ પર ગાયન રજૂ કરતી વેળાએ પરસ્તુ અહમદીએ હિજાબ ધારણ ન કર્યો હોવાના મામલામાં તેની સાથે ટીમના અન્ય ચાર સભ્યોને પણ સમાન રીતે કોરડા મારવાની સજા આપવામાં આવી છે. ગાયિકા સહિત સમગ્ર બેન્ડને આગામી બે વર્ષ સુધી સંગીત સંબંધિત કોઈ પણ કાર્યક્રમમાં ભાગ લેવા તેમજ ઈરાનની બહાર મુસાફરી કરવા દેવામાં આવશે નહીં. બે વર્ષ અગાઉ કોમ શહેરમાં અન્ય ગાયકો સાથે હિજાબ વગર રજૂઆત કરતી જોવા મળ્યા બાદ પરસ્તુ અહમદીની ધરપકડ થઈ હતી અને કડક નિયંત્રણો લાદ્યા બાદ હવે ત્યાં જાહેરમાં કોરડા ફટકારવાની કાર્યવાહી કરાઈ છે. પશ્ચિમી દેશોની સરકારો અને માનવ અધિકાર જૂથોએ કોરડા મારવાની આ સજાને આંતરરાષ્ટ્રીય કાયદાના ભંગ સમાન ગણાવી તેની ઉગ્ર ટીકા કરી છે. ફરજિયાત હિજાબના કડક નિયમ સામે અગાઉ મહિલાઓએ મોટા પાયે વિરોધ પ્રદર્શનો કર્યા હતા, જેમાં પુરુષો પણ જોડાયા હતા.

### નેપાળમાં ધરતીકંપથી ભૂતાન અને પૂર્વોત્તરમાં ધ્રૂજારી



કાઠમંડુ | નેપાળ અને તિબેટ સરહદે મંગળવારે સવારે સાત વાગીને સત્તર મિનિટે પાંચ પોઈન્ટ છ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્ર કાઠમંડુથી બસો પંચોતેર કિલોમીટર પૂર્વમાં તપલીજુંગ જિલ્લાના ઓવાનચુંગ ગોળામાં નોંધાયું હતું, અને ઓછી ઊંડાઈ હોવા છતાં જાનમાલના નુકસાનના કોઈ અહેવાલ નથી, જ્યારે ભારતે તત્કાળ સહાય માટે તૈયારીઓ શરૂ કરી છે. રાષ્ટ્રીય ભૂકંપ દેખરેખ અને સંશોધન કેન્દ્ર મુજબ આ ધરતીકંપ પાંચ પોઈન્ટ છ અંકનો હતો, જ્યારે યુરોપિયન ભૂકંપશાસ્ત્ર કેન્દ્રએ તેની તીવ્રતા પાંચ પોઈન્ટ ત્રણ નોંધી છે. આ આંચકા માત્ર દસ કિલોમીટરની ઊંડાઈએ સર્જાયા હતા. સામાન્ય રીતે ઓછી ઊંડાઈએ આવતા ભૂકંપથી વધુ નુકસાન થવાની સંભાવના રહે છે, પરંતુ મંગળવારે બપોર સુધી કોઈ જાનહાનિ કે મોટી ખુવારીના સમાચાર મળ્યા નથી. પૂર્વ નેપાળમાં સર્જાયેલા આ કંપનની અસર ઉત્તર બંગાળના દાર્જિલિંગ, જલપાઈગુરી અને કૂચબિહાર તેમજ ભૂતાન, પૂર્વોત્તર ભારત અને બાંગ્લાદેશ સુધી અનુભવાઈ હતી.

### કાઝિયા ટોપ-૩૦માં અટકી, તાજ સરક્યો

# મિસ યુનિવર્સના તાજ પર પ્યુઅર્ટો રિકોની જેનિફરનો કબજો



(એજન્સી) સાન જુઆન । તા. 25

પ્યુઅર્ટો રિકોના સાન જુઆન શહેરમાં આવેલા જોસ મિગુએલ એગ્રેલોટ કોલિઝિયમ ખાતે યોજાયેલી ૭૫મી મિસ યુનિવર્સ સ્પર્ધામાં પ્યુઅર્ટો રિકોની જેનિફર બેરેટોએ કુલ ૧૧૬ સ્પર્ધકોને પાછળ છોડીને વિશ્વ સુંદરીનો ભવ્ય ખિતાબ પોતાના નામે કર્યો છે, જ્યારે ભારતની કાઝિયા લિઝ મેજો ટોપ-૩૦ સુધી પહોંચ્યા બાદ ટોપ-૧૨માં સ્થાન ન મેળવી શકતાં ભારતનું સપનું અધૂરું રહી ગયું છે અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના ૭૫મા વર્ષની ભવ્ય ઉજવણી વચ્ચે અગાઉની વિજેતા મેક્સિકોની ફાતિમા બોશે નવી વિજેતાને માથે તાજ પહેરાવીને સત્તાવાર રીતે ગૌરવપૂર્ણ વિદાય લીધી છે.

મિસ યુનિવર્સ ૨૦૨૬નો તાજ જીતનારી જેનિફર બેરેટો માત્ર સૌંદર્ય જ નહીં, પરંતુ ઊંડા અભ્યાસ અને સામાજિક પ્રતિબદ્ધતા માટે પણ જાણીતી છે. તે હાલમાં પ્રિવેન્શન સ્પેશિયાલિસ્ટ તરીકે મહત્વની ભૂમિકા ભજવી રહી છે. શૈક્ષણિક મોરચે વાત કરીએ તો જેનિફરે રિસર્ચ સાયકોલોજીમાં બેચલર ડિગ્રી મેળવી છે તેમજ સાયકોલોજી અને ક્લિનિકલ સોશિયલ વર્ક એમ બંને ક્ષેત્રોમાં બે માસ્ટર ડિગ્રી હાંસલ કરી છે. માનવ મન અને સમાજની સંવેદનાઓને સમજવાની આ કેળવણીએ તેના વ્યક્તિત્વને વિશેષ ઓળખ આપી છે. વર્ષ ૨૦૨૧માં જેનિફરે ટેક્સાસના ફોર્ટ હૂડ ખાતે અમેરિકન ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ સાથે જોડાઈને પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી હતી. ફેમિલી એડવોકેસી પ્રોગ્રામ હેઠળ તેણે ઘરેલુ હિંસા અને બાળ શોષણનો ભોગ બનેલા લશ્કરી પરિવારોને આધાર અને માર્ગદર્શન આપવાનું સંવેદનશીલ કાર્ય કર્યું છે. એટલું જ નહીં, તેણે નેતાઓને આવી સમસ્યાઓના નિવારણ અને અસરકારક મદદની વ્યૂહનીતિ અંગે પણ તાલીમ આપી છે. આ ઉપરાંત તેણે કાર્લ આર. ડાર્નલ આર્મી મેડિકલ સેન્ટરમાં સ્વયંસેવક તરીકે સેવાઓ આપી છે અને પોતાના વતન પ્યુઅર્ટો રિકોમાં પીડિયાટ્રિક ડાયાબિટીસ એસોસિએશન સાથે જોડાઈને બાળકોના સ્વાસ્થ્ય અને કલ્યાણ માટે સામાજિક કાર્યમાં સક્રિય યોગદાન આપ્યું છે.

આંતરરાષ્ટ્રીય સૌંદર્ય સ્પર્ધાના ૭૫ વર્ષ પૂરા થવાના અવસરે યોજાયેલી આ સ્પર્ધામાં દુનિયાભરમાંથી ૧૧૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. નેશનલ કૉસ્ચ્યુમ રાઉન્ડ, પ્રિલિમિનરી રાઉન્ડ અને અંતિમ ફાઈનલ રાઉન્ડ દરમિયાન સ્પર્ધકોએ પોતાની પ્રતિભા, આત્મવિશ્વાસ અને સંસ્કૃતિની ઝલક રજૂ કરી હતી. અંતિમ તબક્કામાં ડોમિનિકન રિપબ્લિકની પ્રતિનિધિ રનર-અપ રહી હતી, જ્યારે વેનેઝુએલાએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પેજ પર વિશેષ પોસ્ટ કરીને નવી મિસ યુનિવર્સ જેનિફર બેરેટોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

જોકે, ૭૫મા વર્ષની આ ભવ્ય ઉજવણી સંપૂર્ણપણે વિવાદોથી મુક્ત રહી શકી નથી. સ્પર્ધા દરમિયાન કેટલીક સ્પર્ધકોના ખસી જવાના બનાવો સામે આવ્યા હતા. સાથોસાથ ફ્રેન્ચાઈઝી અધિકારોને લઈને સર્જાયેલા વિવાદો અને ઈવેન્ટ મેનેજમેન્ટની કામગીરી અંગે ઉઠેલા સવાલોના કારણે આયોજન પર પણ ચર્ચાઓ જાગી હતી. આ તમામ ઉતાર-ચઢાવ વચ્ચે પણ ફાઈનલનું આયોજન પૂર્ણ થયું અને વિજેતાની જાહેરાત કરવામાં આવી.

ફાઈનલ પહેલાં મિસ યુનિવર્સના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પેજ પર વિદાય લઈ રહેલી અગાઉની વિજેતા મેક્સિકોની ફાતિમા બોશ માટે ખાસ સંદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. તે સંદેશમાં તેની સમગ્ર સફર, હિંમત અને અન્ય લોકોને પ્રેરણા આપતા વ્યક્તિત્વની હૃદયપૂર્વક પ્રશંસા કરવામાં આવી હતી. સ્પર્ધાના મંચ પર ફાતિમા બોશે જેનિફર બેરેટોને તાજ પહેરાવીને નવા અધ્યાયની શરૂઆત કરાવી હતી. બીજી તરફ, ભારતીય પ્રેક્ષકો અને ચાહકો માટે આ પરિણામ નિરાશાજનક રહ્યું છે. ભારતની સ્પર્ધક કાઝિયા લિઝ મેજો ટોપ-૩૦ રાઉન્ડ સુધી પહોંચવામાં સફળ રહી, પરંતુ ટોપ-૧૨માં સ્થાન મેળવતા પહેલાં જ સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ.

## હોર્ન આઈલેન્ડ નજીક વિમાન તૂટી પડતા છનાં મોત, કાટમાળમાંથી છ મૃતદેહ બહાર કઢાયા

(એજન્સી) મિસિસિપી । તા. 25

અમેરિકાના મિસિસિપી રાજ્યમાં હોર્ન આઈલેન્ડ નજીક મંગળવારે બપોરે નાનું વિમાન સમુદ્રમાં ખાબકતાં બે બાળકો સહિત કુલ છ લોકોનાં કરુણ મોત નીપજ્યાં છે, જેમાં ચાર પુખ્ત વયના અને આઠથી દસ વર્ષની વયના બે બાળકોનો સમાવેશ થાય છે, જ્યારે ન્યૂ ઓર્લિયન્સથી ફ્લોરિડા જઈ રહેલા આ વિમાન સાથે બપોરે આશરે પોણા ચાર વાગ્યે સંપર્ક તૂટી ગયા બાદ ડાઇવર્સે કાટમાળમાંથી તમામ છ મૃતદેહ બહાર કાઢ્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ દુર્ઘટનાગ્રસ્ત વિમાન સેસના સેન્ટુરિયન બસો દસ હતું, જે ન્યૂ ઓર્લિયન્સથી ફ્લોરિડાના ફોર્ટ માયર્સ તરફ ઉડાન ભરી રહ્યું હતું. ઉડાન ભર્યાના લગભગ ત્રીસ મિનિટ બાદ વિમાન મિસિસિપીના પસ્કાગૌલાના દક્ષિણ ભાગમાં આશરે આઠ હજાર આઠસો ફૂટની ઊંચાઈએ પહોંચ્યું હતું. ત્યારબાદ અચાનક વિમાન સમુદ્ર તરફ નીચે ખાબકવા લાગ્યું હતું. હવાઈ ઉડાન ટ્રેકિંગ માહિતી મુજબ અકસ્માત અગાઉ વિમાન પ્રતિ મિનિટ અઢાર હજાર ફૂટની ઝડપે નીચે આવી રહ્યું હતું અને તેની ગતિ બસો માઈલ પ્રતિ કલાક કરતાં વધુ નોંધાઈ હતી. ત્યારબાદ વિમાનનો ટ્રેકિંગ સંકેત મળવાનું બંધ થઈ ગયું હતું.

મંગળવારે બપોરે આશરે ત્રણ પિસ્તાળીસ વાગ્યે હવાઈ ઉડ્ડયન તંત્રનો વિમાન સાથે સંપર્ક તૂટી જતાં તુરંત તટરક્ષક દળને જાણ કરાઈ હતી અને શોધખોળ અભિયાન શરૂ થયું હતું. ઘટનાસ્થળેથી ત્રણ જીવનરક્ષક જેકેટ, એક જીવનરક્ષક હોડી અને વિમાનનો આંતરિક ભાગ મળી આવ્યો હતો. ત્યારબાદ મિસિસિપીના દરિયાઈ સંસાધન વિભાગના ડાઇવર્સે વિમાનના કાટમાળમાં ઊંડી શોધખોળ ચલાવીને તમામ છ વ્યક્તિના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

## શેખ હસીના સ્વદેશ પરત ફરશે તો ધરપકડની ચેતવણી, દિલ્હીથી ખાસ વિમાનની માંગણી, વિજય દિવસે પરત ફરવાની યોજના

(એજન્સી) ઢાકા । તા. 25

બાંગ્લાદેશનાં પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાએ આગામી સોળ ડિસેમ્બરે વિજય દિવસના અવસરે સ્વદેશ પરત ફરવાની યોજના જાહેર કરીને નવી દિલ્હીથી રાષ્ટ્રીય વિમાન સેવા મારફતે સલામત પ્રવાસની વ્યવસ્થા કરવાની માંગ કરી છે, જેના જવાબમાં ઢાકા સરકારે તીવ્ર પ્રતિક્રિયા આપતા સ્પષ્ટ કર્યું છે કે તેમને હાથકડી પહેરાવીને પરત લાવવામાં આવશે અને અન્ય ફરાર દોષિતોને લાગુ પડતા કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

બાંગ્લાદેશનાં ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ સોળ ડિસેમ્બરના રોજ પોતાના દેશમાં પરત ફરવાની તૈયારી દર્શાવી છે. આ ઐતિહાસિક દિવસ બાંગ્લાદેશમાં વર્ષ ઓગણીસસો એકોતેરના મુક્તિ સંગ્રામમાં પાકિસ્તાન પર મેળવેલી ઐતિહાસિક જીતની ઉજવણીના વિજય દિવસ તરીકે ઓળખાય છે. હસીનાના પ્રવક્તા સૈયદ



મોઝમ્મેલ અલીએ મંગળવારે આ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપી હતી.

પ્રવક્તાના જણાવ્યા અનુસાર ઓગણ્યાસી વર્ષીય શેખ હસીનાએ બાંગ્લાદેશ સરકારને નવી દિલ્હીથી તેમના હવાઈ પ્રવાસ માટે રાષ્ટ્રીય એરલાઈન મારફતે વ્યવસ્થા કરવા વિનંતી કરી છે. દેશના ઐતિહાસિક વિજય દિવસ સાથે જોડાયેલી આ વાપસીની જાહેરાતે રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે અને આગામી દિવસોના ઘટનાક્રમ પર સૌની નજર કેન્દ્રિત કરી છે.

શેખ હસીનાએ આગ્રહ રાખ્યો છે કે તેઓ બાંગ્લાદેશની રાષ્ટ્રીય વિમાન સેવા દ્વારા જ સ્વદેશ પરત ફરશે. તેમના પ્રવક્તા સૈયદ મોઝમ્મેલ અલીએ જણાવ્યું છે કે પાંચ ઓગસ્ટ, બબ્બે હજાર ચોવીસના રોજ શેખ હસીનાને બાંગ્લાદેશના વિમાન દ્વારા જ ભારત લઈ જવામાં આવ્યા હતા. આ સંદર્ભને ટાંકીને હવે તેઓ માંગ કરી રહ્યા છે કે નવી દિલ્હીથી ઢાકા પરત આવવા માટે તેમની હવાઈ મુસાફરીની વ્યવસ્થા કરવામાં આવે.

પ્રવક્તા અલીએ એવી પણ દલીલ કરી છે કે તેમને પરત લાવવામાં મદદ કરવી એ સરકારની જવાબદારી છે. તેમણે આરોપ મૂક્યો છે કે બંધારણનો ભંગ કરીને તેમને દેશની બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઉપરાંત અલીએ માહિતી આપી હતી કે શેખ હસીનાએ પોતાના વકીલ મારફતે નવ અને ઓગણીસ નવેમ્બરના રોજ નવી દિલ્હી સ્થિત બાંગ્લાદેશ ઉચ્ચાયોગને પત્ર લખીને યાત્રા માટે જરૂરી દસ્તાવેજોની માંગણી કરી હતી.

### સાઇબર હુમલો | રાષ્ટ્રીય ગુપ્તચર નેટવર્ક પર અસર, હુમલાખોરો અને પદ્ધતિ હજુ અજ્ઞાત

# અમેરિકન ગુપ્તચર તંત્ર પર સાયબર હુમલો થતા ખળભળાટ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 25

અમેરિકાની ગુપ્તચર સંસ્થાના માહિતી સંગ્રહ તંત્રમાં અજાણ્યા હુમલાખોરોએ તાજેતરમાં ઘૂસણખોરી કરીને સાયબર હુમલો કર્યા બાદ તેની સીધી અસર રાષ્ટ્રીય ગુપ્તચર નિર્દેશાલય પર પણ પડી છે, જેના કારણે અમેરિકાના સમગ્ર ગુપ્તચર નેટવર્કની સુરક્ષાને લઈને ગંભીર ચિંતા ઊભી થઈ છે અને સામાજિક માધ્યમો તેમજ ઉપગ્રહ ચિત્રો સહિતના જાહેર સ્ત્રોતોમાંથી એકત્ર કરાયેલી સંવેદનશીલ માહિતીની સલામતી સામે મોટા પ્રશ્નાર્થ સર્જાયા છે.

અમેરિકાની મુખ્ય ગુપ્તચર એજન્સી પર થયેલા આ રહસ્યમય સાયબર હુમલા અંગે ચોંકાવનારી વિગતો સામે આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ અજાણ્યા હુમલાખોરોએ એક એવી ડિજિટલ પ્રણાલીમાં સેંધ લગાવી છે, જેમાં સામાજિક માધ્યમો, ઉપગ્રહ તસવીરો અને અન્ય ખુલ્લા તેમજ જાહેર સ્ત્રોતોમાંથી મેળવેલી માહિતીનો સંગ્રહ કરવામાં આવતો હતો. વૈશ્વિક સ્તરે સંભવિત જોખમો અને ખતરાઓની સમયસર ઓળખ



કરવા તેમજ મહત્ત્વપૂર્ણ વિગતો એકત્રિત કરવા માટે આ પ્રણાલીનો વ્યાપક ઉપયોગ થતો હતો.

આ પ્રણાલીમાં અનધિકૃત પ્રવેશ થવાથી ગુપ્તચર વિશ્લેષણની પ્રક્રિયા અને માહિતીના સંકલન પર કેવી અસર પડી છે, તે અંગે તંત્ર દ્વારા ઝીણવટભરી સમીક્ષા શરૂ કરવામાં આવી છે. જ્યારે કોઈ સંવેદનશીલ માહિતી ભંડારમાં હુમલાખોરો પ્રવેશ કરે છે, ત્યારે માત્ર સંગ્રહિત ડેટાની સુરક્ષા જ નહીં પરંતુ ભવિષ્યની કામગીરીની વિશ્વસનીયતા પર પણ અસર પડે છે. આ ઘટનાએ દર્શાવ્યું છે કે આધુનિક ડિજિટલ યુગમાં ગુપ્તચર માહિતીના સંગ્રહ અને સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવી કેટલી અનિવાર્ય છે.

આ સાયબર હુમલાની અસર રાષ્ટ્રીય ગુપ્તચર નિર્દેશાલય પર પણ જોવા મળી છે. વિવિધ ગુપ્તચર શાખાઓ વચ્ચે સંકલન અને માહિતીના આદાનપ્રદાનમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા તંત્ર સુધી આ ઘટનાની અસર પહોંચતા સુરક્ષા નિષ્ણાતો અને નીતિઘડવૈયાઓમાં સતર્કતા વધી ગઈ છે. રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલી માહિતીની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સમગ્ર નેટવર્કની સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સાયબર સુરક્ષાના જાણકારોનું માનવું છે કે ગુપ્તચર પ્રણાલીઓ પર થતા આવા પ્રકારના હુમલાઓ વ્યૂહાત્મક દૃષ્ટિએ અત્યંત ગંભીર હોય છે. ખુલ્લા સ્ત્રોતો અને ઉપગ્રહ ચિત્રોમાંથી મેળવેલી માહિતીનું વિશ્લેષણ કરીને તૈયાર થતા અહેવાલો નીતિગત નિર્ણયો માટે પાયાનું કામ કરે છે. આવી સ્થિતિમાં આ તંત્રમાં થયેલી ઘૂસણખોરીએ અમેરિકાના ગુપ્તચર માળખાની ડિજિટલ સુરક્ષા અંગે નવી ચર્ચા જગાવી છે.

## આઝાદ સિંધુદેશની માગ સાથે કરાંચીમાં વિશાળ દેખાવો

(એજન્સી) કરાંચી । તા. 25

પાકિસ્તાનના સિંધ પ્રાંતના વિભાજનની યોજના સામે કરાંચી સહિત વિવિધ શહેરોમાં હજારો સિંધી રાષ્ટ્રવાદીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે, જેમણે સેના પ્રમુખ ફીલ્ડ માર્શલ અસીમ મુનીર પર દેશ તોડવાનો આક્ષેપ કરીને આઝાદ સિંધુદેશની માગણી ફરી ઉઠાવી છે અને પંજાબની આર્થિક નાકાબંધી કરવાની ચેતવણી આપી છે.

રવિવારે ચાર સિંધી રાષ્ટ્રવાદી પાર્ટીઓના સંગઠન જય સિંધ રાહબર કમીટીના નેજા હેઠળ હજારો લોકોએ હાથમાં લાલ ધ્વજ લઈને કરાંચીમાં સરઘસ કાઢ્યું હતું. સિંધભરમાંથી કાર્યકરો રંગબેરંગી બસો મારફતે કરાંચી પહોંચ્યા હતા અને પારંપરિક સિંધી અજરક સ્કાર્ફ તથા ટોપી પહેરીને જોડાયા હતા. જય સિંધ મહાજના અધ્યક્ષ રિયાઝ અલિ ચંદીયો અને નિયા

### પાક. એજન્ટો ગ્રુપમાં કોઇ જ મેસેજ કર્યા વગર ચૂપચાપ અન્ય સભ્યોના દસ્તાવેજો, વાતચીત પર નજર રાખી રહ્યા હતા

# ભારતીય સંરક્ષણ સ્ટાફ સહિતના 14 વોટ્સએપ ગ્રૂપમાં પાક. જાસૂસ ઘૂસ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 25

ભારતીય અર્ધ સૈન્ય દળોના વોટ્સએપ ગ્રુપમાં પાકિસ્તાની જાસૂસો ઘૂસ્યા હોવાના અહેવાલો છે, એક અહેવાલ મુજબ સુરક્ષાદળો સાથે સંકળાયેલા ૧૪ જેટલા અંગત વોટ્સએપ ગ્રુપમાં પાકિસ્તાની એજન્ટો પણ ઘૂસ્યા હતા અને સુરક્ષાને લઇને કેટલીક માહિતી મેળવી લીધી હતી. આ વોટ્સએપ ગ્રુપમાં સંરક્ષણ ક્ષેત્રના બિનસૈન્ય અધિકારીઓ પણ સામેલ હતા. પાકિસ્તાની જાસૂસોએ ભારતીય મોબાઇલ નંબરોની નકલ કરીને અથવા ટેક્નીકલી છેડછાડ કરીને ગ્રુપમાં ઘુસણખોરી કરી હોઈ શકે છે.

પાકિસ્તાની જાસૂસો હવે ભારતીયોના વોટ્સએપ ગ્રુપોમાં પણ ઘૂસવા લાગ્યા છે. આમ નાગરિકો નહીં પરંતુ ખુદ સંરક્ષણ ક્ષેત્રના બિનસૈન્ય અધિકારીઓ તેનો ભોગ બન્યા છે. અહેવાલો મુજબ પાકિસ્તાની એજન્ટોએ જાસૂસી માટે વિશેષ રસ્તો શોધી કાઢ્યો છે, કેન્દ્રીય હથિયારી દળો અને સંરક્ષણ ક્ષેત્રના બિનસૈન્ય અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા



ઉપયોગમાં લેવાતા ૧૩થી ૧૪ વોટ્સએપ ગ્રુપોમાં પ્રવેશ મેળવ્યો છે. બાદમાં આ પાકિસ્તાની એજન્ટો વોટ્સએપ ગ્રુપમાં ચૂપચાપ કોઇ જ મેસેજ કર્યા વગર ગ્રુપના સભ્યોની ચેટિંગ કે મેસેજ પર નજર રાખતા ઝડપાયા હતા.હાલમાં એજન્સીઓ દ્વારા આ સમગ્ર મામલે તપાસ કરવામાં આવી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ પાકિસ્તાની એજન્ટોએ ઘુસણખોરી માટે ભારતીય મોબાઇલ નંબરોની નકલ કરી હતી. ભારતીય વોટ્સએપ ગ્રુપોમાંથી સંવેદનશીલ માહિતી તેમજ મહત્વના દસ્તાવેજો મેળવી લેવાયા હોવાની એજન્સીઓને શંકા છે. એક મામલો પણ સામે આવ્યો છે, જેમાં એક પાકિસ્તાની જાસૂસે પોતાની ઓળખ છૂપાવીને ગ્રુપમાં જગ્યા બનાવી હતી, આ એજન્ટે પોતાની ઓળખ સોનિયા તરીકે આપી હતી અને પોતે ડીઆરડીઓની વૈજ્ઞાનિક હોવાનો દાવો પણ કર્યો હતો. એજન્સીને એવી શંકા છે કે ગ્રુપમાં સામેલ કેટલાક લોકોએ રૂપિયા લઈને સંવેદનશીલ માહિતી ગ્રુપમાં મુકી હોઈ શકે છે. જોકે આ મુદ્દે હાલ વિસ્તૃત તપાસ કરવામાં આવી રહી છે.

### પહલગામમાં હુમલા ટાણે ચીનના સેટેલાઇટની 37 વખત શંકાસ્પદ હિલચાલ, ગુજરાતના દરિયાકાંઠે પણ રાખી હતી નજર, રિપોર્ટમાં દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા 25

22 એપ્રિલ 2025 ના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં 26 નિર્દોષ લોકોના મોત થયા હતા અને તેના જવાબમાં 7 મે 2025ના રોજ ભારતે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. હવે બેંગલુરુની પ્રાયવેટ સ્પેસ કંપની 'દિગંતરા'(Digantara) ના એનાલિસિસમાં ખુલાસો થયો છે કે પહેલગામ હુમલા પહેલાં અને આસપાસના સમયમાં ચીનના ઘણા સેટેલાઈટે પોતાની કક્ષા(Orbit) માં અસામાન્ય ફેરફાર કર્યા હતા. જોકે, આ ગતિવિધિઓથી હુમલામાં ચીનની સીધી ભૂમિકા સાબિત થતી નથી, પરંતુ ભારતની સ્પેસ સિક્યોરિટી અને ગુપ્તચર દેખરેખ અંગે ગંભીર સવાલો જરૂર ઊભા થયા છે.37 અસામાન્ય કક્ષીય ફેરફાર: દિગંતરાએ 15 એપ્રિલથી 30 એપ્રિલ 2025 દરમિયાન ચીનની 1,332 અવકાશી વસ્તુઓનો અભ્યાસ કર્યો હતો, જેમાંથી 190 વસ્તુઓએ ઓછામાં ઓછા એકવાર પોતાની કક્ષા બદલી અને 37 અસામાન્ય ગતિવિધિઓ નોંધાઈ હતી. Yaogan સિરીઝના સેટેલાઇટની હલચલ: હુમલાના 6 દિવસ પહેલાં 16 એપ્રિલ 2025ના રોજ ચીનના 'Yaogan-35-01A' સેટેલાઇટે પોતાની કક્ષા બદલી હતી, જેનાથી પહેલગામ પરથી પસાર થવાની તેની ફ્રિક્વન્સી લગભગ બમણી થઈ ગઈ. આ ઉપરાંત 22 એપ્રિલે હુમલાના દિવસે સાંજે 5:14 વાગ્યે 'Yaogan-39-01B' અને સાંજે 5:59 વાગ્યે 'Yaogan-39-01C' એ પણ પોતાની કક્ષા બદલી હતી, જેનાથી પહેલગામ, શ્રીનગર, ગુલમર્ગ, સોનમર્ગ અને જમ્મુ પર નિગરાનીની શક્યતા વધી હતી.

### ઓઇલ કંપનીઓનો ઇથેનોલ મુક્ત પેટ્રોલ આપવાનો ઇનકાર : કેરલમ્

તિરુવનંતપુરમ : ઓઇલ કંપનીઓએ ઇથેનોલ મુક્ત પેટ્રોલનાં નમૂના આપવાનો ઇનકાર કરતા કેરળે કેન્દ્ર સરકારનાં હસ્તક્ષેપની માંગ કરી છે. રાજ્યમાં વેચવામાં આવતા ઇંધણમાં ઇથેનોલનાં પ્રમાણની તપાસ કરવા માટે આ નમૂનાની જરૂર હતી.રાજ્યનાં ખાદ્ય અને નાગરિક પુરવઠા પ્રધાન અનૂપ જેકબે કેન્દ્રીય પેટ્રોલિયમ એને કુદરતી ગેસ હરદીપ સિંહ પુરી અને રાજ્ય પ્રધાન સુરેશ ગોપીને પત્ર લખ્યો હતો.

### દાનચોરી | ખુણે ઉચ્ચ ક્વોલિટીના સીસીટીવી કેમેરા લગાવવામાં આવે

# દેશમાં મંદિરોની 'દાનપેટી' પણ સુરક્ષિત નથી, રામ મંદિર બાદ હવે બદ્રીનાથમાં કરોડોની દાનચોરીનો ઘટસ્ફોટ

(એજન્સી) બદ્રીનાથ | તા.25

અયોધ્યાના રામ મંદિર બાદ પ્રસિદ્ધ બદ્રીનાથ ધામમાં પણ દાનની ચોરી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો હતો, જે પછી તપાસ માટે એસઆઈટીની રચના કરવામાં આવી હતી જેનો તપાસ રિપોર્ટ આવી ગયો છે. 300 પેજના આ તપાસ રિપોર્ટમાં બદ્રીનાથ ધામ ઉપરાંત અન્ય કેટલાક મંદિરોના સંચાલનમાં મોટાપાયા પર સુધારા કરવાની ભલામણ કરવામાં આવી છે. બદ્રીનાથ ધામમાં પણ દાનચોરી થયાની વાત એસઆઈટીની તપાસ રિપોર્ટમાં સામે આવી હોવાના અહેવાલો છે. જેના પગલે દેશમાં મંદિરોની દાનપેટી સલામત ન હોવાનું લોક મૂખે ચર્ચાઈ રહ્યું છે.બદ્રીનાથ ધામમાં આ વર્ષે જુલાઈ મહિનામાં થાળી ભેટ એટલે કે દાનમાં હેરફેરનો મામલો સામે આવ્યો હતો, જે બાદ સરકાર દ્વારા એસઆઈટીની રચના કરવામાં આવી હતી, પોલીસ પણ અલગથી સમગ્ર મામલે તપાસ કરી રહી છે. હાલમાં આ સમગ્ર મામલે બે કર્મચારીઓ પ્રમોદ નૌટિયાલ અને રાજેન્દ્ર ચૌહાણની ધરપકડ કરવામાં આવી છે. એસઆઈટીએ માત્ર બદ્રીનાથ મંદિર જ નહીં ઉત્તર દક્ષિણ ભારતના 14 જેટલા મોટા મંદિરોના મેનેજમેન્ટ, દાનની ગણતરી, સુરક્ષા વ્યવસ્થા વગેરેનો અભ્યાસ પણ કર્યો હતો. જે બાદ એસઆઈટીએ પોતાનો રિપોર્ટ ઉત્તરાખંડ સરકારને સોંપ્યો છે.એસઆઈટીની આગેવાની ગરવાલ ડિવિઝનલ કમિશનર આનંદ સ્વરૂપને સોંપવામાં આવી હતી, તેમણે પીટીઆઈ સાથે વાતચીતમાં કહ્યું હતું કે અમે એસઆઈટીનો તપાસ રિપોર્ટ રાજ્ય સરકારને સોંપ્યો છે, દેશના અનેક ધાર્મિક સ્થળોનો અભ્યાસ કર્યા બાદ અમે આ રિપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં કેટલાક સુધારા કરવાની ભલામણ કરવામાં આવી છે. બદ્રીનાથ ધામમાં મંદિર કમિટી સાથે જોડાયેલા સ્ટાફ, અધિકારીઓ સહિત 20 જેટલાની એસઆઈટી દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી,સાથે જ સીસીટીવી પણ તપાસ્યા હતા.એસઆઈટીએ બદ્રીનાથ ધામમાં દાન ચોરી થયાની વાત નકારી નથી પરંતુ ઘણી ખામીઓ સામે લાવી છે.

### યુપી ચૂંટણીમાં BJPનું ટેન્શન વધારશે શિંદેની શિવસેના! ગઠબંધન નહીં થાય તો 35 બેઠકો પર ઉતારશે ઉમેદવાર

(એજન્સી) મુંબઈ | તા.25

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાએ પણ પોતાની ચૂંટણી તૈયારીઓ શરૂ કરી દીધી છે. પ્રયાગરાજ પહોંચેલા શિવસેનાના રાષ્ટ્રીય સચિવ કેપ્ટન અભિજીત અડસૂળે જાણકારી આપતા જણાવ્યું છે કે પાર્ટીએ રાજ્યની 35 વિધાનસભા બેઠકો ચિહ્નિત કરી છે, જ્યાં પોતાના ઉમેદવારો ઉતારવાની યોજના બનાવવામાં આવી રહી છે.પ્રયાગરાજમાં મીડિયા સાથેની વાતચીતમાં કેપ્ટન અભિજીત અડસૂળે જણાવ્યું કે શિવસેના ઉત્તર પ્રદેશમાં હિન્દુત્વના મુદ્દાને લઈને જનતા વચ્ચે જશે અને આ જ એજન્ડાના આધારે 35 બેઠકો નક્કી કરીને સંગઠન મજબૂત કરવાની તૈયારી ચાલી રહી છે. મથુરાના મુદ્દે પૂછાયેલા સવાલના જવાબમાં તેમણે કહ્યું કે 'મથુરા ભાજપનો મુદ્દો છે, જ્યારે શિવસેનાનો મુદ્દો હિન્દુત્વ છે.' તેમણે ઉમેર્યું કે ભાજપ અને શિવસેના અલગ-અલગ રાજકીય પક્ષો છે, અને બંનેની પોતાની રાજકીય પ્રાથમિકતાઓ છે.સહમતિ ન સધાય તો એકલા લડવાનો વિકલ્પ ખુલ્લો: અડસૂળના જણાવ્યા મુજબ, મહારાષ્ટ્રમાં એકનાથ શિંદેની શિવસેના ભારતીય જનતા પાર્ટી (BJP) સાથે ગઠબંધનમાં સરકાર ચલાવી રહી છે, અને ઉત્તર પ્રદેશમાં પણ ભાજપ સાથે ગઠબંધન કરીને ચૂંટણી લડવી એ પાર્ટીની પ્રથમ પ્રાથમિકતા છે.


## શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ (SARPL)

(વિવિધ SARC ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્યરત)
રજિ. ઓફિસ: શ્રીરામ હાઉસ, નં. ૪, બર્કિટ રોડ, ટી. નગર, ચેન્નાઈ-૬૦૦૦૧૭.
એસેટ રિકન્સ્ટ્રક્શન કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. એફએફ-એ-૦૫, એ વિંગ, ફર્સ્ટ ફ્લોર, આર્ટ ગિલ્ડ હાઉસ, ફોનિક્સ માર્કેટ સિટી, એલબીએસ માર્ગ, કુર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૦.
ફોન નં.: 1800 120 2389; customercare@shriramarc.com.

### કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)
[સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮(૧) હેઠળ પરિશિષ્ટ-૪]

જે અર્થે, નીચે સહી કરનાર શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ (એસએઆરસી ટ્રસ્ટ-૧૧ / એસએઆરસી ટ્રસ્ટ-૧૬ ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્યરત) ના અધિકૃત અધિકારીએ, સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (જેને ત્યારબાદ "સરફેસી એક્ટ" તરીકે સંબોધવામાં આવશે) ની કલમ (૫) હેઠળ નીચે દર્શાવેલા કરજદારો સહિત વિવિધ કરજદારોને લગાતી નાણાકીય અસ્કયામતો તેમજ તેમાંથી ઊભી થયેલી અંતર્ગત સિક્યોરિટી ઇન્ટરેસ્ટ અને તેના પરના તમામ હકો, ટાઇટલ અને હિત, સુરક્ષિત લેણદાર / મૂળ ધિરાણકર્તા / એસાઇનર એટલે કે મેસર્સ જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ પાસેથી પ્રાપ્ત કર્યા છે; અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૧) ના પાલનમાં તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, સરફેસી એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચે કોષ્ટકમાં દર્શાવેલી તારીખની ડિમાન્ડ નોટિસ નીચેના કરજદારોને જારી કરી હતી, જેમાં તેમને સંબંધિત નામ સામે દર્શાવેલી રકમ તેમજ તે નોટિસમાં દર્શાવેલા લાગુ/કરારબદ્ધ દરો મુજબનું વ્યાજ, નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, ભરપાઈ કરવાની અને/અથવા વસૂલાતની તારીખ સુધી થયેલા લાગુ વધુ વ્યાજ, આનુષંગિક ખર્ચ, ચાર્જ વગેરે સાથે ચૂકવવા જણાવવામાં આવ્યું હતું.

શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ (SARPL) મૂળ ધિરાણકર્તાના સ્થાને આવી ગઈ છે, જેને નાણાકીય અસ્કયામતો અંગે સુરક્ષિત લેણદારના તમામ હકો, ટાઇટલ અને હિત પ્રાપ્ત છે. નીચે દર્શાવેલા કરજદારો બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, આથી કરજદાર(રો) અને સામાન્ય રીતે જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડના અધિકૃત અધિકારીએ સરફેસી એક્ટના નિયમ ૮ સાથે વાંચતા કાયદાની કલમ ૧૩(૪) હેઠળ તેમને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલી સુરક્ષિત મિલકતોનો કબજો લઈ લીધો છે.

કરજદારો અને સામાન્ય રીતે જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ નીચે દર્શાવેલી મિલકત(તો) / સુરક્ષિત મિલકતો અંગે કોઈ વ્યવહાર ન કરે અને મિલકત / સુરક્ષિત મિલકતો સાથે કરવામાં આવેલા કોઈપણ વ્યવહારો લોન/એસાઇનમેન્ટ કરાર મુજબની રકમ અને તેના પરના વ્યાજ માટે શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડના ચાર્જને આધીન રહેશે. સુરક્ષિત મિલકતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કરજદારો / સહ-કરજદારો / ગેરંટરો / ગીરવે મૂકનારાઓનું ધ્યાન સરફેસી એક્ટની કલમ (૧૩) ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| લોન ખાતા નં. અને ટ્રસ્ટની વિગતો | કરજદાર / સહ-કરજદાર / ગેરંટર / ગીરવે મૂકનારનું નામ | ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ | કબજાની તારીખ / સમય અને પ્રકાર |
|---|---|---|---|
| 431489420004563 અને 49919430000038 – એસએઆરસી ટ્રસ્ટ-૧૬ ના ટ્રસ્ટી | (૧) દાનિયા નરેશ ઘનશ્યામભાઈ અને દાનિયા ઘનશ્યામભાઈ રામજીભાઈ અને દાનિયા રંજનબેન ઘનશ્યામભાઈ | ૦૯/૦૯/૨૦૨૬ થી રૂ. ૧૧,૮૩,૨૯૦/- (અગિયાર લાખ ત્યાસી હજાર બસો નેવું રૂપિયા પૂરા) તા. ૦૬/૦૯/૨૦૨૬ મુજબ | ૨૦/૧૧/૨૦૨૬ સમય: બપોરે ૧૨:૨૯ અને સાંકેતિક કબજો |

**સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** બોટાદ મ્યુનિસિપલ વિસ્તારની હદમાં, તા. બોટાદ, જિ. બોટાદ ખાતે આવેલ અને માલિકીની રહેણાંક મકાન મિલકત, જે બોટાદ રે.સ. નં. ૧૭૪/૭ પૈકી ૬, પ્લોટ નં. ૧૪ પૈકી ઉત્તર બાજુની જમીન છે, જેનું ક્ષેત્રફળ ૫૦.૮૨ ચો. મીટર અને બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૪૧.૫૪ ચો. મીટર છે. ચતુર્દિશા (વેચાણ દસ્તાવેજ નં. ૩૮૭૭ મુજબ): પૂર્વમાં: ૪.૦૦ મીટર આ બાજુ ૭.૫૦ મીટર રોડ, પશ્ચિમમાં: ૪.૦૦ મીટર આ બાજુ રે.સ. નં. ૨૧૦ (ખેતીની) જમીન, ઉત્તરે: ૧૨.૭૩ મીટર આ બાજુ પ્લોટ નં. ૧૩, દક્ષિણે: ૧૨.૬૮ મીટર આ બાજુ આ પ્લોટની અન્ય જમીન.

| | | | |
|---|---|---|---|
| 31480440000059 અને એસએઆરસી ટ્રસ્ટ-૧૬ ના ટ્રસ્ટી | (૧) માલકિયા રમેશભાઈ ધનજીભાઈ અને માલકિયા ધનજીભાઈ રવજીભાઈ (૨) માલકિયા મીનાબેન રમેશભાઈ | ૦૯/૦૯/૨૦૨૬ થી રૂ. ૪,૦૮,૪૪૯/- (ચાર લાખ આઠ હજાર ચારસો ઓગણપચાસ રૂપિયા પૂરા) તા. ૦૬/૦૯/૨૦૨૬ મુજબ | ૨૦/૧૧/૨૦૨૬ સમય: સવારે ૧૧:૪૭ અને સાંકેતિક કબજો |

**સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** ભાંભણ ગ્રામ પંચાયતની હદમાં, તા. બોટાદ, જિ. બોટાદના ભાંભણ ગામની ગામતળ જમીન પર આવેલી અને માલિકીની મકાન જમીન મિલકત, જેનું ક્ષેત્રફળ ૮૭.૭૦ ચો. મીટર છે અને ભાંભણ ગ્રામ પંચાયત આકારણી પત્રક અનુક્રમ/મિલકત નં. ૮૫૯ છે. ચતુર્દિશા: ઉત્તરે: આ બાજુ રોડ અને બજાર, દક્ષિણે: આ બાજુ રોડ, પૂર્વમાં: આ બાજુ વલ્લભભાઈ કુંવરજીભાઈનું મકાન, પશ્ચિમમાં: આ બાજુ જીવરાજભાઈ મૂળજીભાઈ ભાવળિયાનું મકાન.

| | | | |
|---|---|---|---|
| 45190430000314 – એસએઆરસી ટ્રસ્ટ-૧૬ ના ટ્રસ્ટી | (૧) કુવડિયા સોનલબેન હિતેશભાઈ (૨) કુવડિયા ચિથરભાઈ શામળાભાઈ | ૦૯/૦૯/૨૦૨૬ થી રૂ. ૪,૬૩,૩૦૯/- (ચાર લાખ ત્રેસઠ હજાર ત્રણસો નવ રૂપિયા પૂરા) તા. ૦૬/૦૯/૨૦૨૬ મુજબ | ૨૦/૧૧/૨૦૨૬ સમય: સાંજે ૦૪:૨૧ અને સાંકેતિક કબજો |

**સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** ગામ - પાણીયાળા, તાલુકો - ઘોઘા, જિલ્લો - ભાવનગરની ગામતળ મિલકત/મકાન નં. ૨૧૨ વાળી સ્થાવર મિલકત, જેનું જમીન ક્ષેત્રફળ આશરે ૧૮૩.૯૪ ચો. મીટર (૧૯૮૦ ચો. ફૂટ) અને બાંધકામ ક્ષેત્રફળ ૭૭.૧૦ ચો. મીટર (૮૩૦ ચો. ફૂટ) છે. ચતુર્દિશા: પૂર્વમાં: રોડ અને ડરેશ વાળાની મિલકત, પશ્ચિમમાં: રોડ, ઉત્તરે: ભાનુ શામળા અને ડરેશ વાળાની મિલકત, દક્ષિણે: રોડ.

| | | | |
|---|---|---|---|
| 30749420000652 – એસએઆરસી ટ્રસ્ટ-૧૬ ના ટ્રસ્ટી | (૧) વાયેડા જય કિરણકુમાર (૨) વાયેડા કિરણકુમાર કાંતિલાલ | ૦૯/૦૯/૨૦૨૬ થી રૂ. ૧૮,૯૮,૫૨૮/- (અઢાર લાખ અઠ્ઠાણું હજાર પાંચસો અઠ્ઠાવીસ રૂપિયા પૂરા) તા. ૦૬/૦૯/૨૦૨૬ મુજબ | ૨૧/૧૧/૨૦૨૬ સમય: બપોરે ૧૨:૨૯ અને સાંકેતિક કબજો |

**સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** જિલ્લો અને સબ-ડિસ્ટ્રિક્ટ જામનગરના ધ્રોંગડા ગામ વિસ્તારમાં "તિરુપતિ પાર્ક-૧" તરીકે ઓળખાતી જગ્યામાં આવેલ, રેવન્યુ સર્વે નં. ૩૮/પૈકી ૩ (રહેણાંક હેતુ માટે બિનખેતીમાં રૂપાંતરિત જમીન) ના મંજૂર પ્લોટ્સ પૈકી ૧ સબ-પ્લોટ નં. ૫૪/૧, જેનું ક્ષેત્રફળ ૫૭.૬૦ ચો. મીટર છે. ચતુર્દિશા: પૂર્વમાં: પ્લોટ નં.- ૬૦, પશ્ચિમમાં: ૭.૫૦ મીટર પહોળો રોડ, ઉત્તરે: સબ પ્લોટ નં.- ૫૪/૨, દક્ષિણે: સબ પ્લોટ નં.- ૫૩.

| | | | |
|---|---|---|---|
| 431489420004563 અને 49919430000038 – એસએઆરસી ટ્રસ્ટ-૧૬ ના ટ્રસ્ટી | (૧) દાનિયા નરેશ ઘનશ્યામભાઈ અને દાનિયા ઘનશ્યામભાઈ રામજીભાઈ (૨) દાનિયા રંજનબેન ઘનશ્યામભાઈ | ૦૯/૦૯/૨૦૨૬ થી રૂ. ૧૧,૮૩,૨૯૦/- (અગિયાર લાખ ત્યાસી હજાર બસો નેવું રૂપિયા પૂરા) તા. ૦૬/૦૯/૨૦૨૬ મુજબ | ૨૦/૧૧/૨૦૨૬ સમય: બપોરે ૧૨:૨૯ અને સાંકેતિક કબજો |

**સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** બોટાદ મ્યુનિસિપલ વિસ્તારની હદમાં, તા. બોટાદ, જિ. બોટાદ ખાતે આવેલ અને માલિકીની રહેણાંક મકાન મિલકત, જે બોટાદ રે.સ. નં. ૧૭૪/૭ પૈકી ૬, પ્લોટ નં. ૧૪ પૈકી ઉત્તર બાજુની જમીન છે, જેનું ક્ષેત્રફળ ૫૦.૮૨ ચો. મીટર અને બિલ્ટ-અપ ક્ષેત્રફળ ૪૧.૫૪ ચો. મીટર છે. ચતુર્દિશા (વેચાણ દસ્તાવેજ નં. ૩૮૭૭ મુજબ): પૂર્વમાં: ૪.૦૦ મીટર આ બાજુ ૭.૫૦ મીટર રોડ, પશ્ચિમમાં: ૪.૦૦ મીટર આ બાજુ રે.સ. નં. ૨૧૦ (ખેતીની) જમીન, ઉત્તરે: ૧૨.૭૩ મીટર આ બાજુ પ્લોટ નં. ૧૩, દક્ષિણે: ૧૨.૬૮ મીટર આ બાજુ આ પ્લોટની અન્ય જમીન.

**સ્થળ: અમદાવાદ**
**તારીખ: ૨૬-૧૧-૨૦૨૬**

**અધિકૃત અધિકારી, શ્રીરામ એસેટ રિકન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ**
**(એસએઆરસી ટ્રસ્ટ-૧૬ ના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્યરત)**



## કબજાની નોટિસ

જે અર્થે, જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચતા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને કરજદાર(રો)/સહ-કરજદાર(રો)ને ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં કરજદારોને સંબંધિત નામો સામે દર્શાવેલી રકમ તેમજ તે નોટિસમાં દર્શાવેલા લાગુ દરો મુજબનું વ્યાજ, નોટિસ મળ્યાના ૬૦ દિવસની અંદર, ભરપાઈ કરવાની અને/અથવા વસૂલાતની તારીખ સુધી થયેલા લાગુ ભવિષ્યના વ્યાજ, આનુષંગિક ખર્ચ, કિંમત, ચાર્જ વગેરે સાથે ચૂકવવા જણાવવામાં આવ્યું હતું.

| ક્રમ નં. | લોન ખાતા નંબર | મૂળ દેવાદાર/ સહ-દેવાદાર / જામીનદારનું નામ | ૧૩(૨) નોટિસની તારીખ / બાકી રકમ (રૂ.માં) | કબજાની તારીખ / સમય અને પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 48369420001080 | 1) વોરા મોહમ્મદ અતિક મોહમ્મદ અનીશ અને 2) શેખ તરન્નુમબાનુ | રૂ. ૧૮,૭૧,૯૯૪/- (અઢાર લાખ એકોતેર હજાર નવસો ચોરાણું રૂપિયા પૂરા) તા. ૦૬-૦૧-૨૦૨૬ મુજબ | ૨૨/૧૧/૨૦૨૬ સમય: સવારે ૧૦:૨૨ અને પ્રત્યક્ષ કબજો |
| | **સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના સાવગઢ ગામ ખાતે આવેલી બિનખેતી (N.A.) સ્થાવર રહેણાંક મિલકત, જેનો બ્લોક/સર્વે નં. ૧૨૩/૧, પ્લોટ નં. ૨૪ પૈકી (દક્ષિણ બાજુ) છે અને તેનું ક્ષેત્રફળ ૭૮.૬૨૬ ચો. મીટર છે. ચતુર્દિશા: ઉત્તરે: પ્લાન મુજબ પ્લોટ નં. ૨૪ પૈકી જમીનની કોમન દીવાલ, દક્ષિણે: પ્લાન મુજબ પ્લોટ નં. ૨૩, પૂર્વમાં: પ્લાન મુજબ ૭.૫૦ મીટર રોડ, પશ્ચિમમાં: પ્લાન મુજબ પ્લોટ નં. ૧૯. | | |
| 2 | 45190430000123 | 1)જગદીશભાઈ જસમતભાઈ ડાભી અને 2) મનીષાબેન જગદીશભાઈ ડાભી | રૂ. ૩,૯૧,૦૭૨/- (ત્રણ લાખ એકાસી હજાર બોતેર રૂપિયા પૂરા) તા. ૧૦/૦૩/૨૦૨૬ મુજબ | ૨૨/૧૧/૨૦૨૬ સમય: સાંજે ૦૪:૩૦ અને પ્રત્યક્ષ કબજો |
| | **સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** રજિસ્ટ્રેશન જિલ્લો ભાવનગર અને સબ-ડિસ્ટ્રિક્ટ ઘોઘા હેઠળના ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના મોટા ખોખરા ગામ/શહેરમાં, મોટા ખોખરા પ્રાથમિક શાળા, મેલકડી રોડ ખાતે આવેલી ગામતળની સ્થાવર મિલકત, જેનો મકાન/મિલકત નં. ૧૩૩/૧ છે અને ક્ષેત્રફળ ૮૩.૦૦ ચો. મીટર છે. ચતુર્દિશા: પૂર્વમાં: વેલાજીભાઈ ડાભીનું મકાન, પશ્ચિમમાં: ઓધાભાઈ ડાભીનું મકાન, ઉત્તરે: રોડ, દક્ષિણે: રોડ. | | |
| 3 | 31029420004693 | 1) મારૂ ગીતાબેન જેસિંગભાઈ અને 2) મારૂ જેસિંગભાઈ લાલજીભાઈ | રૂ. ૧૦,૦૮,૫૧૯/- (દસ લાખ આઠ હજાર પાંચસો ઓગણીસ રૂપિયા પૂરા) તા. ૨૦/૦૫/૨૦૨૬ મુજબ | ૨૨/૧૧/૨૦૨૬ સમય: સવારે ૧૦:૩૦ અને પ્રત્યક્ષ કબજો |
| | **સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** સુરત શહેરના મોજે છાપરાભાઠા ખાતે આવેલી સ્થાવર મિલકત, જેનો રેવન્યુ સર્વે નં. ૫૦/૩, બ્લોક નં. ૬૮, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૭૦ (અમરોલી-કોસાડ-છાપરાભાઠા-ઉતરાણા) ફાઇનલ પ્લોટ નં. ૩૨ (કુલ ક્ષેત્રફળ ૫૯૭૮.૦૦ ચો. મીટર) પૈકી પ્લોટ નં. ૩૪ અને ૩૫ (કુલ ક્ષેત્રફળ ૧૫૬.૦૦ ચો. મીટર) છે, તેમાં આવેલ "પ્રગતિ પેલેસ ઓફ યોગી કૃપા સોસાયટી" માં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ ફ્લેટ નં. જી/૨, જેનું ક્ષેત્રફળ ૩૪.૬૭ ચો. મીટર છે, સાથે રોડ અને સી.ઓ.પી. (C.O.P.) ની જમીનમાં ૬.૯૩ ચો. મીટર વણવહેંચાયેલ હિસ્સો. ચતુર્દિશા: પૂર્વમાં: ફ્લેટ નં. જી/૧, પશ્ચિમમાં: સિદ્ધેશ્વર એપાર્ટમેન્ટ, ઉત્તરે: પેસેજ અને પાર્કિંગ, દક્ષિણે: અડીને આવેલ એપાર્ટમેન્ટ. | | |
| 4 | 45259420004450 | 1) ગણેશ રાધેશ્યામ મિશ્રા અને 2) સીતાદેવી ગણેશ મિશ્રા | રૂ. ૯,૪૫,૨૧૪/- (નવ લાખ પિસ્તાલીસ હજાર બસો ચૌદ રૂપિયા પૂરા) તા. ૨૦/૦૫/૨૦૨૬ મુજબ | ૨૨/૧૧/૨૦૨૬ સમય: સવારે ૦૮:૧૫ અને પ્રત્યક્ષ કબજો |
| | **સુરક્ષિત સંપત્તિઓની વિગતો:** સુરત જિલ્લાના પલસાણા તાલુકાના મોજે સાંકી ગામ ખાતે બ્લોક નં. ૧૪૮, રેવન્યુ સર્વે નં. ૮૧ (કુલ ક્ષેત્રફળ ૧૮૩૧

સિટી
# એક્સપ્રેસ
THURSDAY 26 NOVEMBER-2026
AHMEDABAD

## શાહપુર ગામે યુવકની હત્યા કરનાર આરોપી ઝડપાયો

ગાંધીનગર | ગાંધીનગર તાલુકાના શાહપુર ગામની સીમમાં પરપ્રાંતીય શ્રમિક યુવક રબિ તમલ બિત્તરની હત્યાનો ભેદ ડભોડા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. પોતાના જ રૂમ પાર્ટનર અને વતનના સાથીદારનો મોબાઈલ વાપરવા મુદ્દે ચાલી આવતી તકરારમાં ઉશ્કેરાઈ જઈ આરોપી શ્યામલ બાગડીએ પથ્થર જેવા બ્લોક વડે માથામાં ઘા ઝીંકી હત્યા કરી હોવાનો ચોંકાવનારો ખુલાસો પોલીસ તપાસમાં સામે આવ્યો છે. પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના રહેવાસી અને હાલ શાહપુર ગામની સીમમાં આવેલા હાઈટેક પ્રોજેક્ટમાં મજૂરી કામ કરતા શ્યામલ બાગડીનો મોબાઈલ ફોન છેલ્લા દોઢ-બે મહિનાથી ખોવાઈ ગયો હતો.

## હવે પ્રોપર્ટી ખરીદતા પહેલા બિલ્ડરની 'કુંડળી' જોઈ શકાશે

ગાંધીનગર | ગુજરાતમાં મકાન, ફ્લેટ કે કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદવાનું આયોજન કરતા લોકો માટે ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરાત રેરા) નવી સુવિધા શરૂ કરવા જઈ રહી છે. હવે પ્રોપર્ટી ખરીદતા પહેલાં બિલ્ડર કે પ્રમોટરનો ભૂતકાળ અને તેનો ટ્રેક રેકોર્ડ માત્ર એક ક્લિકમાં જાણી શકાશે. ગુજરાત રેરાના વેબ પોર્ટલ પર દરેક રિયલ એસ્ટેટ પ્રોજેક્ટના પેજ પર 'પ્રમોટર્સ ટ્રેક રેકોર્ડ' નામનો નવો વિભાગ ઉમેરવામાં આવશે. આ સુવિધા શરૂ થયા બાદ ગ્રાહકો જે પ્રોજેક્ટમાં ઘર કે દુકાન ખરીદવા માગતા હોય તેના બિલ્ડરે અગાઉ રાજ્યમાં કયા પ્રોજેક્ટ બનાવ્યા છે.



# 'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે કોંગ્રેસની 'સંવિધાન રક્ષા માર્ચ' : ભરતસિંહ સોલંકીએ કહ્યું- '200 વર્ષમાં અંગ્રેજોએ દેશને જેટલો લૂંટ્યો, તેનાથી વધુ ભાજપે માત્ર 12 વર્ષમાં લૂંટ્યો'

(એજન્સી) અમદાવાદ | તા. 25

અમદાવાદ | અમદાવાદમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા 'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે 'સંવિધાન રક્ષા માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ચ પહેલાં રાજીવ ગાંધી ભવન ખાતે જાહેરસભા યોજાઈ હતી, જેમાં કોંગ્રેસના નેતા અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી સહિતનાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યાં હતા. ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, 200 વર્ષમાં અંગ્રેજોએ દેશને જેટલો લૂંટ્યો હતો, તેનાથી વધુ ભાજપે માત્ર 12 વર્ષમાં દેશને લૂંટ્યો છે.

જાહેરસભા બાદ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ બંધારણની પ્રસ્તાવનાનું પઠન કરી સંવિધાનના રક્ષણના શપથ લીધા હતા. ત્યારબાદ રાજીવ ગાંધી ભવનથી પાલડી ચાર રસ્તા સુધી 'સંવિધાન રક્ષા માર્ચ' યોજવામાં આવી હતી. જેમાં પ્રદેશ પ્રભારી રણદીપસિંહ સૂરજેવાલા, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. માર્ચ દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા અને તેમની ધરપકડ કરવાની માગ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. માર્ચના સમાપન બાદ પાલડી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં



આવી હતી.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રણદિપસિંહ સૂરજેવાલાએ જણાવ્યું કે, આજે સત્તામાં બેઠેલા શાસકોએ દેશના સંવિધાન પર હુમલો કર્યો છે. આજની વાસ્તવિકતા એ છે કે ખેડૂતોને ન્યાય નથી મળી રહ્યો, આદિવાસીઓને તેમના અધિકારો નથી મળતા, દલિતોને સમાનતા અને મહિલાઓને બરાબરીનો હક નથી મળી રહ્યો. યુવાનો પાસે રોજગાર નથી અને મજૂરોના હાથમાં કામ નથી. વેપારીઓ અને દુકાનદારોને ડર અને ભ્રષ્ટાચાર વિના જીવવાનો અધિકાર નથી મળી રહ્યો, નાના-મધ્યમ ઉદ્યોગપતિઓને ED અને ઈન્કમટેક્સના ભય વિના ધંધો કરવાનો અધિકાર નથી મળી રહ્યો. આખો દેશ અત્યારે ત્રાહિમામ પોકારી ઉઠ્યો છે. દિલ્હી અને ગુજરાતની સરકારમાં બેઠેલા લોકોએ દેશના સંવિધાન અને સંવિધાનિક સંસ્થાઓ પર હુમલો કર્યો છે.

બાબા સાહેબ આંબેડકરે રાજનીતિક સમાનતાની સાથે સાથે આર્થિક સમાનતાની વાત કરી હતી. આજે ન્યાયની પરિકલ્પના જે મહાત્મા ગાંધી, સરદાર પટેલ, બાબાસાહેબ આંબેડકરએ કરી હતી તેના પર પણ હુમલો કરવામાં આવી રહ્યો છે. ગુજરાત અને દેશના નાગરિકોએ સંવિધાનની સુરક્ષા માટે કવચ બનીને આ લોકો સામે ઊભા રહેવું પડશે તો જ સરકારના ના પાક ઈરાદાઓને નિષ્ફળ કરી શકીશું. જે સંકલ્પ કોંગ્રેસના નેતાઓએ પણ લીધો છે.

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના બબ્બર શેર તડકો હોવા છતાં બેઠા છે. ચૂંટણી કે રાજકીય કાર્યક્રમ માટે નહીં લોકોના મતનો અધિકાર બચાવવા માટે સંવિધાન રક્ષા માર્ચ યોજવામાં આવી રહી છે. આઝાદી પછી કોઈના પણ બંધારણ અધિકારની વાત આવી, કોઈએ લોકશાહી હનન કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેનો અવાજ કોંગ્રેસે ઉઠાવ્યો છે. લોકશાહી ખતમ થઈ જાય અને મુઠ્ઠીભર લોકોના હાથમાં સાશન આવે તેવો પ્રયાસ કરવામાં આવતા બંધારણને બચાવવા માટે કોંગ્રેસ લડત ચાલુ રાખશે. બંધારણે બોલવાની અને લખવાની આઝાદી આપી છે પણ ગુજરાતમાં ભાજપના નેતાઓ સામે કોઈ સોશિયલ મીડિયામાં લખે કે કોઈ ઈન્ટરવ્યુ આપે તો તાત્કાલિક કટોકટી હોય તે રીતે લોકોના અધિકાર ખતમ કરવા પોલીસ આગળ આવી જાય છે. 'વોટ બચાવો દેશ બચાવો'ના નારા સાથે એક-એક ગામમાં જઈશું. વોટ રક્ષકની નિમણૂક કરી એક પણ વ્યક્તિનો બંધારણનો અધિકાર ન છીનવાઈ તે માટે જમીન પર જઈને કામ કરીશું.

વિધાનસભાના કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરીએ જણાવ્યું કે, આ સરકાર કે કોઈના ધારાસભ્ય બનવા માટેની માર્ચ નથી, બંધારણ બચાવવા માટેની માર્ચ છે. આપડા અસ્તિત્વને ટકાવવા માટે સંવિધાન માર્ચ યોજવામાં આવી રહી છે.

પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, 200 વર્ષમાં અંગ્રેજોએ દેશને જેટલો લૂંટ્યો હતો તેના કરતા વધારે માત્ર 12 વર્ષમાં ભાજપે દેશને લૂંટ્યો છે.

'વોટ ચોર કહા મિલેગા બીજેપી કે દફ્તર મેં'ના નારા લગાવી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રજીનામાની માંગ કરાઈ છે.

## સોમથી શનિ ₹120 અને શનિ-રવિ ₹150 રાખવાની દરખાસ્ત, ગત વર્ષ કરતા ₹40-50નો વધારો સૂચવાયો

### રિવરફ્રન્ટ ફ્લાવર શોની ટિકિટના દર નક્કી કરાયા

(એજન્સી) અમદાવાદ | તા. 25

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર આગામી જાન્યુઆરી 2027માં યોજાનારા ઈન્ટરનેશનલ ફ્લાવર શો માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને પ્રવેશ ટિકિટના નવા દર નક્કી કરવામાં આવ્યા છે. જે અંતર્ગત 12 વર્ષથી ઉપરના મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર દરમિયાન રૂ. 120 અને શનિવાર-રવિવારે રૂ. 150 ટિકિટ રાખવાની દરખાસ્ત 25 નવેમ્બરે મળનારી રીક્રિએશન કમિટીમાં રજૂ કરવામાં આવી છે.

આશરે એક મહિના સુધી ચાલતા અને રૂ. 15થી 17 કરોડના ખર્ચે તૈયાર થતા આ ફ્લાવર શોમાં વિવિધ ફૂલોની પ્રતિકૃતિઓ અને થીમ આધારિત આકર્ષણો મૂકવામાં આવે છે. વર્ષ 2026માં ફ્લાવર શોની સામાન્ય ટિકિટ સોમથી શુક્રવાર રૂ. 80 અને શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે રૂ. 100 હતી, જ્યારે 2025માં આ દર અનુક્રમે રૂ. 70 અને રૂ. 100 રાખવામાં આવ્યા હતા, જેની સામે આ વખતે દરમાં વધારો સૂચવાયો છે. જોકે રીક્રિએશન કમિટીના ચેરમેન દ્વારા આ દરમાં વધારો-ઘટાડો થઈ શકે છે.

ફ્લાવર શોની સાથે અટલબ્રિજની મુલાકાત લેવાની ઇચ્છા ધરાવતા લોકો માટે અગાઉ કોમ્બો ટિકિટનો વિકલ્પ પણ આપવામાં આવ્યો હતો. ખાસ કરીને 2026માં ફ્લાવર શોની સામાન્ય ટિકિટથી અલગ ફ્લાવર શો અને અટલબ્રિજ બંનેની મુલાકાત માટે સંયુક્ત ટિકિટની વ્યવસ્થા હતી. ગત વર્ષે પણ આટલો જ ભાવ વધારો રાખવા માટે હરખાત મુકાઈ હતી. જો કે, ભાવ 80 અને 120 રૂપિયા રાખવામાં આવ્યો હતો, ત્યારે હવે 100 અને 130 રાખવામાં આવી શકે છે.

## 'નીતિન ગડકરી માનસિક સંતુલન ખોઈ બેઠા છે' : પરિવહન મંત્રીના રાજીનામાની માગ સાથે રિક્ષા-ટેક્સી ચાલકોએ અમદાવાદ RTO કચેરીને ઘેરી : ઓલા-ઉબરની મનમાની સામે રોષ

(એજન્સી) અમદાવાદ | તા. 25

અમદાવાદમાં રિક્ષા અને ટેક્સી ચાલકોએ પોતાના રોજગાર અને હકોના રક્ષણ માટે 'રોજગાર બચાવો આંદોલન' હેઠળ આજે બપોરે 12 વાગ્યે શહેરની RTO કચેરીનો ઘેરાવ કરી વિરોધ પ્રદર્શન કર્યું છે. ઓલા-ઉબર જેવી એગ્રીગેટર કંપનીઓની ભાડા નીતિ અને સફેદ નંબર પ્લેટ ધરાવતા વાહનોના ગેરકાયદેસર કોમર્શિયલ ઉપયોગ સામે આક્રોશ વ્યક્ત કરી, ચાલકોએ સરકાર સમક્ષ યોગ્ય ભાડા નીતિ ઘડવા અને કડક કાર્યવાહી કરવાની માગણી કરી છે.

વિરોધ પ્રદર્શન કરી રહેલા રિક્ષા અને ટેક્સી ચાલકોએ ઓલા-ઉબર જેવી એગ્રીગેટર કંપનીઓની મનમાની, ઓછું ભાડું ચૂકવવાની નીતિ તેમજ બાઈક ટેક્સીના ગેરકાયદે સંચાલન સામે રોષ વ્યક્ત કર્યો છે. ચાલકોએ આક્ષેપ કર્યો છે કે, એગ્રીગેટર કંપનીઓ પાસે જરૂરી લાયસન્સ પણ નથી, તેથી સરકારે યોગ્ય ભાડા નીતિ બનાવી ગેરકાયદે ચાલતી બાઈક ટેક્સી સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે અગાઉ દિવાળી પૂર્વે પણ ગેરકાયદેસર બાઈક અને ટેક્સીને રિટેઈન કરવામાં આવી હતી.

ગુજરાત ઓટો રિક્ષા ફેડરેશનના મહામંત્રી અને ટ્રસ્ટી સાજિદ મકરાણીએ જણાવ્યું કે, દોઢ મહિના અગાઉ અમારા અમદાવાદ જિલ્લાના તમામ રિક્ષા યુનિયનોના આગેવાનો અને ગુજરાતના આગેવાનો દ્વારા સરકારના પ્રતિનિધિ એવા વાહન વ્યવહાર કમિશનર સાહેબ જોડે મીટિંગ થઈ. અમે એમને એક સવાલ કર્યો કે, મોટર વ્હીકલ એક્ટ 1988થી આજ દિન સુધી એવો કોઈ ફેરફાર થયો છે કે, જે નોન-ટ્રાન્સપોર્ટ વ્હીકલ હોય, સફેદ નંબર પ્લેટ વાળી, એને ટેક્સીમાં ચલાવી શકે? તો એમને અમારો જવાબ આપ્યો નહીં. આ સરકાર અને નીતિન ગડકરી માનસિક સંતુલન ખોઈ ચૂક્યા છે. આટલી બધી વસ્તુ જો અમે સામાન્ય રિક્ષા યુનિયનના આગેવાનો અને ફેડરેશનના આગેવાનો જાણતા હોઈએ, તો પછી આવા તઘલખી અને મનસ્વી નિર્ણયો તેઓ કેમ લે છે?.

એટલે મારું નીતિન ગડકરી સાહેબ હોય કે આ દેશના વડાપ્રધાન હોય કે આ દેશના વાહન વ્યવહાર મંત્રી હોય એમને એક જ કહેવું છે કે, આ દેશની અંદર 25 કરોડ કોમર્શિયલ વાહનો છે, 8 કરોડ નોન-કોમર્શિયલ એટલે કે ધોળી નંબર પ્લેટ વાળા ટુ-વ્હીલરો છે, અને દર વર્ષે 10 લાખ કોમર્શિયલ પીળી નંબર પ્લેટ વાળા વાહનો બહાર આવે છે. તો આ જે બંનેનો તફાવત છે એ તફાવત એક મીડિયાના માધ્યમથી હું લોકો સુધી અને અધિકારીઓ સુધી પહોંચાડવા માંગુ છું.

કોમર્શિયલ વાહનનો ઈન્સ્યોરન્સ હોય એ 20,000નો આવતો હોય છે. એની અંદર બેસનાર તમામ પેસેન્જરોની સેફ્ટીઓ આવતી હોય છે. અને નોન-કોમર્શિયલ વાહન બાઈક હોય એનો ઈન્સ્યોરન્સ 700થી 800નો આવતો હોય છે. થર્ડ પાર્ટી અને ફૂલ આવતો હોય 1,500થી 1,700, જેની અંદર ફક્ત બાઈક ચલાવવા વાળાનું અને એના ઘરનો એક વ્યક્તિ બેસે એનો ઈન્સ્યોરન્સ આવતો હોય. જ્યારે માનો કે કોઈ એવો એક્સિડન્ટ થાય અને બાઈકની પાછળ બેસવા વાળું કોઈ પેસેન્જર ફેટલ (મૃત્યુ) થઈ જાય, તો વીમા કંપનીની અંદર એવું કોઈ પ્રાધાન્ય મોટર વ્હીકલ એક્ટને લઈને નથી કે એના ઘરના ભરણપોષણનો ઈન્સ્યોરન્સ આપી શકે. જ્યારે ટેક્સી વાહન, રિક્ષાની અંદર કે ફોર વ્હીલરની અંદર મોટર વ્હીકલ એક્ટની જોગવાઈઓ મુજબ અને ઈન્સ્યોરન્સ કંપનીની જોગવાઈઓ મુજબ જે કરાર છે મોટર વ્હીકલ એક્ટના, એના અનુસંધાને અગર એક પેસેન્જર મરે એની કેપેસિટી મુજબ કે પાંચ મરે, તો એ કોઈ સરકારી નોકરિયાત હોય કે કોઈ આમ વ્યક્તિ મજૂરિયાત હોય, એના ઘરના જીવન નિર્વાહ માટે વીમા કંપની એનો એક રૂપિયાથી લઈને 10 કરોડ કે 20 કરોડ સુધીનો જે એની કેટેગરીમાં આવતો હોય એટલો ઈન્સ્યોરન્સ ચૂકવવાનો થાય છે.

## રામાપીર ટેકરાના રહીશોને 15 દિવસ બાદ પણ ઘર ન મળ્યું!: ડ્રો થઈ ગયો છતાં કોર્પોરેશને લાભાર્થીઓને આવાસની ચાવી ન આપી...

(એજન્સી) અમદાવાદ | તા. 25

અમદાવાદના વાડજ વિસ્તારમાં આવેલા રામાપીરના ટેકરા ખાતે પુનઃવસન હેઠળ તૈયાર કરાયેલા આવાસ યોજનાના 1,178 મકાનોનો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે ડ્રો થયાના 15 દિવસ બાદ પણ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લાભાર્થીઓને મકાનની ચાવી સોંપવામાં આવી નથી. દિવાળીની રજાઓના કારણે કોન્ટ્રાક્ટરના માણસો હાજર ન હોવાનો તંત્ર દ્વારા બચાવ કરાઈ રહ્યો છે, જેના પગલે મકાન ફાળવાયા હોવા છતાં 1,178 પરિવારો પોતાના ઘરમાં રહેવા જઈ શક્યા નથી.

ગત 9 નવેમ્બરના રોજ




સેક્ટર-1 સ્થિત અર્બન પાર્કના 646 અને સેક્ટર-5ના 532 મળી કુલ 1,178 મકાનોનો ડ્રો કરી લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવી હતી, પરંતુ ક્યુબ કન્સ્ટ્રક્શન કંપની અને કોર્પોરેશન તંત્ર દ્વારા ચાવી ફાળવણીની પ્રક્રિયા હજુ સુધી પૂર્ણ કરાઈ નથી.

આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ પ્રોજેક્ટ વિભાગના અધિકારી વિજય પ્રિયદર્શીએ જણાવ્યું હતું કે, દિવાળીની રજાઓ વચ્ચે આવી ગઈ હોવાથી વિલંબ થયો હતો, પરંતુ હવે આગામી અઠવાડિયાથી લાભાર્થીઓને ચાવી આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે.

કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરાયેલા આ નવા આવાસોમાં સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્વના એવા એન્ટ્રી ગેટ ઉપર ક્યાંય સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા ન હોવાનું સામે આવ્યું છે.

ફ્લેટના અંદરના ભાગે માત્ર બેથી ચાર જગ્યાએ જ કેમેરા લગાવાયા છે, જેથી સુવિધાઓ અધૂરી હોવા છતાં ઉતાવળે ઉદ્ઘાટન કરી દેવામાં આવ્યું હોવાની ચર્ચા જાગી છે.

## 2010 પહેલાના લાઇસન્સનું રિન્યૂઅલ 4 માસથી બંધ...

અમદાવાદ | અમદાવાદ-વસ્ત્રાલ આરટીઓમાં છેલ્લા 4 મહિનાથી 2010 પહેલાના ડ્રાઇવિંગ લાઇસન્સના રિન્યૂઅલ, વેરિફિકેશન અને એપ્રુવલની કામગીરી ઠપ થઈ ગઈ છે. જેના લીધે અમદાવાદ અને વસ્ત્રાલ આરટીઓ ખાતે દર મહિને અંદાજે 250 જેટલા અરજદારો ધક્કા ખાઈ રહ્યા છે. જો તેમના લાઈસન્સ રિન્યુ નહીં થાય તો તેમણે નવેસરથી લાઈસન્સ માટે અરજી કરવી પડશે, પરીક્ષાની સાથે ડ્રાઈવિંગ ટેસ્ટ આપવો પડશે. વાહન વ્યવહાર કમિશનરે બેકલોગના ઝડપી નિકાલ માટે અમદાવાદ આરટીઓમાં ખાસ 7 આરટીઓ ઇન્સ્પેક્ટરોની નિમણૂક કરી હોવા છતાં લાઇસન્સનું વેરિફિકેશન કે એપ્રુવલ થયું નથી. નિયમ મુજબ ડ્રાઇવિંગ લાઇસન્સ એક્સપાયર થયાના એક વર્ષ સુધીમાં રિન્યુ ન થાય તો તે ઓટોમેટિક કેન્સલ થઈ જાય છે. હાલમાં અરજદારો સમયસર રિન્યૂઅલ કરાવવા માંગે છે, પરંતુ આરટીઓની ટેકનિકલ ખામીને કારણે પ્રક્રિયા અટવાયેલી છે. જો કોઈ વાહનચાલકને અકસ્માત નડે, તો માન્ય લાઇસન્સના અભાવે વીમા કંપની ક્લેમ મંજૂર કરતી નથી.

## પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવામાં આવ્યા



(એજન્સી) અમદાવાદ | તા. 25

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-હરિદ્વાર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નંબર 09425 સાબરમતી-હરિદ્વાર સ્પેશિયલ, જે અગાઉ 23 નવેમ્બર, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે 07 ડિસેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવી છે.ટ્રેન નંબર 09426 હરિદ્વાર-સાબરમતી સ્પેશિયલ, જે અગાઉ 24 નવેમ્બર, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે 08 ડિસેમ્બર, 2026 સુધી લંબાવવામાં આવી છે.ટ્રેન નંબર 09425ના લંબાવવામાં આવેલા ફેરાનું બુકિંગ તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ છે.ટ્રેનના સ્ટોપેજ, કોચની સંરચના તથા સમયપત્રક અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટ પર અવલોકન કરી શકે છે.

## 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં 2.6°C વધારો



અમદાવાદ | ગુજરાતમાં ગુલાબી ઠંડીના માહોલ વચ્ચે છેલ્લા 24 કલાકમાં લઘુતમ તાપમાનમાં 2.6 ડિગ્રીનો વધારો થયો છે. નલિયા 13.8C સાથે સતત બીજા દિવસે રાજ્યનું સૌથી ઠંડુ શહેર રહ્યું. 24 નવેમ્બરે નલિયાનું લઘુતમ તાપમાન 11.2 ડિગ્રી હતું, જેમાં 2.6 ડિગ્રીનો વધારો થયો છે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ, જાન્યુઆરી અથવા ફેબ્રુઆરીથી કડકડતી ઠંડીની શરૂઆત થઈ શકે છે. અત્યારે જે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, તેનું કારણ પવનની દિશા છે. અત્યારે ઉત્તર પૂર્વથી પૂર્વ દિશા તરફના સૂકા અને ઠંડા પવનોને કારણે વહેલી સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

### હવે સુરતથી અમદાવાદના વાહનચાલકો શહેરમાં પ્રવેશ કર્યા વગર સીધા જઈ શકશે

## વડોદરામાં 28 KMનો રીંગ રોડ એક મહિનામાં ખુલ્લો મુકાશે

(એજન્સી) વડોદરા | તા. 25

વડોદરા મહાનગરપાલિકા અને વુડા દ્વારા બનાવાયેલ રીંગ રોડ એક મહિનામાં ખુલ્લો મુકાશે. 28 કિમીના રીંગ રોડની મોટાભાગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સુરતથી અમદાવાદ વચ્ચે પસાર થતા વાહનચાલકો શહેરમાં પ્રવેશ કર્યા વગર સીધા જઈ શકશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા રિવ્યૂ બેઠક બાદ આ માહિતી અપાઈ છે.

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને શહેરના વિવિધ વિકાસલક્ષી કાર્યો અને પ્રાથમિક સુવિધાઓની સમીક્ષા કરવા માટે એક મહત્વપૂર્ણ રિવ્યૂ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં પાલિકાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શહેરના માળખાકીય વિકાસ, સ્વચ્છતા તેમજ જળ વ્યવસ્થાપન જેવા પાયાના મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરે ખાસ કરીને સમગ્ર શહેરમાં સ્વચ્છતા જાળવવા પર વિશેષ ભાર મૂક્યો હતો અને સફાઈ કામગીરીમાં કોઈ પણ પ્રકારની બેદરકારી ન દાખવવા અધિકારીઓને કડક સૂચના આપી હતી.

આ બેઠકમાં શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે

**અંદાજે 28 કિલોમીટર લાંબો રીંગ રોડ કાર્યરત થવાથી સુરત અને અમદાવાદ હાઈવે પરથી પસાર થતા ભારે તેમજ અન્ય વાહનચાલકોને શહેરની અંદર પ્રવેશ્યા વિના જ સીધો બાયપાસ રસ્તો મળી રહેશે. આના પરિણામે વડોદરા શહેરના મુખ્ય માર્ગો પર થતું ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે અને મુસાફરોના સમય તથા ઈંધણની બચત થશે.**

એક મોટા અને રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (વુડા) દ્વારા તૈયાર કરવામાં આવેલો મહત્વાકાંક્ષી રીંગ રોડ આગામી એક મહિનામાં જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે. આ અંદાજે 28 કિલોમીટર લાંબો રીંગ રોડ કાર્યરત થવાથી સુરત અને અમદાવાદ હાઈવે પરથી પસાર થતા ભારે તેમજ અન્ય વાહનચાલકોને શહેરની અંદર પ્રવેશ્યા વિના જ સીધો બાયપાસ રસ્તો મળી રહેશે. આના પરિણામે વડોદરા શહેરના મુખ્ય માર્ગો પર થતું ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે અને મુસાફરોના સમય તથા ઈંધણની બચત થશે.

વધુમાં, રિવ્યૂ બેઠકમાં શહેરના જળ પુરવઠા અને પાણીની સ્થિતિ અંગે પણ વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે હાલના તબક્કે વડોદરાના શહેરીજનોએ પાણીની કોઈ પણ પ્રકારની મુશ્કેલી કે તંગી અંગે ચિંતા કરવાની જરૂર નથી. શહેરને પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટે આજવા સરોવરમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNL) મારફતે નર્મદાનું પાણી ઠાલવીને જળસ્તર મેન્ટેન કરવાની કામગીરી સતત ચાલી રહી છે. આ ઉપરાંત, આગામી સમયમાં એટલે કે ફેબ્રુઆરી અને માર્ચ મહિનાથી શરૂ થતી ઉનાળાની ઋતુ દરમિયાન જો પાણીની માંગ વધે કે કોઈ મુશ્કેલી ઊભી થાય તેવી સ્થિતિ સર્જાય, તો તેને પહોંચી વળવા માટે SSNL પાસેથી વધુ પાણી મેળવવાનું આગોતરું આયોજન અને સંપૂર્ણ તૈયારી પણ પાલિકા તંત્ર દ્વારા કરી લેવામાં આવી છે. આમ, વહીવટી તંત્ર શહેરીજનોને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવા માટે સંપૂર્ણપણે સજ્જ બન્યું છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...